અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
સંજય લીલા ભણશાળીની પાર્ટીમાં રણબીરને કારણે કેટરિના ગેરહાજર

પેજ-09
આ શું થયું? કુલદીપ યાદવને બેન સ્ટોક્સે એવી રીતે બોલ્ડ કર્યો કે...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 21.00 |
| વડોદરા | 35.00 | 21.00 |
| સુરત | 35.00 | 22.00 |


પેજ 5



નાણામંત્રી સીતારમણની આજે ફિનટેક કંપનીઓ સાથે બેઠક...

27 FEBRUARY-2024 TUESDAY

બેનઝીરની નાની પુત્રી આસિફા રાજકારણમાં ઝંપલાવશે



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 72790.13 ▼ | 352.67 |
| નિફ્ટી | 22122.00 ▼ | 090.70 |
| સોનું | 62135.00 ▼ | 210.00 |
| ચાંદી | 69485.00 ▼ | 994.00 |

વર્ષ-13 | અંક-103 | વિક્રમ સંવત-2080 | ફાગણ વદ-03 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# દેશના રેલવે સ્ટેશનો પર એરપોર્ટ જેવી સુવિધાઓ મળશે : PM મોદી

## પીએમ મોદીએ દેશને આપી વિકાસના કાર્યોની ભેટ : રેલવે સ્ટેશન, ઓવરબ્રિજ અને અંડરબ્રિજના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું.....

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

પીએમ મોદી એક એકબાદ વિકાસના કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરી રહ્યા છે. ગઈ કાલે તેઓએ ગુજરાતમાં વિકાસના કાર્યોની ભેટ આપી. ત્યારે હવે PM મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 554 રેલવે સ્ટેશન અને 1500 રોડ ઓવરબ્રિજ/રોડ અન્ડર બ્રિજના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કર્યો છે.

PM નરેન્દ્ર મોદીએ સોમવારે રૂ. 41,000 કરોડથી વધુની કિંમતના લગભગ 2,000 રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. આ દરમિયાન તેમણે કેટલાક પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત પણ કર્યા. મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ’પ્રધાનમંત્રી અમૃત ભારત સ્ટેશન યોજના’ હેઠળ 554 રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કર્યો હતો.




27 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થિત આ સ્ટેશાનોનો 19,000 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવશે. પીએમ મોદીએ વધુમાં સંબોધન કરતા જણાવ્યું કે અંડરબ્રિજ અને ઓવરબ્રિજથી આવન - જાવન સરળ બન્યુ છે. એરપોર્ટ જેવી સુવિધાઓ રેલવે સ્ટેશનો પર મળવાની છે.

### PMએ ભારત ટેક્સ-2024નું કર્યું ઉદ્ઘાટન
## ટેક્નોલોજીને ટ્રેડિશન સાથે જોડી રહ્યું છે ભારત ટેક્સ-2024: PM મોદી

નવી દિલ્હી | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં દેશમાં આયોજિત થનારા અત્યાર સુધીના સૌથી મોટા ગ્લોબલ ટેક્સટાઈલ પ્રોગ્રામમાંથી એક ’ભારત ટેક્સ-2024’નું ઉદ્ઘાટન કરી દીધુ છે. ભારત ટેક્સ-2024 આજે 26 ફેબ્રુઆરીથી શરૂ થશે અને ગુરુવાર 29 ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. વડાપ્રધાન મોદીએ થોડી વાર પહેલા જ તેનું ઉદ્ઘાટન કર્યું છે. દિલ્હીના ભારત મંડપમમાં તેને શરૂ કરવામાં આવ્યુ છે. પીએમ મોદીએ આ એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યા બાદ કહ્યું કે આજનો ઈવેન્ટ માત્ર ટેક્સટાઈલ એક્સ્પો પૂરતો જ નથી. આ આયોજનના એક સૂત્ર સાથે ઘણી બધી બાબતો જોડાયેલી છે. ભારત ટેક્સનું આ સૂત્ર ટેક્નોલોજીને ટ્રેડિશન સાથે જોડી રહ્યું છે.

## દેશ 11માંથી 5મા નંબરનું અર્થતંત્ર બન્યો: PM

**પીએમ મોદીએ જણાવ્યું કે આ વર્ષનું રેલવે બજેટ 2.5 લાખ કરોડથી વધુ રકમનું છે. દેશ 11માંથી 5મા નંબરનું અર્થતંત્ર બન્યો છે. સાથે જ એમ પણ જણાવ્યું કે મોદી ભારતને ઝડપથી વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવશે. પરંતુ સાથે વિપક્ષ પર ટોણો મારતા પણ કહ્યું કે બજેટ ગમે તેટલુ મોટુ હોય પણ કૌભાંડો થાય તો પરિણામ ન મળે. 10 વર્ષમાં મોટા મોટા કૌભાંડો સામે લાવ્યા છીએ.**

## ગઝલ ગાયક પંકજ ઉધાસનું 72 વર્ષની વયે મુંબઇમાં નિધન

### પેનક્રિયાસ કેન્સરથી પીડાતા હતા




### PM મોદીએ શોક વ્યક્ત કર્યો

મુંબઇ | તા.26

પ્રખ્યાત ગઝલ ગાયક પંકજ ઉધાસનું 72 વર્ષની ઉંમરે નિધન થયું છે. તેમની પુત્રી નાયાબ ઉદાસે પિતાની નિધનની માહિતી આપી છે. નાયાબે એક પોસ્ટ લખ્યું છે કે, ‘હું તમને બધાને ખૂબ દુઃખ સાથે જણાવી રહી છું કે, પદ્મશ્રી પંકજ ઉધાસનું 26 ફેબ્રુઆરી-2024ના રોજ નિધન તયું છે. તેઓ લાંબા સમયથી બિમાર હતા.’ પંકજ ઉધાસના પીઆરએ જણાવ્યું કે, તેમનું આજે સવારે 11.00 કલાકે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં નિધન થયું હતું. તેઓ લાંબા સમયથી બિમાર હતા. ઘણા દિવસોથી તેમની તબિયત લથડી હતી. સંગીત કલાકારના નિધનના અહેવાલો સામે આવતા જ બોલિવૂડ જગત સહિત તેમના ચાલકોને પણ આઘાત લાગ્યો છે. તમામ લોકો સોશિયલ મીડિયા પર સંગીતકારને આખરી શ્રદ્ધાંજલી આપી રહ્યા છે.

### ગુજરાતના જેતપુરમાં જન્મ થયો હતો

પંકજ ઉધાસનો જન્મ 17 મે, 1951ના રોજ ગુજરાતના જેતપુરમાં જન્મ થયો હતો. તેઓ એક પ્રખ્યાત ગાયક હતા અને તેમણે દેશ સહિત વિશ્વભરમાં પણ નામના મેળવી છે. ઉધાસે 1980ના દાયકામાં તેમના કરિયરની શરૂઆત કરી હતી તેમના કેટલાક સૌથી પ્રખ્યાત ગીતોમાં ‘ચિઠ્ઠી આઈ હૈ’, ‘ચિત્કારા’, મેં તો કહી દીયા’, ‘તુજે દેખા તો યે જાના સનમ’ અને ‘જિંદગી કા સફર’નો સમાવેશ થાય છે. ઉધાસે ફિલ્મો માટે પણ ઘણા ગીતો ગાયા છે, જેમાં ‘મિર્ચ મસાલા’, ‘સરદાર’ અને ‘દિલ કા રીશતા’નો સમાવેશ થાય છે.

### ગુજરાતી ફિલ્મોમાં પણ તેમનો અવાજ

તેમણે હિન્દી ફિલ્મો ઉપરાંત ગુજરાતી ફિલ્મો અને ટેલિવિઝન શોમાં પણ અવાજ આપ્યો હતો. ઉધાસને તેમના અભિનય માટે અનેક પુરસ્કારો પણ મળ્યા છે. પંકજ ઉધાસ ભારતીય સંગીત ઉદ્યોગના સૌથી પ્રિય અને આદરણીય કલાકારોમાંના એક છે. તેમની પ્રતિભા અને સિદ્ધિઓને હંમેશા યાદ કરવામાં આવશે.

### આજે મુંબઈમાં અંતિમ સંસ્કાર

પંકજ ઉધાસને થોડા સમય માટે તેઓ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા. આ હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મળતી માહિતી મુજબ, પંકજ ઉધાસને થોડા મહિના પહેલા કેન્સર હોવાનું નિદાન થયું હતું અને છેલ્લા કેટલાક મહિનાઓથી તેઓ કોઈને મળતા ન હતા. આવતીકાલે મુંબઈમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

## Quick Read

### દિલ્હી | 'મારાથી ભૂલ થઇ ગઇ'... અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં કેમ માંગવી પડી માફી

નવી દિલ્હી | દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપના આઈટી સેલ વિશે એક વીડિયો રિટ્વીટ કરવા મુદ્દે માફી માંગી છે. કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં સ્વીકાર્યું કે યુટ્યુબર ધ્રુવ રાઠીએ ભાજપના આઈટી સેલ વિશે જે વીડિયો શેર કર્યો હતો તેને રિટ્વીટ કર્યો તે તેમની ભૂલ હતી. અગાઉ દિલ્હી હાઈકોર્ટે આ વીડિયોને રિટ્વીટ કરવા મુદ્દે દાખલ અપરાધિક માનહાનિ કેસમાં ઈશ્યુ થયેલા સમનને યથાવત રાખ્યું હતું. હાઈકોર્ટના ચુકાદાને પડકારતા કેજરીવાલે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

### ઝારખંડ | કોંગ્રેસના એક માત્ર સાંસદે છોડ્યો હાથ, ગીતા કોડા જોડાયા ભાજપમાં

રાંચી | લોકસભાની ચૂંટણી નજીક આવતા જ પક્ષપલટાનો દોર શરૂ થયો છે. હવે ઝારખંડમાં કોંગ્રેસને ઝટકો મળ્યો છે. પાર્ટીના એકમાત્ર સાંસદ ગીતા કોડા ભાજપમાં જોડાયા છે. ગીતા કોડા ઝારખંડ ભાજપ અધ્યક્ષ બાબુલાલ મરાંડી અને વિપક્ષના નેતા અમર બૌરીની હાજરીમાં ભાજપમાં જોડાયા. ગીતા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડાના પત્ની છે. ગીતા સિંહભૂમથી સાંસદ છે. ભાજપમાં જોડાયા બાદ સાંસદ કોડાએ કહ્યું, ‘કોંગ્રેસ કહે છે કે તે બધાને સાથે લઈ જશે. પરંતુ તે માત્ર તેના પરિવારને સાથે લઈને ચાલે છે.

### પ.બંગાળ | સંદેશખાલી કાંડના માસ્ટરમાઇન્ડ શાહજહાં શેખની 7 દિવસમાં ધરપકડ : TMC નેતા

કોલકાતા | સંદેશખાલી ઘટનાના મુખ્ય સૂત્રધાર શેખ શાહજહાંની આગામી સાત દિવસમાં ધરપકડ કરવામાં આવશે. TMC નેતા કુણાલ ઘોષે સોમવારે તેમના X હેન્ડલ પર પોસ્ટ કર્યું. કુણાલ ઘોષે લખ્યું, ’શેખ શાહજહાંની ધરપકડ અંગે અભિષેક સાચો હતો. આ મામલો કોર્ટમાં કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ગયો હતો. વિપક્ષ રાજનીતિ કરી રહ્યો હતો. શાહજહાંની સાત દિવસમાં ધરપકડ કરવામાં આવશે. 5 જાન્યુઆરીએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ પર હુમલા બાદ શેખ શાહજહાં ફરાર છે.

### ઉત્તર પ્રદેશ | બસપાના સાંસદોમાં પક્ષપલટાની હોડ ? માયાવતીને આ નેતાઓ આપી શકે છે ફટકો

લખનૌ | લોકસભાની ચૂંટણી નજીકમાં છે. તેવામાં દરેક પક્ષ પોતાનું પ્રભૂત્વ વધારવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેવામં બસપાના સાંસદોમાં પક્ષમાંથી બહાર નીકળવાની હોડ જામી હોય તેમ લાગી રહ્યું છે. જો કે બે સાંસદોએ પક્ષપલટો કરી લીધો ત્યારે હવે અન્ય બે સાંસદો રાહુલ ગાંધીની ન્યાયયાત્રામાં જોવા મળતા પક્ષ પલટો કરી શકે તેવા સંકેત મળી રહ્યા છે. તો બીજી તરફ શ્યામ સિંહ યાદવની સપા-કોંગ્રેસ સાથેની નિકટતા ઘણી વધી ગઈ છે. ન્યાય યાત્રામાં સામેલ થઈને તેમણે BSPથી અલગ થવાનો પણ સંકેત આપ્યો છે.

### અલ્લાહાબાદ હાઈકોર્ટે મુસ્લિમ પક્ષની અરજી ફગાવી
## જ્ઞાનવાપીમાં હિન્દુઓનો પૂજાનો અધિકાર યથાવત્

અલ્લાહાબાદ | તા.26

જ્ઞાનવાપીમાં મુસ્લિમ પક્ષને જોરદાર ઝટકો લાગ્યો છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે મુસ્લિમ પક્ષની અરજી ફગાવતાં વ્યાસજીના ભોંયરામાં હિન્દુઓને પૂજા કરવાનો અધિકાર યથાવત્ રાખ્યો છે. હવે હિન્દુઓ અહીં પૂજા કરવાનું ચાલુ રાખી શકે છે. આ ચુકાદો મુસ્લિમ પક્ષકારો માટે મોટો ઝટકો મનાઈ રહ્યો છે. તેઓ આ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકારવા વિચારી શકે છે. અગાઉ વારાણસીના જ્ઞાનવાપી મસ્જિદ પરિસરમાં આવેલા વ્યાસજીના ભોંયરામાં પૂજા પાઠ કરવા મામલે અલ્લાહાબાદ હાઈકોર્ટે સુનાવણી કરી હતી. ત્યારે કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. હિન્દુ પક્ષ તરફથી સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ સીએસ વૈદ્યનાથને દલીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘જ્ઞાનવાપીની જમણી બાજુએ ભોંયરું આવેલું છે જ્યાં વર્ષ 1993 સુધી હિન્દુઓ પૂજા કરતા હતા. ઓર્ડર 40 નિયમ 1 સીપીસી



હેઠળ, વારાણસી કોર્ટે ડીએમને રીસીવર તરીકે નિયુક્ત કર્યા હતા. આ નિર્ણય મુસ્લિમોના અધિકારોને કોઈપણ રીતે અસર કરતું નથી કારણ કે મુસ્લિમોએ ક્યારેય ભોંયરામાં નમાઝ અદા કરી નથી.’

અગાઉ વારાણસી જિલ્લા કોર્ટે પણ આ મામલે હિન્દુઓની તરફેણમાં ચુકાદો સંભળાવ્યો હતો. જેની વિરુદ્ધ મુસ્લિમ પક્ષ અલ્લાહાબાદ હાઈકોર્ટ પહોંચ્યો હતો. જોકે અહીંથી પણ તેણે નિરાશ થવું પડ્યું હતું.

### આ સનાતન ધર્મની જીત છે એડવોકેટ પ્રભાસ પાંડે

એડવોકેટ પ્રભાસ પાંડેએ જણાવ્યું કે જિલ્લા ન્યાયાધીશના આદેશ સામે મુસ્લિમ પક્ષે દાખલ કરેલી અરજીઓને ન્યાયાધીશે ફગાવી દીધી હતી...આનો અર્થ એ થયો કે પૂજા જેમ છે તેમ ચાલુ રહેશે. આ અમારા સનાતન ધર્મ માટે એક મોટી જીત છે.. મહત્વનું છે કે હાઈકોર્ટના જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલની સિંગલ જજની બેન્ચે અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટી (AIMC) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. અન્ય એક વકીલ હરિ શંકર જૈને પણ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું હતું અને કહ્યું હતું કે 1993 સુધી વ્યાસ ભોંયરામાં હિન્દુઓ પૂજા કરતા હતા, પરંતુ તેમને ગેરકાયદેસર રીતે અટકાવવામાં આવ્યા હતા.

### લોકસભા પહેલા ચૂંટણી પંચની સ્પષ્ટતા
## આધાર કાર્ડ નહીં હોય તો પણ મતદારો કરી શકશે મતદાન

નવી દિલ્હી | તા.26

આધાર કાર્ડ ન હોવા પર મતદાતાને મત આપવાથી રોકવામાં નહીં આવે. ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે સોમવારે આશ્વાસન આપ્યું કે, આધાર કાર્ડ ન હોવા પર મતદાતાઓને મતદાન કરવાથી રોકવામાં નહીં આવે. તેમાં કહેવાયું છે કે, મતદાતા પોતાનું મતદાન ઓળખ કાર્ડ અથવા કોઈ અન્ય ઓળખ પત્ર બતાવીને પોતાનો મત આપી શકશે. લોકસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં અનેક આધાર કાર્ડ નિષ્ક્રિય થઈ ગયા છે. જેના પર તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ ચિંતા વ્યક્ત કરી હતી, જ્યારબાદ ચૂંટણી પંચે આ આશ્વાસન આપ્યું.



### જિલ્લા ગુપ્ત સમિતિઓના નિર્માણનો મુદ્દો ઉઠાવ્યો

TMCએ ખર્ચની દેખરેખ માટે જિલ્લા ગુપ્ત સમિતિઓના નિર્માણનો મુદ્દો ઉઠાવ્યો. ECIએ નાણાકીય રીતે સંવેદનશીલ વિસ્તારો માટે જિલ્લા ગુપ્ત સમિતિઓ બનાવવાનો નિર્ણય લીધો છે. આ સમિતિઓમાં રાજ્ય અને કેન્દ્રીય બંને એજન્સીઓના સભ્યો હશે, જેમાં પોલીસ, આઈટી, ઉત્પાદ ચાર્જ, જીએસટી અને ઈડી અધિકારી સામેલ હશે.

## ઉ.ગુજરાતમાં આગામી 24 કલાકમાં મિની વાવાઝોડાની અસર

ગાંધીનગર | તા.26

હવામાન વિભાગે ગુજરાત રાજ્યના વાતાવરણ પર આગાહી કરી છે. આગામી પાંચ દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે. રાજ્યના કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહેશે, વાતાવરણના સ્તરમાં વાદળ હોવાથી એ વરસાદી વાદળ નહીં હોય. અમદાવાદમાં વહેલી સવારથી જ ઠંડો પવન સાથે વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વરસાદની કોઈ સંભાવના નથી. ઉત્તર ગુજરાતમાં આગામી 24 કલાક દરમિયાન પવનની ઝડપ 45થી 55 કિલોમીટર પ્રતિ કલાકની રહેશે જેની અસરને કારણે અમદાવાદમાં પણ આવતીકાલ સુધી ઠંડો પવન ફૂંકાઈ શકે છે.

### અંબાડમાં કર્ફ્યુ; ત્રણ જિલ્લામાં નેટ બંધ
## મહારાષ્ટ્રમાં હિંસા ફાટી નીકળી: મરાઠા અનામત મામલે બસને આગ ચાંપી


અંબાડ | તા.26

મહારાષ્ટ્રમાં મરાઠા અનામત મામલે આંદોલનકારીઓએ અંબાડ તાલુકાના તીર્થપુરી શહેરમાં છત્રપતિ શિવાજી મહારાજ ચોક ખાતે રાજ્ય પરિવહનની બસને આગ ચાંપી દીધી હતી. આ પછી મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને પોલીસમાં ફરિયાદ નોંધાવી અને જાલનામાં બસ સેવા રોકી દીધી છે. બીજી તરફ, અંબાડમાં કર્ફ્યુ લગાવી દેવાયો છે અને હિંસાને ફેલાતી રોકવા ત્રણ જિલ્લા અંબાડ, જાલના અને સંભાજીનગરમાં નેટ બંધ કરી દેવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં મરાઠા અનામત મામલે અંબાડ તાલુકામાં હિંસા ફાટી નીકળી હતી. હિંસા દરમિયાન પ્રદર્શનકારીઓએ રાજ્ય પરિવહનની બસને આગ ચાંપી દીધી હતી. કાયદો અને વ્યવસ્થા માટે સલામતી જાળવવા માટે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા અંબડ તાલુકામાં કર્ફ્યુ લગાવી દેવામાં



આવ્યો છે. જાલના જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીકૃષ્ણ પંચાલે કર્ફ્યુ લાદવાનો આદેશ આપ્યો છે. મનોજ જારંગે પાટીલ જાલનાથી પોતાના ગામ સૈરાતી પરત ફર્યા છે. તેઓ મુંબઈ જવાના હતા, પરંતુ ગઈકાલે પોલીસે તેમને જાલના જિલ્લાની સરહદે અટકાવ્યા હતા.

### સરકારના નવા નિયમો...16 વર્ષથી નાના બાળકોને ટ્યૂશન નહીં મોકલાય
## 6 વર્ષથી નાના બાળકને સ્કૂલમાં એડમિશન નહીં



નવી દિલ્હી | તા.26

મોદી સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTs) ને આદેશ આપ્યો છે કે આગામી શૈક્ષણિક સત્ર (2024-25) થી ધોરણ. 1 માં પ્રવેશ માટે બાળકની ઉંમર ઓછામાં ઓછી છ વર્ષથી વધુ હોવી જોઈએ. શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અને મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-2009ની જોગવાઈઓ અનુસાર આ વ્યવસ્થા કરી છે. મંત્રાલયે આ સંબંધમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગને 15 ફેબ્રુઆરીએ પત્ર લખ્યો છે અને 2024-25ના સત્રથી ધોરણ 1 માં પ્રવેશ માટે આ નિયમ લાગુ કરવા જણાવ્યું છે. પરિવર્તન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. છ વર્ષથી નીચેના બાળકોનો માનસિક અને શારીરિક વિકાસ યોગ્ય રીતે પૂર્ણ થયો હોતો નથી. તેમને એક અલગ પ્રકારનું શિક્ષણ વાતાવરણ જોઈએ છે, જ્યાં રમતો અને પ્રવૃત્તિઓ તેમની જિજ્ઞાસાને ઉત્તેજીત કરી શકે અને તેમને કૌશલ્યો શીખવી શકે.

### આ ફેરફારથી શું ફાયદો થશે?

જો બાળકોને યોગ્ય ઉંમરે શાળાનું શિક્ષણ મળે તો તેમનો માનસિક અને શારીરિક વિકાસ સુધરે છે. બાળકોને શીખવા અને સમજવા માટે વધુ સમય મળશે, જે તેમની મૂળભૂત કુશળતા અને જ્ઞાન મેળવવાના સ્તરને મજબૂત કરશે. શાળામાં પ્રવેશ માટે એક વય રાખવાથી શિક્ષણ પ્રણાલીમાં એકરૂપતા આવશે. તેનાથી બાળકો પર અભ્યાસનું દબાણ ઘટશે અને તેઓ વધુ ખુશી અને આત્મવિશ્વાસ સાથે શીખી શકશે. જો તમારું બાળક હજુ છ વર્ષથી નાનું છે, તો ગભરાવાની જરૂર નથી. તમે તેણે કિન્ડરગાર્ટન અથવા પ્રી-સ્કૂલમાં દાખલ કરી શકો છો.

## પેટીએમ પેમેન્ટ બેંકના ચેરમેન પદેથી વિજય શેખરનું રાજીનામું

નવી દિલ્હી | તા.26

ભારતીય રિઝર્વ બેંકની કાર્યવાહી બાદથી Paytm Payment Bankમાં મોટા ફેરફાર જોવા મળી રહ્યા છે. આ વચ્ચે હવે પેટીએમ પેમેન્ટ બેંકના ચેરમેન પદેથી વિજય શેખર શર્માએ રાજીનામું આપી દીધું છે. આ સાથે જ વિજય શેખર શર્માએ પેટીએમ પેમેન્ટ્સ બેંકના બોર્ડથી પણ રાજીનામું આપી દીધું છે. પેટીએમ પેમેન્ટ બેંક પર રિઝર્વ બેંકની કાર્યવાહી બાદથી મોટા ફેરફાર થયા છે. પેટીએમએ સોમવારે પ્રેસ રિલીઝ કરી જણાવ્યું કે કંપનીના ફાઉન્ડર વિજય શેખર શર્માએ પેટીએમ પેમેન્ટ બેંકના પાર્ટ ટાઈમ નોન એક્ઝીક્યૂટિવ ચેરમેનના પદેથી હટાવવાનો નિર્ણય લીધો છે તેની સાથે જ તેમણે PPBLના બોર્ડ સભ્યનું પદ પણ છોડી દીધું છે. વિજય શેખરના રાજીનામાં બાદ પેટીએમ પેમેન્ટ બેંકના નવા બોર્ડની પણ રચના કરાઈ છે.



## બોર્ડ પરીક્ષામાં 33 પૈકી પાંચ ગેરરીતિમાં પોલીસ ફરિયાદની જોગવાઈ

# બોર્ડની પરીક્ષામાં મોબાઇલ જ નહીં, સ્માર્ટ વૉચ લાવશો તો પણ પોલીસ ફરિયાદ થશે

### દર વર્ષે 15થી વધુ વિદ્યાર્થીઓ મોબાઇલ સાથે ઝડપાતા ફરિયાદ દાખલ થાય છે

રાજકોટ | તા.26

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાના એક્શન પ્લાન સાથે ગેરરીતિ બદલ થનાર સજાનું કોષ્ટક પણ જાહેર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા સમયે આચરવામાં આવતી કુલ 33 ગેરરીતિની યાદી અને એ બદલ સજાની જોગવાઈ જાહેર કરાઈ છે. જેમાં કુલ 5 ગેરરીતિ બદલ પોલીસ ફરિયાદની જોગવાઈ કરવામાં આવી છે. સૌથી મહત્ત્વની બાબત છે કે, દર વર્ષે અંદાજે 15થી વધુ વિદ્યાર્થીઓ મોબાઈલ સાથે ઝડપાતાં નિયમ મુજબ પ્રથમ દૃષ્ટિએ જ તેમની સામે ગુનો દાખલ થાય છે.

આથી બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી છે કે, ભૂલથી પણ પરીક્ષાખંડમાં મોબાઈલ સાથે લઈને આવતા નહીં. માત્ર મોબાઈલ જ નહીં સ્માર્ટ વૉચ લાવશો તો પણ પોલીસ ફરિયાદ થશે. કારણ કે, હાલમાં યુવાનોમાં સ્માર્ટ વૉચ પહેરવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. વિદ્યાર્થીઓની ગેરરીતિમાં જ્યાં પોલીસ ફરિયાદની જોગવાઈ કરવામાં આવી છે એમાં જવાબવહી ખંડ નિરીક્ષકને સોંપવામાં ન આવે, ડમી વિદ્યાર્થીને બેસાડવામાં આવ્યો હોય, ઉમેદવાર વર્ગખંડમાં મોબાઈલ અથવા અન્ય પ્રતિબંધિત વિજાણું ઉપકરણો જેવા કે કેમેરાવાળી ઘડિયા, સ્માર્ટ ઘડિયાળ, કેમેરાવાળું કેલ્ક્યુલેટર, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર વગેરે લાવ્યો હોય, પરીક્ષાર્થીને વોટ્સએપ, ઈ-મેઈલ, સોશિયલ મીડિયા દ્વારા પ્રશ્નપત્ર મળ્યાનો સંદેશ પ્રશ્નપત્ર શરૂ થયા અગાઉ મળે કે પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી દ્વારા પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રને લગતી વિગતો, જવાબો ઈલેક્ટ્રોનિક ગેઝેટ કે અન્ય રીતે બહાર મોકલવામાં આવે કે મેળવવામાં આવે તેમજ પરીક્ષાર્થીને બહારથી કોઈ પણ વ્યક્તિ દ્વારા લખાવવામાં આવે અથવા આવ્યં હોય તે સાબિત થાય તો પોલીસ ફરિયાદ નોંધવવામાં આવશે. તેમજ આ પરીક્ષાનું પરિણામ રદ કરવા ઉપરાંત ત્યાર પછીની એક-બે અથવા તો ત્રણ પરીક્ષામાં બેસવા દેવામાં નહી આવે.



#### આચાર્ય, શિક્ષક, ક્લાર્ક, તેમજ પટાવાળા સામે પણ FIRની જોગવાઈ

બોર્ડની પરીક્ષામા આચાર્ય, શિક્ષક, ક્લાર્ક તેમજ પટાવાળાને જુદી જુદી કામગીરી સોંપવામાં આવે છે. આ કામગીરીમાં ગેરરીતિ આચરવામાં આવે તો તેમની સામે પણ પોલીસ ફરિયાદની જોગવાઈ કરવામાં આવી છે. કુલ 5 ગેરરીતિ બદલ પોલીસ ફરિયાદની જોગવાઈ કરવામાં આવી છે. સૌથી મહત્ત્વની બાબત છે કે, દર વર્ષે અંદાજે 15થી વધુ વિદ્યાર્થીઓ મોબાઈલ સાથે ઝડપાતાં નિયમ મુજબ પ્રથમ દૃષ્ટિએ જ તેમની સામે ગુનો દાખલ થાય છે.

## 31 માર્ચથી રાજકોટ-અમદાવાદ વચ્ચે ફ્લાઇટ શરૂ થશે

# રાજકોટ-અમદાવાદ વચ્ચે થશે ફ્લાઈટ શરૂ, અઠવાડિયામાં 6 દિવસ ઉડાન ભરશે

રાજકોટ | તા.26



રાજકોટ-અમદાવાદ વચ્ચે ફલાઇટ શરૂ થશે. જેમાં 31 માર્ચથી રાજકોટ-અમદાવાદ વચ્ચે ફલાઇટ શરૂ થશે. તેમાં ઇન્ડિગોની ફલાઇટ શરૂ કરવામાં આવશે. જેમાં ફ્લાઇટનું બુકિંગ પણ શરૂ થયું છે. તેમાં અઠવાડિયામાં 6 દિવસ ઉડાન ભરશે. તથા રાજકોટ એરપોર્ટ પરથી 3.50 વાગ્યે ટેક ઓફ થશે.

આ રૂટ પર લાંબા સમયથી ફ્લાઈટ સેવા શરૂ કરવાની વાતો વચ્ચે હવે ઈન્ડિગો દ્વારા આગામી 31મી માર્ચથી વિમાન સેવા શરૂ કરવામાં આવી રહી છે અને બુકિંગ વેબસાઈટ પર ફ્લાઈટનું ભાડું રૂ.3160 આસપાસ દર્શાવી રહ્યું છે. ઈન્ડિગોની ફ્લાઈટ 6E 7295 અમદાવાદથી બપોરે 2.35 વાગ્યે ઉડાન ભરશે અને રાજકોટ હિરાસર એરપોર્ટ ઉપર 3.30 વાગ્યે લેન્ડ થશે. જ્યારે રાજકોટ હિરાસર એરપોર્ટ ઉપરથી ફ્લાઈટ 6E 7296 બપોરે 3.50 વાગ્યે ટેક ઓફ થશે અને બપોરે 4.50 વાગ્યે અમદાવાદ એરપોર્ટ ઉપર લેન્ડ થશે.

અમદાવાદીઓ માટે ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા સમર શેડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા 1 વર્ષમાં SGVP એરપોર્ટથી અનેક સીધી ફ્લાઈટો શરુ કરવામાં આવી છે ત્યારે અમદાવાદથી ઔરંગાબાદની બંધ કરેલી ફ્લાઈટને પણ ફરી શરુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 31 માર્ચ, 2024થી આ ફ્લાઈટ શરુ થતા બંને વર્લ્ડ હેરિટેજ સિટી વચ્ચે કનેક્ટિવિટીની સાથોસાથ પ્રવાસીઓ પણ વધશે. તાજેતરમાં જ અમદાવાદથી ગ્વાલિયરની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. તદુપરાંત અમદાવાદથી બેંગ્લોરની કનેક્ટિવિટી વધારવા માટે પણ વિસ્તારા એરલાઈન્સ દ્વારા 15 માર્ચથી દરરોજની બે સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવશે.

# કેટરર્સના ધંધાર્થીએ જાહેરમાં કચરાની ગાડી ખાલી કરી, 5000 રૂપિયાનો દંડ

રાજકોટ | તા.26

રાજકોટ શહેરમાં ન્યૂસન્સ પોઈન્ટ પર રાહદારીઓ ઉપરાંત ધંધાર્થીઓ દ્વારા ભારે કચરો ફેંકવામાં આવે છે. આ માટે મનપાએ અમુક સ્થળોએ કેમેરા ગોઠવ્યા છે જે પૈકી એક કિસ્સામાં કેટરર્સનો ધંધાર્થી પકડાઈ જતા 5000 રૂપિયાનો દંડ કરાયો હતો. શહેરના રૈયા ગામ પાસે આવેલા રૈયા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે મોટા પાયે વધેલો ખોરાક અને કચરો ફેંકાયેલો જાણવા મળ્યો હતો. કોઈ ધંધાર્થી અથવા તો પ્રસંગ બાદ કચરો રાત્રીના સમયે ફેંકાયાનું લાગતા પ્લાન્ટના સીસીટીવી ચેક કરાયા હતા. જેમાં રાત્રીના 9.58 કલાકે એક વાહન આવ્યું હતું. પિકઅપ વાહનમાં



કચરા ભરેલા પાત્રો હતા અને તેને બેથી ત્રણ લોકો ખાલી કરી રહ્યા હતા અને બાદમાં પિકઅપ વાહન ત્યાંથી નીકળી ગયું હતું. વાહન નંબરના આધારે તપાસ કરતા આ વાહન રિયલ કેટરર્સનું હોવાનું જણાયું હતું. જેને લઈને કેટરર્સના સંચાલકને 5000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને નોટિસ પણ આપવામાં આવી હતી.

## પાઈપલાઈન માટે સર્વિસ રોડ ખોદી નાખતા રહેવાસીઓની હાલત કફોડી

# સંકલનનો અભાવ: નેશનલ હાઈવે ખોદી નાખ્યો, બે વર્ષે થીગડાં મરાયા

રાજકોટ | તા.26

રાજકોટ શહેરની કોઠારિયા ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જવું હોય તો નેશનલ હાઈવેના સર્વિસ રોડ પરથી પસાર થતા વાહનોને ટ્રાફિક ઉપરાંત કમર દર્દ અને વાહનની મરામત પણ ભાગે આવે એટલો રોડ બિસ્માર બની ગયો છે. આ રોડ વરસાદ કે કાળક્રમે નહિ પણ ખોદકામ બાદ રિપેરિંગ ન થવાને કારણે થયો છે જેને લઈને લોકો પરેશાન થઈ રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાએ બે વર્ષ પહેલાં આ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન બિછાવવાનું કામ ચાલુ કર્યું હતું જે માટે હાઈવે ઓથોરિટીની મંજૂરી લેવાઈ હતી. ખોદકામ થયા બાદ તુરંત જ રોડ રિપેરિંગ કરાય છે પણ આ કિસ્સામાં મનપાએ કામગીરી કરી નહિ. હાઈવે ઓથોરિટી અને મનપા વચ્ચે કામ કરવાનો મુદ્દો અભેરાઈએ ચડી ગયો જેને કારણે બે વર્ષથી લોકો પીડાઈ રહ્યા છે. આ દરમિયાન રસ્તો એટલો બિસ્માર થયો છે કે લોકોનો રોષ ભભૂકતા મનપાએ હવે થીગડાં મારવાના ભાગરૂપે મેટલ પાથરવાની શરૂઆત કરી છે. રહેવાસીઓએ જણાવ્યું હતું કે, આ મામલે સ્થાનિક કોર્પોરેટરથી માંડી અધિકારીઓ સુધી વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. હવે એવું કહે છે કે, કામ મંજૂર થઈ ગયું છે પણ કોઇ પાર્ટી કામ કરવા તૈયાર નથી! લોકો કહે છે કે, રાહદારીઓ અને આસપાસના વિસ્તારમાં રહેતા રહેવાસીઓ સોસાયટી વાળાઓ અને રોડ ઉપર જ આવેલી દુકાનો ધરાવતા વેપારીઓ હવે ત્રાસી ગયા છે.

# મવડીમાં જર્જરિત ટ્રક બની કચરાપેટી, તંત્રના આંખે પાટા

રાજકોટ | તા.26

મવડીમાં બાપા સીતારામ ચોકથી સ્વામિનારાયણ ગુરુકુળ તરફ જતાં રસ્તા પર એક પ્લોટ નજીક લાંબા સમયથી એક બિનવારસી હાલતમાં જર્જરિત ટ્રક પાર્ક કરી છે, આ ટ્રક લાંબા સમયથી ત્યાં પડી હોવાથી આસપાસના વિસ્તારના લોકો ત્યાં કચરો ફેંકી જાય છે. આ સ્થળે કચરો ફેંકતા લોકો તો ગંદકી માટે જવાબદાર છે જ સાથો સાથ આ ટ્રકને દૂર નહીં કરનાર તંત્ર વાહકો પણ એટલા જ જવાબદાર છે. ચોરી કરેલી ટ્રકનો પાછળનો હિસ્સો બારોબાર વેચી કોઈએ બાકીનો ભાગ અહીં છોડી દીધો હોય તેવું પણ બની શકે, પરંતુ પોલીસને આવી તપાસમાં રસ ન હોય તેવું આ ટ્રકની હાલત પરથી દેખાઈ રહ્યું છે, તો



મહાનગરપાલિકા પણ રસ્તા નજીક લાંબા સમયથી પાર્ક થયેલી આ જર્જરિત ટ્રકને દૂર ખસેડીને ગંદકી થતી અટકાવવા ઈચ્છુક ન હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે, ટ્રક જ્યાં પાર્ક કરી છે તેની નજીકનો પ્લોટ આ વિસ્તારના અગ્રીમ આગેવાનનો છે પરંતુ તેઓ પણ જાગૃતતા દાખવવામાં નિરસ થયા હોય તેવી ચર્ચા આ વિસ્તારના લોકોમાં થઇ રહી છે.

### કોટણામાં મહીસાગરમાં ખનનથી પડેલા ખાડામાં વિદ્યાર્થી ડૂબ્યો

વડોદરા | શહેર નજીક કોટણા ખાતે મહીસાગર નદીમાં ખનિજ માફીયાઓ દ્વારા ગેરકાયદે ખનન કરતા નદીમાં પડેલા ઊંડા ખાડામાં નાહવા પડેલા ખાનગી યુનિવર્સિટીના એક વિદ્યાર્થીને રવિવારે ગ્રામજનોએ ડૂબતા બચાવ્યો હતો. હરણી બોટ દુર્ઘટના બાદ કોટનામાં બીજી દુર્ઘટના થતાં બચી ગઈ હતી. સિંધરોટ નજીક કોટણા ગામના અગ્રણી અને પૂર્વ સરપંચ નીતિનભાઈ ઠક્કરે આ ઘટના અંગે જણાવ્યું હતું કે, રવિવારે બપોરે 12થી 1 વાગ્યા વચ્ચે ખાનગી યુનિ.ના વિદ્યાર્થીઓ કોટણા પાસે નદીમાં ન્હાવા માટે આવ્યા હતા. જેમાં એક યુવક નદીમાં ડૂબવા માંડ્યો હતો. દરમિયાન બૂમાબૂમ થતાં સ્થળ પર હાજર ગ્રામજનોએ આ ડૂબતા યુવકને બચાવી લીધો હતો અને ગોત્રી હોસ્પિટલ ખસેડાયો હતો.

### નવાપુરા પથ્થરમારામાં વધુ 9 આરોપીની ધરપકડ કરાઇ

વડોદરા | નવાપુરા પોલીસ મથકની બહાર શુક્રવારે રાતે સોશિયલ મીડિયામાં શ્રી રામને લઈને કરાયેલી કોમેન્ટના કારણે 2 કોમ વચ્ચે પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં પોલીસે શુક્રવારે 8 આરોપીને ઝડપી પાડ્યા હતા અને કોમ્બિંગ કરી 22ની ઓળખ કરી હતી. જેમાં નવાપુરા પોલીસે વધુ 9 આરોપીઓને ઝડપી પાડ્યા છે. રાજમહેલ રોડ ઊંટ ખાનાના નાકાની પાસે સ્માર્ટ વોચની દુકાનના માલિક જતીન પટેલે ગુરુવારે સ્માર્ટ વોચના પ્રમોશન માટે સોશિયલ મીડિયા પર લાઈવ કરતાં પાદરાના શાહિદે શ્રીરામ અંગે વિવાદાસ્પદ કોમેન્ટ કરતાં મામલો ગરમાયો હતો. બંને કોમના લોકો શુક્રવારે રાતે નવાપુરા પોલીસ મથકની બહાર પહોંચી જતાં મોડી રાતે પથ્થરમારો થયો હતો.

## બાળકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા

# કચ્છના અંજારમાં સ્કૂલ બસને નડ્યો અકસ્માત, 10 બાળકોને ઈજા પહોંચી

ભુજ | તા.26

કચ્છના અંજારમાં સ્કૂલ બસને અકસ્માત નડ્યો છે. જેમાં અકસ્માતમાં 10 જેટલા બાળકોને ઈજાઓ થઈ છે. સતાપર ફાટક પાસે દબડા નજીક અકસ્માત થયો છે. જેમાં બાળકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. અગાઉ સુરતની SVNITના વિદ્યાર્થીઓને લઈને ધરમપુરના ખોબા ગામ ખાતે પ્રવાસે સ્કૂલ બસમાં જઈ રહ્યા હતા. જે દરમ્યાન વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સાદલવેરા ગામ પાસે અચાનક સ્કૂલ બસ પલટી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટના બનતા આજુબાજુના સ્થાનિક લોકો અને રાહદારીઓ ઈજાગ્રસ્તોની મદદે દોડી આવ્યા હતા. અકસ્માતની ઘટનામાં ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવા 108ની ટીમની મદદ લેવાઈ હતી. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સાદલવેરા ગામ પાસે પસાર થતી હતી. જે દરમ્યાન વિદ્યાર્થીઓ ભરેલી સ્કૂલ બસ પલ્ટી ગઈ હતી. અકસ્માત થયો હોવાની જાણ સ્થાનિક લોકો અને રાહદારીઓને થતા તાત્કાલિક ઈજાગ્રસ્તોની મદદે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ ઘટના સ્થળે પહોંચી ચેક કરતા 10થી વધુ વિદ્યાર્થીઓને ઈજાઓ પહોંચી હોવાનું ધ્યાને આવતા તાત્કાલિક અકસ્માતની ઘટનાની જાણ 108 અને ધરમપુર પોલીસની ટીમને કરી હતી. ધરમપુર 108ની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા.



# મુંબઈની કંપનીનું રૂ.53.40 લાખની કસ્ટમ ડ્યુટી ચોરીનું ભોપાળું પકડાયું

સુરત | તા.26

મુંબઈની ગ્લોબલ ક્લીયરન્સ એન્ડ લોજીસ્ટીક કંપનીનું વધુ એક કસ્ટમ ડ્યૂટી ઓછી ભરવાનું 53.40 લાખનું ભોપાળું સામે આવ્યું છે.સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ભગત ટેક્ષટાઈલ નામની કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં હેડ તરીકે નોકરી કરતા હિરલ ભાવસારે ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે ગ્લોબલ ક્લીયરન્સ એન્ડ લોજીસ્ટીક કંપની માલિક કિરણ ભરત ભાનુસાળી, તેને મદદ કરનાર પ્રવિણ માધવજી ભાનુસાળી અને દર્શીત જયેશ ભાનુસાળી (ત્રણેય રહે, બ્રહ્મ નિવાસ, શાંગરીલા. કો. ઓ. સો, સાકીનાકા, મુંબઈ)ની સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે. હાલમાં તપાસ ઈકોસેલને સોંપાઈ છે. 6 માસ પૂર્વે કિરણ ક્રાઈમબ્રાંચમાં પકડાયો હતો. હાલમાં લાજપોર જેલમાં છે. પ્રવિણ અમદાવાદ અને અંકલેશ્વરમાં કસ્ટમ ડ્યૂટી ઓછી બતાવવા મામલે પકડાયો હતો. દર્શિત અમદાવાદ, અંકલેશ્વર અને સુરત તમામ ગુનાઓમાં વોન્ટેડ છે. સચિન હોજીવાલામાં ટેક્સ. કંપનીમાં વિદેશથી સ્પેરપાર્ટસ મંગાવાતા હતા. આ પાર્ટસ મુંબઈથી કસ્ટમ ડ્યૂટી ભરી છોડાવવાના હોય છે. જેના માટે સચિનની કંપનીએ ઈંગ્લેન્ડથી સોરર ફાઈબર સ્પેરપાર્ટસ 47,345 પાઉન્ડમાં મંગાવ્યો હતો.

### ડભોઇમાં માઇનોર તેમજ સબ કેનાલોમાં ઝાડી ઝાંખરાં

ડભોઇ | ડભોઇ તાલુકામાં નર્મદા નિગમ દ્વારા માઈનોર અને સબ કેનાલોમાં સાઠોદ પ્રશાખા નહેરને સાંકળતા 3100 મીટર પાટિયામાં ઝાડી ઝાંખરાં ઉગી નીકળ્યા છે. ઠેર ઠેર કેનાલોની સાફ-સફાઈ કરવામાં આવતી નથી. ખેડૂતોનું કહેવું છે કે કેનાલો ઉપરના ઝાડીઝાંખરાં અને ગાડા બાવળીયા તેમજ મુખ્ય કુંડીમાં ઢગલાબંધ કચરો હોવાને કારણે આગળ પાણી જઈ શકતું નથી. જેથી સાફ-સફાઈ કરવા માંગ ઉઠી છે. ડભોઈ તાલુકામાં ખેતી માટે પાણી પૂરું પાડવા માટે નર્મદા નિગમ દ્વારા માઈનોર અને સબ કેનાલો બનાવવામાં આવી છે. આ કેનાલો દ્વારા ખેડૂતોને પાણી પૂરું પાડવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણા દિવસથી સાઠોદ નહેર અને કુંડીમાં કચરાના ઢગલાને કારણે પાણી આગળ જઈ શકતું ન હોઈ ખેડૂતોને ખેતી માટે પાણી લેવામાં ઘણી તકલીફ પડે છે.

## ધોરાજીમાં બાઇકચાલકનો વિચિત્ર અકસ્માત

# ટ્રકની અડફેટે આવતાં બાઇકનો બુકડો; પિતા-પુત્રનો આબાદ બચાવ



રાજકોટ | તા.26

રાજકોટ શહેર તેમજ જિલ્લામાં અકસ્માતોની સંખ્યા દિવસે-દિવસે વધી રહી છે અને સમયાંતરે અકસ્માત થવાની ઘટનાઓ સામે આવતી હોય છે. જોકે, કહેવત છે કે, 'રામ રાખે તેને કોણ ચાખે' ગઈકાલે રાજકોટ જિલ્લાનાં ધોરાજીમાં આ કહેવતને સાર્થક કરતી એક અકસ્માતની ઘટના સામે આવી હતી. જેમાં એક ટ્રકની અડફેટે આવતા બાઈકનો બુકડો બોલી ગયો હતો. જોકે, આ બાઈક પર સવાર પિતા-પુત્રનો આબાદ બચાવ થયો હતો. શહેરના સ્ટેશન રોડ પર સર્જાયેલા આ વિચિત્ર અકસ્માતનાં CCTV હાલ સામે આવ્યા છે. પ્રાપ્ત વિગત મુજબ ધોરાજીનાં સ્ટેશન રોડ પર આવેલ મહાકાળી લોજ પાસે એક પિતા અને પુત્ર તેના બાઇકમાં બેસી કામ માટે જઈ રહ્યા હતા. તેઓ ચોકમાં જ બાઈક ઉભું રાખી રસ્તો ક્લિયર થવાની રાહ જોઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમની જમણી બાજુએથી આવતા ટ્રકે વળાંક લીધો હતો અને તેઓ કંઈપણ સમજે તે પૂર્વે જ બાઇકને અડફેટે લઈ લેતા બાઈકનો કડુસલો બોલી ગયો હતો. જોકે, સમયસૂચકતા વાપરીને પિતા-પુત્ર બંને નીચે ઉતરી જતા થોડી ક્ષણોમાં બંનેનો આબાદ બચાવ થયો હતો.

### ગણતરીની સેકન્ડોમાં ટ્રક બાઈક પર ફરી વળી

અકસ્માતનાં CCTV પણ સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, સ્ટેશન રોડ પરની મહાકાળી લોજ પાસે બાઈક સવાર પિતા-પુત્ર સામેની તરફ જવા માટે રસ્તો ખુલ્લો થવાની રાહ જોઈ રહ્યા છે. બરાબર આ સમયે સીધો જઈ રહેલો એક ટ્રક તેમની તરફ આવી જાય છે અને ગણતરીની સેકંડોમાં તેમના બાઈક ઉપર ફરી વળે છે. જોકે, આ પહેલા બાઈક સવાર પિતા-પુત્ર નીચે ઉતરી જાય છે. આ અકસ્માતને પગલે લોકોના ટોળેટોળા એકઠા થઇ ગયા હતા. તેમજ ટ્રક ચાલકને ઝડપી લઈ પોલીસને જાણ કરવામાં આવી હતી. હાલ પોલીસે અજાણ્યા ટ્રક ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ‘મન કી બાત’નો કાર્યક્રમ મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ સેકટર-૧૩/ સીમાં બુથ નં-૧૫૦ ખાતે કાઉન્સિલર ગૌરાંગભાઈ વ્યાસના નિવાસસ્થાને કાર્યકર્તાઓ સાથે નિહાળ્યો હતો. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી જળસંરક્ષણ, પ્રાકૃતિક ખેતી સહિતના વિવિધ ઊર્જાવાન વિચારો થકી હરહંમેશ આપણને માર્ગદર્શન આપે છે. આ કાર્યક્રમમાં કાઉન્સિલરઓ, હોદેદારઓ તેમજ લોકો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સંત શિરોમણી, વર્તમાનના વર્ધમાન, આચાર્ય ૧૦૮ વિદ્યાસાગર મહા મુનિરાજને વિનયાંજલી કાર્યક્રમ દિગંબર જૈન સમાજ ભવન, સેકટર-૨૧ ખાતે યોજાયો. જેમાં મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી મહારાજને ભાવાંજલી અર્પણ કરી હતી. મેયર એ જણાવ્યું હતું કે વિદ્યાસાગર મહારાજનું સમાજ પ્રત્યેનું અમૂલ્ય યોગદાન પેઢીઓ યાદ રાખશે. આ વેળાએ શહેર મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, હોદેદારઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### યોજનાનાં લાભાર્થીઓને છેલ્લા ઘણાં સમયથી કોઈપણ પ્રકારની સુવિધાઓ મળતી નથી

# આયુષ્યમાન કાર્ડમાં જીવલેણ બિમારીની સેવાઓ પુરી પાડવામાં નહી આવતી હોવાની ફરિયાદ

ભાવનગર | ભાવનગર શહેરમાં આયુષ્યમાન કાર્ડમાં જીવલેણ બિમારીની સેવાઓ પુરી પાડવામાં નહી આવતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. યોજનાનાં લાભાર્થીઓને છેલ્લા ઘણાં સમયથી કોઈપણ પ્રકારની સુવિધાઓ મળતી નથી ત્યારે આયુષ્યમાન ભારત કાર્ડમાં અપગ્રેડેશન સહિતની જે કોઈપણ કામગીરી હોય તે સત્વરે કરવા માંગણી કરવામાં આવી છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ પૈકી આયુષ્યમાન ભારત યોજના હાલ કાર્યરત છે, જે લોકોને આરોગ્યની સુવિધા પુરી પાડવા હેતુ છે પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ યોજના અંતર્ગત જે હોસ્પિટલ સાથે ટાઈઅપ હોય તેવી ખાનગી હોસ્પિટલમાં કોઈપણ પ્રકારની જીવલેણ બીમારીની સેવાઓ પુરી પાડવામાં આવી રહી નથી. આ યોજનામાં રૂા. ૧૦ લાખની સહાય મળવાપાત્ર રહેશે અને જીવલેણ બિમારીમાં સહાયરૂપ થશે, જેવી વિવિધ બાબતોએ બણગા ફુંકાતા હોય તેવુ જણાઈ રહયુ છે, કારણ કે આ યોજનાનાં લાભાર્થીઓને છેલ્લા ઘણાં સમયથી કોઈપણ પ્રકારની સુવિધાઓ મળતી નથી તેવી ફરીયાદો ઉઠવા પામી છે. અગાઉ વર્ષ ૨૦૧૮માં કાર્ડ




કઢાવેલ હોય અને તેઓ સહાય મેળવવા માટે જાય છે ત્યારે યેનકેન પ્રકારે તેમને આ સહાય આપવામાં આવતી નથી, તેમના કાર્ડ અપગ્રેડ થયેલ નથી તેવા ઉડાઉ જવાબ આપવામાં આવે છે તો આ મેન્યુઅલ કે ટેકનીકલ જે કોઈપણ ફોલ્ટ હોય તે દુર કરવો જરૂરી છે.

ગરીબ લોકો જીવલેણ બીમારી માટે સારવાર અર્થે જાય છે ત્યારે ફકતને ફકત નિરાશા મળી રહી છે. આ બાબતે સબંધીત અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ ટેકનીકલી ડેટા અપગ્રેડ નહી થવાના કારણો છે જે બાબતને ગંભીરતાથી લેવાની જરૂર છે તો આ બાબતે આયુષ્યમાન ભારત કાર્ડમાં અપગ્રેડેશન સહીતની જે કોઈપણ કામગીરી હોય તે સત્વરે કરાવવા તથા સબંધીત અધિકારીને તાત્કાલીક સુચના આપી કાર્યવાહી કરવા તાજેતરમાં ગુજરાત રાજયનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં મંત્રી સમક્ષ ભાવનગર મહાપાલિકાનાં કોંગ્રેસના કોર્પોરેટર જસુબેન બારૈયાએ રજુઆત કરી છે.

## “સુવાલી બીચ ફેસ્ટિવલ-2024” વન અને પર્યાવરણ રાજ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત બે દિવસીય “સુવાલી બીચ ફેસ્ટિવલ-2024”ને કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશની ઉપસ્થિતિમાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની સહ ઉપસ્થિતિમાં ખૂલ્લો મૂકવામાં આવ્યો. આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવા, ચોર્યાસીના ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની પટેલ, ધારાસભ્ય મનુભાઈ પટેલ, મેયર દક્ષેશભાઈ માવાણી, જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, સુમુલ ડેરીના ચેરમેન માનસિંહ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ.બી.પ્રજાપતિ, અધિક પોલીસ કમિશનર કે.એન. ડામોર, તા. પંચાયત પ્રમુખ તૃપ્તિબેન પટેલ,જિલ્લા સંગઠનના પ્રમુખ ભરત રાઠોડ, મામલતદાર નીરવ પરિતોષ, મનપા, જિલ્લા વહીવટી તંત્ર અને પ્રવાસનના અધિકારીઓ અને ગ્રામજનો, મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સરદારધામ સંસ્થામાંથી તાલીમ મેળવી

# સરકારી સેવામાં પસંદગી પામેલ યુવાનોનો અધિકારી સન્માન સમારોહ અમદાવાદ ખાતે યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સરદારધામ સંસ્થામાંથી તાલીમ મેળવી સરકારી સેવામાં પસંદગી પામેલ યુવાનોનો અધિકારી સન્માન સમારોહ સરદારધામ અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે સરકારી સેવામાં પસંદગી પામેલ અધિકારીઓને એવોર્ડથી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે સરદાર ધામમાં મેડિકલ સેન્ટરનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, સરદાર ધામનું નિર્માણ જે ઉદ્દેશ સાથે થયું હતું, તે સંસ્થાના યુવાનોની ઉપલબ્ધિ જોઈને પરિપૂર્ણ થતું દેખાઈ રહ્યું છે. સરદાર ધામનું નિર્માણ પાટીદાર સમાજના એવા લોકોને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યું છે કે, જેમની આર્થિક પરિસ્થિતિ યોગ્ય ન હોય અને શિક્ષણનું સાચું માર્ગદર્શન



પ્રાપ્ત ન થતું હોય જેથી તેવા લોકોને સાચું માર્ગદર્શન આપી આગળ વધારી શકાય અને વિકાસની હરોળમાં લાવી શકાય તે ઉદ્દેશને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે, અને આજે અન્ય સ્થળો પર પણ સરદાર ધામ સંસ્થાની વિવિધ શાખાઓનું કામ ચાલુ છે તે સરાહનીય બાબત છે તેમ તેમણે જણાવ્યું હતું. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, વિદ્યાની પ્રાપ્તિ એ વ્યક્તિ માટે આજીવિકાનું સાધન બનાવે છે. વિદ્યા એ કામ કરવાની ક્ષમતા વધારે છે, બુદ્ધિ અને વિવેક અપાવે છે અને આ તમામ પાસાઓ થકી વ્યક્તિ- સમાજનો વિકાસ કરાવે છે. વિદ્યા એવી બાબત છે કે, જેને કોઈ ચોર ચોરી કરી શકતો નથી, સમાજમાં જેમ સંપત્તિના ભાગલા થાય છે તેમ વ્યક્તિની વિદ્યાના ભાગલા કરી શકાતા નથી તેથી વિદ્યા એ બહુમૂલ્ય છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સરદાર વલ્લભભાઈ પટેલની વાત કરતા જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે ભારત દેશની આઝાદી પછી તમામ રાજા રજવાડાઓ અને વિવિધ પ્રદેશના કુલ 562 જેટલા લોકોનું એકત્રીકરણ કરી ભારત દેશનું નિર્માણ કર્યું હતું. તેમજ વધુમાં કહ્યું કે, આઝાદી પછી રાષ્ટ્રનું કોઈ મહાપુરુષે નિર્માણ કર્યું છે, તો તે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ છે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વધુમાં કહ્યું હતું કે, ગુજરાતની ભૂમિએ સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, સવામી દયાનંદ સરસ્વતી, સરદાર પટેલ, નરસિંહ મહેતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જેવા સમાજ સુધારકો આપ્યા છે, તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

## ભાવનગરમાં અન્નપૂર્ણા સહિતની યોજનાની કામગીરીમાં વિલંબ થતો હોવાની ફરિયાદ

ભાવનગર | ગુજરાત સરકાર દ્વારા ગરીબી રેખા હેઠળનો ગરીબ વર્ગ, મજુર વર્ગ, દિવ્યાંગો તેમજ અમુક મધ્યમ વર્ગનાં લોકો માટે માં અન્નપૂર્ણા યોજના, અંત્યોદય કાર્ડ, એનએફએસએ જેવી વિવિધ યોજનાઓ સરકાર દ્વારા કાર્યરત કરેલ છે, જે યોજનાનો સીધો લાભ લેવા માટે દરેક લાભાર્થીઓ ઈચ્છે છે. આ અંગે લોકો બહોળા પ્રમાણમાં ફોર્મ પણ ભરેલ છે પરંતુ સબંધીત ખાતા મારફત આ કાર્યવાહીમાં ખુબ જ વિલંબ કરવામાં આવે છે.

ભાવનગર શહેરમાં કામગીરીમાં વિલંબના પગલે જરૂરીયાતમંદ માણસોને લાભ લઈ શકતા નથી તેમજ જે લોકોને લાભ મળે છે, તેવા લોકો આકસ્મિક સંજોગોનાં કારણે આ યોજના હેઠળ બે-ત્રણ વખત (કોરોના કાળ દરમિયાન કેટલા લોકો આ યોજનાનો લાભ લઈ શકયા નથી) પુરવઠો નથી લેતા ત્યારે આ કાર્ડ બંધ કરવામાં આવે છે. જે તદ્દન ગેરવ્યાજબી બાબત છે અને આવા લોકો પુનઃ ફોર્મ ભરે છે પરંતુ તેઓના સ્થળ તપાસ કરવામાં આવતા નથી અને વર્ષો સુધી તેઓ પુરવઠો મેળવવાથી વંચિત રહે છે. પરીણામે જે જરૂરીયાતમંદ લોકો ખરેખર આ યોજનાઓ હેઠળ પુરવઠો મળવો જોઈએ તેમને મળતો નથી અને જે લોકોને જરૂરીયાત નથી તેવા લોકોને આ યોજના હેઠળ પુરવઠો મળે છે, જેથી જે લોકો જુદી જુદી યોજનાઓ હેઠળ ફોર્મ ભરે તેઓની સત્વરે સ્થળ તપાસ કરાવી આ યોજના હેઠળ પુરવઠો મળી રહે તે માટે ભાવનગર શહેરનાં મોટા ભાગનાં સ્લમ વિસ્તાર તથા મફતનગરમાં વસવાટ કરતા ગરીબ લોકોનો સર્વે કરવો જરૂરી છે પરંતુ તલાટી મંત્રી દ્વારા સર્વે કરવામાં આવતો નથી.

### સામાજિક કાર્યકરે વચ્ચે બેસીને અનોખો વિરોધ નોંધાવ્યો

# વડોદરા બન્યું ભુવાનગરી: ફતેગંજ રોડ પર વગર વરસાદે જ 24 કલાકમાં બે ભુવા

વડોદરા | તા.26

વડોદરાના વોર્ડ નંબર-3 ફતેગંજ મેઈન રોડ વિસ્તારમાં થોડા દિવસો પહેલા જ રોડનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જ્યાં ગઈકાલે ભૂવો પડ્યો હતો અને આજે પણ પાંચ ફૂટના અંતરે બીજો ભુવો પડતા સિલસિલો યથાવત જોવા મળ્યો હતો. આ ઘટના અંગે સામાજિક કાર્યકર કમલેશ પરમારને જાણ થતાં તેઓએ બે ભૂવાની વચ્ચે બેસીને અનોખી રીતે વિરોધ કર્યો છે.

ફતેગંજ પેટ્રોલપંપની સામેની બાજુ પર ભુવો પડતાં ત્યાંથી પસાર થતાં વાહનચાલકોમાં અકસ્માતની ભીતિ સર્જાઈ હતી. શનિવારે રાત્રીના સમયે એક કાર ફસાઇ જતાં તેને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવી હતી. કાર ફસાઇ તે સમયે ખબર પડી હતી કે, અહીં ભુવો પડ્યો છે. જેથી, રાત્રીના સમયે જ આડશ મૂકી દેવાઇ હતી, જેથી કોઇ ભારદારી વાહન કે અન્ય વાહન ફસાય નહિ. રવિવારના દિવસે પણ



ભુવો પૂરવાની કામગીરી કરાઈ નહોતી. રવિવારની રજા હોવાથી પાલિકાના અધિકારીઓ પણ ફરક્યા નહતા. ફતેગંજ મેઈન રોડ પર ગરબા થાય છે, તે જગ્યા પર જ ભુવો પડ્યો હતો. આજે પણ અહીં બાજુમાં જ બીજો ભુવો પડ્યો છે.

નગરજનોના નાણાનો વેડફાટ

સામાજિક કાર્યકર કમલેશ પરમારે જણાવ્યું હતું કે, વડોદરાના ફતેગંજ મેઈન રોડ પર વોર્ડ નંબર-3માં ગઈકાલે એક ભુવો પડ્યો હતો અને આજે બીજા દિવસે પણ બીજો ભૂવો પડ્યો છે. વગર વરસાદે ભુવો પડે એ વડોદરા શહેર માટે શરમજનક બાબત છે. ટૂંક સમય પહેલા જ આ રોડ બનાવવામાં આવ્યો હતો ત્યારે રોડની આ સ્થિતિ જોઈને નગરજનોના નાણાનો વેડફાટ થઈ રહ્યો હોય એવુ લાગી રહ્યું છે. ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.



### અમીપુર ડેમના સ્ટ્રેન્ધનીંગ એને રીસ્ટોરેશનના કામનું ભુમિપુજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | પોરબંદર અને જુનાગઢ જિલ્લાના પ્રવાસ દરમિયાન અમીપુર ડેમના સ્ટ્રેન્ધનીંગ એને રીસ્ટોરેશનના કામનું ભુમિપુજન તેમજ ઘેડ-૫,૬ પાણી પુરવઠા યોજના સહિત સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગના કામોની સ્થળ પર રૂબરૂ મુલાકાત કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ ધારાસભ્ય તેમજ સ્થાનિક આગેવાનો સાથે લઈ સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી જરૂરી દિશા નિર્દેશ કર્યા.



### દોલતપર-ડોડીયાળા રોડના કામનું ભૂમિપૂજન કરાયું


ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | જસદણ તાલુકાના દોલતપર ખાતે અંદાજીત રકમ રૂ. ૨.૭૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર દોલતપર-ડોડીયાળા (નોન પ્લાન) રોડના કામનું ભુમિપુજન જસદણ-વિંછીયા વિસ્તારના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ કર્યું. આ પ્રસંગે જિલ્લા - તાલુકાના માનનીય હોદ્દેદારો, આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

### બેરોકટોકપણે વગાડાતા ડી.જે. અને વાહનોમાં ફિટ કરાયેલા ભારે હોર્નથી અવાજના પ્રદુષણમાં વધારો

# ભાવનગર શહેર-જિલ્લામાં વસ્તી દરના વધારા સાથે બેકાબૂ બનેલા અવાજના પ્રદુષણ પર નિયંત્રણ જરૂરી

ભાવનગર | ભાવનગર શહેર અને જિલ્લામાં દિન પ્રતિદિન વધી રહેલા વસ્તી વધારાની સાથોસાથ હવે તો ઘરના સભ્યદીઠ વાહનોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે ગીત સંગીત પાછળ વધી રહેલી ઘેલછાને લઈને ડી.જે. તેમજ વાહનોના કર્કશ હોર્નના અવાજનું પ્રદુષણ પણ ચિંતાજનક હદે વધી રહ્યુ છે. તેવા સમયે વાહનોમાં ફિટ કરાયેલા મોટા અવાજવાળા હોર્ન ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી બની ગયેલ છે.

ગોહિલવાડમાં હાલ એકબાજુ ચોતરફ લગ્નસરાની સીઝનનો ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે ત્યારે ભાવનગર શહેર અને જિલ્લામાં ચોમેર આવેલ વિવિધ જ્ઞાતિ, સમાજની વાડી, બોર્ડિંગ, કોમ્યુનિટિ હોલ, પાર્ટીપ્લોટમાં પારિવારિક



અને સમુહ લગ્નોત્સવના ધૂમ આયોજનો થઈ રહ્યા છે. તેને લઈને વરઘોડો, ફૂલેકામાં સરાજાહેર બેરોકટોકપણે ઉંચા અવાજે ડી.જે.નું પ્રમાણ હવે દિન પ્રતિદિન વધી રહ્યુ છે.

શહેરની સાથોસાથ હવે જિલ્લાના વિવિધ તાલુકા મથકોમાં જ નહિ બલકે ગામડાઓમાં પણ હવે ડી.જે.નું આકર્ષણ વધ્યુ છે. ડી.જે.ના ઉંચા અવાજથી આસપાસના વિસ્તારોમાં જ નહિ બલકે રહેણાંકીય સોસાયટીઓમાં પણ રીતસરની ધ્રુજારી અનુભવાય છે. એટલુ જ નહિ વરઘોડામાં ડી.જે.ના ઘોંઘાટથી બહેરાશના રોગમાં વધારો થાય છે તેવા સંજોગોમાં આવા અતિશય અવાજ ફેંકતા લાઉડ સ્પીકરો પર નિયંત્રણ અતિ આવશ્યક બન્યુ છે. ગત જાન્યુઆરી માસમાં મકરસંક્રાંતિના અવસરે અગાશી, ધાબામાં દિવસ દરમિયાન ચોતરફ કર્કશ અવાજવાળા બ્યુગલ, હોર્ન, પીપુડાનો ત્રાસ સ્થાનિક સોસાયટીઓના સિનીયર સિટીઝનોએ સહન કર્યો હતો.હાલ એકબાજુ ધો.૧૦,૧૨ની બોર્ડની અને યુનિવર્સિટીની પરીક્ષા નજદીક આવતા તેની તૈયારીમાં વિદ્યાર્થીઓ વ્યસ્ત છે ત્યારે તેમના ઘર પાસેથી નિકળતા ડી.જે.ના વરઘોડાને લઈને તેઓના કિંમતી સમયનો વ્યય થાય છે. તેમજ ભાવનગરથી રાજકોટ અને અમદાવાદ હાઈવે તેમજ ભાવનગરથી તળાજા-મહુવા હાઈવે પર દિવસ દરમિયાન પસાર થતા નાના મોટા પેસેન્જર વાહનોમાં ફીટ કરાયેલા મોટા હોર્ન ઉપર નિયંત્રણ લેવામાં ન આવતા દિવસ-રાત્રી દરમિયાન ઉપરોકત હાઈવે પરથી પસાર થતા નાના મોટા શટલીયા વાહનોમાં ફિટ કરાયેલા કર્કશ અવાજવાળા હોર્નથી અવાજનું પ્રદુષણ બેફામ બની રહ્યુ છે. શટલીયા વાહનોમાં ડી.જે.ચાલુ બંધ કરવા બાબતે વાહનચાલકો અને મુસાફરો વચ્ચે શાબ્દીક તકરારના બનાવો પણ રોજીંદા બન્યા છે ત્યારે આ ગંભીર બાબતે લોકજાગૃતિની સાથોસાથ કડક કાર્યવાહી પણ અત્યંત જરૂરી બની ગઈ છે.

### 27 ફેબ્રુઆરીએ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં કૌશલ્યા

# ધ સ્કિલ યુનિવર્સિટી અને નિયામક, રોજગાર અને તાલીમના સંયુક્ત ઉપક્રમે રોજગાર મેળો યોજાશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

કેબિનેટ મંત્રી, (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગ, નાગરિક ઉડ્ડયન વિભાગ તેમજ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર) બળવંત સિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી અને નિયામક રોજગાર અને તાલીમના સંયુક્ત ઉપક્રમે કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી, માહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, મેમનગર, વસ્ત્રાપૂર, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ ખાતે રોજગાર મેળો યોજાશે. ગુજરાત સરકારના મંત્રી (રાજ્યકક્ષા) આદિજાતી વિકાસ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમજ ગ્રામોદ્યોગ માનનીય કૂવરજીભાઈ હળપતિ, અધિક મુખ્ય સચિવ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ ડો. અંજુ શર્મા,IAS, તેમજ નામાંકિત ઓધ્યોગિક એકમોના પ્રતિનિધિઓ આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહેવાના છે.

આ ભરતીમેળામાં ૩૦ અગ્રગણ્ય ઉધ્યોગીક એકમો ૨૫૪૨ જગ્યાઓ સાથે હજાર રહેવાના છે. જેમાં મુખ્યત્વે માઈક્રોન સેમીકંડક્ટર, સુઝુકી મોટર્સ, ટાટા મોટર્સ પારલે એલિઝાબેથ ટૂલ્સ જેવા નામાંકિત ઔધ્યોગિક એકમો રોજગારીની તક પૂરી પાડશે. કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી ની સ્કૂલ ઓફ એક્સિલન્સ ઈન સેમિકંડક્ટરના ટેકનૉલોજી પાર્ટનર અને અગ્રગણ્ય ઔધ્યોગિક એકમ માઈક્રોન સેમિકંડક્ટર ટેકનોલોજી ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ રોજગારી આપવામાં આવી રહી છે, જે પૈકી ટોકન સ્વરૂપે ૧૦ ઉમેદવારોને નિમણૂક પત્ર માનનીય મંત્રી, (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગ, નાગરિક ઉડ્ડયન વિભાગ તેમજ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર) બળવંત સિંહ રાજપૂત દ્વારા એનાયત કરવામાં આવનાર છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**વૃષભ (બ,વ,ઉ)**
નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો। બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે.

**મિથુન (ક,છ,ઘ)**
મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે.

**કર્ક (ડ,હ)**
એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો.

**સિંહ (મ,ટ)**
તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી.

**કન્યા (પ,ઠ,ણ)**
ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે.

**તુલા (ર,ત)**
તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે. પરિવારના કોઈ સભ્યના માંદા પાડવાથી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય)**
કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ બેચેન કરી શકે છે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો.

**ધન (ભ,ધ,ફ)**
તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ.

**મકર (ખ,જ)**
તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આખા દિવસમાં તમને સાંજના સમયે અત્યંત વધારે ધન લાભ થઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
ધાર્મિક કાર્યક્રમો માટે દિવસ. તમારા જીવનસાથી આજે તમને ખુશ કરવા માટે ખાસ જહેમત લેશે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
ગ્રહ નક્ષત્રોની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો.

# નાણામંત્રી સીતારમણની આજે ફિનટેક કંપનીઓ સાથે બેઠક:SBI અને NPCI ના અધિકારીઓ પણ હાજર રહેશે

## નાણામંત્રી ફિનટેક કંપનીઓને યોગ્ય રીતે નિયમોનું પાલન કરવા કહેશે

નવી દિલ્હી | તા.26

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લગભગ 20 ફિનટેક કંપનીઓ સાથે રેગ્યુલેટરી મુદ્દાઓ અંગે બેઠક કરશે. આમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ડેપ્યુટી ગવર્નર સહિત વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ થશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, Paytm પેમેન્ટ્સ બેંક આ મીટિંગમાં હાજરી આપે તેવી શક્યતા નથી. નાણા પ્રધાન એમેઝોન પે, ઝેરોધા, લેન્ડિંગ કાર્ટ, પાઈન લેબ્સ અને ક્રેડ જેવી ઘણી જાણીતી ફિનટેક કંપનીઓ સાથે ચર્ચા કરશે. આમાં, KYC ધોરણો અને આ ક્ષેત્રમાં શું નવું કરી શકાય છે તેની પણ ચર્ચા કરવામાં આવશે. દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક SBI અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ના વરિષ્ઠ અધિકારીઓ પણ આ બેઠકમાં હાજર રહેશે.



**નાણામંત્રી કંપનીઓ અને રેગ્યુલેટર વચ્ચે કરાર કરશે:** મીડિયા રિપોર્ટ્સમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવી રહ્યું છે કે, મિટિંગમાં નાણામંત્રી ફિનટેક કંપનીઓને નિયમોનું સંપૂર્ણ રીતે પાલન કરવા માટે કહી શકે છે. આ સાથે આરબીઆઈ અને એનપીસીઆઈ જેવા રેગ્યુલેટરને પણ કહી શકાય કે નિયમોનું ભારણ એટલું ન હોવું જોઈએ કે આ સેક્ટરમાં ઈનોવેશન નિરાશ થવા લાગે.

### હાલમાં આરબીઆઇએ પેટીએમ પેમેન્ટ બેંક પર પ્રતિબંધ મૂક્યો છે

31 જાન્યુઆરીએ આરબીઆઈએ એક સર્ક્યુલર જારી કરીને કહ્યું હતું કે 29 ફેબ્રુઆરી પછી પેટીએમ પેમેન્ટ બેંકના ખાતામાં પૈસા જમા નહીં કરી શકાય. આ બેંક દ્વારા વોલેટ, પ્રીપેડ સેવાઓ, ફાસ્ટેગ અને અન્ય સેવાઓમાં પૈસા જમા કરાવી શકાતા નથી. જો કે, 16 ફેબ્રુઆરીએ નવો પરિપત્ર જારી કરીને આ સમયમર્યાદા 15 માર્ચ સુધી લંબાવી દેવામાં આવી છે. Paytm એ લાખો ગ્રાહકોની KYC નથી કરી. લાખો ખાતાઓનું PAN વેલિડેશન થયું નહોતું. એકથી વધુ ગ્રાહકો માટે સિંગલ પાનનો ઉપયોગ થતો હતો. ઘણી વખત બેંક દ્વારા આરબીઆઈને ખોટી માહિતી આપવામાં આવી હતી. આરબીઆઈને મોટી સંખ્યામાં નિષ્ક્રિય ખાતા પણ મળ્યા હતા.

# સરકારી કંપની SJVN એ J&K માં કરી મોટી ડીલ, લાખો શેરધારકોને મળશે ફાયદો

નવી દિલ્હી | તા.26

વીજ ઉત્પાદનના વ્યવસાયમાં સંકળાયેલી ભારત સરકારના પાવર મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ આવતી SJVN લિમિટેડે 23 ફેબ્રુઆરી 2024 ના રોજ જમ્મુ ખાતે જમ્મુ અને કાશ્મીર પાવર કોર્પોરેશન સાથે 300 મેગાવોટ સોલાર પાવર કેપેસિટી માટે પાવર યુસેજ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે.

આ 300 મેગાવોટ પાવર JKPCLને નિર્માણાધીન 1,000 મેગાવોટ બિકાનેર સોલર પ્રોજેક્ટમાંથી સપ્લાય કરવામાં આવશે જે IREDA ની CPSU સ્કીમ હેઠળ રૂ. 5,491 કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ ડોમેસ્ટિક કન્ટેન્ટ રિક્વાયરમેન્ટ (DCR) મોડ હેઠળ વિકસાવવામાં આવી રહ્યો છે અને તે જુલાઈ, 2024 સુધીમાં કાર્યરત થવાનો છે. આ પ્રોજેક્ટમાંથી પાવર સીધા અથવા ડિસ્કોમ દ્વારા સરકારી ઉપયોગ માટે છે. કંપની 2030 સુધીમાં 25,000 મેગાવોટ અને 2040 સુધીમાં 50,000 મેગાવોટની તેની વહેંચાયેલ વિઝન હાંસલ કરવા માટે ઝડપથી પ્રગતિ કરી રહી છે. આ વહેંચાયેલ વિઝન બિન-અશ્મિભૂત ઈંધણ આધારિત 50% ઊર્જા ઉત્પન્ન કરવાની ભારત સરકારની પ્રતિબદ્ધતા સાથે સુમેળમાં ઘડવામાં આવ્યું છે. કંપનીએ માર્કેટ મૂડી રૂ. 47,275 કરોડ છે, તેમજ કંપનીએ છેલ્લા છ મહિનામાં લગભગ 105.83 ટકા અને છેલ્લા એક વર્ષમાં 279.2 ટકાથી વધુનું સકારાત્મક વળતર આપ્યું છે. 2024માં અત્યાર સુધીમાં તેણે લગભગ 29.2 ટકાનું સકારાત્મક વળતર આપ્યું છે. કંપનીના સ્ટોક બુક વેલ્યુના 3.31 ગણા પર ટ્રેડ થઈ રહી છે. જ્યારે કંપનીના વેચાણની વાત કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં 5.69%ની નબળી વેચાણ વૃદ્ધિ પર છે. કંપનીએ છેલ્લા 3 વર્ષમાં 11.0 % ઓછું ઈક્વિટી પર વળતર ઓ આપ્યું છે.

# Paytmએ ફરી જીત્યો રોકાણકારોનો ભરોસો, લાગી અપર સર્કિટ

મુંબઈ |Paytm એ અગાઉ UPI બિઝનેસ માટે થર્ડ પાર્ટી એપ્લિકેશન પ્રદાતા તરીકે કાર્ય કરવા એક્સિસ બેંક સાથે મળીને NPCI ને અરજી કરી હતી. પરંતુ એવા પણ સમાચાર છે કે HDFC બેંક અને યસ બેંકે પણ Paytm સાથે અરજી કરી છે. આરબીઆઈએ પેટીએમ પેમેન્ટ્સ બેંકને 15 માર્ચ, 2024 પછી તેના ગ્રાહક ખાતા અને વોલેટમાં નાણાં સ્વીકારવા પર પ્રતિબંધ મૂક્યો છે. Paytm Share Price: 26 ફેબ્રુઆરીના રોજ, BSE પર પેટીએમના શેર રૂ. 416.90ના ઉછાળા સાથે ખુલ્યા હતા અને થોડી જ ક્ષણોમાં તે 5 ટકાના ઉછાળા સાથે રૂ. 427.95 પર પહોંચી ગયા હતા. આ સ્તરે સ્ટોક અપર સર્કિટમાં પ્રવેશ્યો છે. ગયા અઠવાડિયે, આરબીઆઈ (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા) એ NPCI (નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) ને પેટીએમની થર્ડ પાર્ટી એપ પ્રોવાઈડર (TPAP) બનવાની વિનંતીની શક્યતા શોધવા માટે કહ્યું હતું. જો Paytm એપને આ મંજૂરી મળી જશે તો તે Google Pay, Amazon Pay જેવી UPI સેવાઓ આપવાનું ચાલુ રાખશે. આ પછી, મોર્ગન સ્ટેનલીએ પેટીએમ સ્ટોક પર શેર દીઠ રૂ. 555ના લક્ષ્ય ભાવ સાથે સમાન વેઈટ કોલ જાળવી રાખ્યો છે. Paytm શેર્સમાં રોકાણકારોના વધતા વિશ્વાસ પાછળ આ વિકાસ મહત્વપૂર્ણ કારણો છે.RBI એ નિવેદનમાં જણાવ્યું હતું કે Paytm પેમેન્ટ્સ બેંક દ્વારા સંચાલિત UPI હેન્ડલનો ઉપયોગ કરીને UPI ગ્રાહકોને કોઈપણ અવરોધ વિના ડિજિટલ પેમેન્ટ કરવા સક્ષમ બનાવવા માટે, NPCI (National Payments Corporation of India) એ Paytm પાસેથી ‘થર્ડ પાર્ટી એપ’ પ્રદાતા બનવાની પરવાનગી માંગી છે. ની શક્યતા ચકાસવા જણાવ્યું છે. કોઈપણ વિક્ષેપને ટાળવા માટે, જો NPCI One97 કોમ્યુનિકેશન્સને તૃતીય પક્ષ એપ્લિકેશન પ્રદાતાનો દરજ્જો આપે છે, તો ‘@paytm’ હેન્ડલ Paytm પેમેન્ટ્સ બેંકમાંથી નવી બેંકોના સેટમાં એકીકૃત રીતે સ્થાનાંતરિત થવું જોઈએ. શેરનો 52-સપ્તાહનો હાઇ રૂ 998.30 અને લો રૂ 318.35 છે. લોઅર પ્રાઇસ બેન્ડ 5% ઘટાડા સાથે રૂ. 387.25 છે. કંપનીનું માર્કેટ કેપ રૂ. 27000 કરોડથી વધુ છે.

# નોટબંધી પછી રૂ. 8897 કરોડ ગયા ક્યાં?, બેંકોમાં રૂ. 2000ની 97.50% નોટો જ જમા થઇ

નવી દિલ્હી | તા.26

RBI 2000 Rupee Notes Deta : દેશમાં વર્ષ 2023માં 19મી મેએ નોટબંધી એટલે કે રૂપિયા 2000ની નોટો ચલણમાંથી બહાર કરાયાને 8 મહિના વિતી ગયા છે, તેમ છતાં હજુ પણ 8897 કરોડ રૂપિયાની નોટો માર્કેટમાં છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) અને સરકારના અથાગ પ્રયાસ અને જાગૃતિ છતાં પણ હુજ સુધી 2.50 ટકા બેન્કિંગ સિસ્ટમમાં પરત ફરી નથી. આરબીઆઈએ જાન્યુઆરી-2024ના અંત સુધીમાં 2000ની કેટલી નોટો પરત ફરી છે, તે અંગેનો ડેટા બહાર પાડ્યો છે. આરબીઆઈના જણાવ્યા મુજબ 31 જાન્યુઆરી-2024 સુધીમાં ચલણમાંથી બહાર કરાયેલી 2000ની 97.50 ટકા નોટો બેન્કિંગ સિસ્ટમમાં પરત આવી ગઈ છે, જ્યારે 2.50 ટકા નોટો એટલે કે 8897 કરોડ રૂપિયા હજુ પણ સિસ્ટમમાં પરત આવ્યા નથી. ઉલ્લેખનિય છે કે, રિઝર્વ બેંકે ગત વર્ષે 2000 રૂપિયાની નોટો બંધ કરી દીધી હતી. તે દરમિયાન 19 મે-2023 સુધીમાં 2000ની નોટોના કુલ 3.56 લાખ કરોડ રૂપિયા ચલણમાં હતાં.

મે મહિનામાં સરકારે નિર્ણય લીધો હતો ભારતીય રિઝર્વ બેન્કે 19 મે-2023માં સૌથી મોટી કરન્સી 2000 રૂપિયાની નોટ પર નિર્ણય લીધો હતો. આને 2000 રૂપિયાની નોટ પરત કરવાની ડેડલાઈન 30 સપ્ટેમ્બર-2023 સુધી નક્કી કરાઈ હતી, જોકે ત્યારબાદ ફરી ડેડલાઈનમાં રાહત આપતા 8 ઓક્ટોબરથી નોટો લેવાનું શરૂ કર્યું. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ 2000 રૂપિયાના નોટને ક્લીન નોટ પોલિસી હેઠળ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi)એ 8 નવેમ્બર 2016એ દેશમાં નોટબંધી (Demonetisation)નું એલાન કર્યુ હતુ ત્યારે 500 અને 1000 ની નોટ ચલણમાં રદ કરી દેવાઈ હતી.રકારના આ નિર્ણયથી દેશમાં ખૂબ હાહાકાર મચી ગયો હતો.

# એનએસએસઓ સરવે:શહેરોમાં ઘરખર્ચ રૂ. 6459, ગામડાંમાં રૂ. 3773; ખર્ચની દૃષ્ટિએ ગુજરાત 7મું



મુંબઈ | તા.26

ઘરમાં અનાજ પાછળ થનારો ખર્ચ ઝડપથી ઘટી રહ્યો છે. પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગૅસ અને વીજળીની સાથેસાથે કપડાંમાં પણ સરખામણીની દૃષ્ટિએ ઓછો ખર્ચ કરાઈ રહ્યો છે. તેની સામે પીણાં અને ટીવી-ફ્રીજ જેવા વપરાશના સામાન પાછળ થનારા ખર્ચમાં ખાસ્સો વધારો જોવા મળી રહ્યો છે. આ ટ્રેન્ડ ગામ અને શહેર, બંનેમાં એકસરખો છે. નેશનલ સેમ્પલ સરવે ઑફિસ (એનએસએસઓ)એ ગામડાં અને શહેરોમાં કરેલા હાઉસહોલ્ડ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર સરવે (એચસીઈએસ), 2022-23માં આ વાત જાણવા મળી હતી. મહત્ત્વનું છે કે 22 વર્ષમાં શહેરો અને ગામડાંમાં થનારા ખર્ચનું અંતર ઝડપથી ઘટી રહ્યું છે. 2022-23માં શહેરી ઘરોનો સરેરાશ માસિક ખર્ચ ગ્રામ્યઘરાના માસિક ખર્ચ કરતાં 71% વધુ હતો અને એ 2010-11માં 81% વધુ હતું. ઉલ્લેખનીય છે કે 11 વર્ષ પછી એનએસએસઓનો સરવે બહાર આવ્યો છે. સરવેમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મફત અનાજ યોજનાઓથી મળતા લાભોને ધ્યાને લેવાયા નથી. નહીંતર આ ખર્ચ વધુ થઈ શક્યો હતો. અહેવાલ પ્રમાણે અનાજ પાછળ ગ્રામ્ય ઘરોનો ખર્ચ 23 વર્ષમાં 22.16%થી ઘટીને 4.89% થયો છે પરંતુ એ સમય દરમિયાન બેવરેજ પાછળ થનારો માસિક ખર્ચ 4.19%થી વધીને 9.62% થયો છે. સિક્કિમમાં ખર્ચ સૌથી વધુ, છત્તીસગઢમાં સૌથી ઓછો સિક્કિમમાં ગામડાંનો ખર્ચ રૂ. 7731 અને શહેરોનો રૂ. 12105 છે. આ આંકડો દેશમાં સૌથી વધુ છે જ્યારે છત્તીસગઢનાં ગામડાંમાં ઘરદીઠ ખર્ચ 2466 અને શહેરોનો 4483 છે, જે સૌથી ઓછો ખર્ચ છે. ગામડાંના ટોપ 5% લોકોનો ખર્ચ રૂ. 10501 અને શહેરના ટોપ 5નો ખર્ચ 20824 રૂપિયા છે. સૌથી ગરીબ 5% લોકોનો ખર્ચ ગામડાંમાં 1373 અને શહેરમાં તેમનો ખર્ચ 2001 રૂપિયા જ છે. 1999-2000માં ગામડામાં ખર્ચનો 59.4% હિસ્સો ખાણીપીણી પાછળ. 2022-23માં ઘટીને 46.3% જ રહ્યો છે.

# લેન્ક્સેસએ ઝગડીયા સાઇટ્સ ખાતે હેનોદિવ(R)ઉત્પાદન પ્લાન્ટનું વિસ્તરણ પૂર્ણ કર્યુ

મુંબઇ | તા.26

સ્પેસિયાલિટી કેમિકલ કંપની લેન્ક્સેસએ ઝગડીયામાં 1 ફેબ્રુઆરી 2024ના રોજ પોતાનીહેનોદીવ® (Rhenodiv®)નું વિસ્તરણ સફળતાપૂર્વક પૂર્ણકર્યુ છે અને તેને કાર્યરત કર્યુ છે. આ નવી સવલત સાથેકંપનીનું હેઇન કેમી યુનિટે તેની ઉત્પાદન કાર્યક્ષમતાનેનોંધપાત્ર રીતે વધારી છે અને તે ભારતીય ઉપખંડો અનેએશિયન ટાયર અને રબરના માલના બજારોની વધી રહેલીમાંગને સંતોષવા માટે સક્ષમ બનશે.

નવી ઉત્પાદન લાઇનમાં અદ્યતન ઇક્વીપમેન્ટ અનેટેકનોલોજીનો સમાવેશ થાય છે, જે લેન્ક્સેસને ઉચીંગુણવત્તાવાળી ટેકનોલોજી ટ્લ્યર રિલીઝ એજન્ટસનુંકાર્યક્ષમતાપૂર્વક ઉત્પાદન કરવાની મંજૂરી આપે છે. લેન્ક્સેસ આવી જ એક સવલત આર્જેન્ટીનામાં પણ ધરાવેછે.

ઊંચુ પ્રદર્શન આપતા ટાયર્સ અને મોલ્ડેડ ઇલાસ્ટોમરપ્રોડક્ટ્સનું ઉત્પાદન અસરકારક રિલીઝ એજન્ટ્સનાવપરાશ પર નિર્ભર છે. પ્રોસેસ સેફ્ટી અને ઓછો સ્ક્રેપ દરટાયર્સ અને મોલ્ડેડ ઇલાસ્ટોમર સાધનોના અસરકારકઉત્પાદન માટે મહત્ત્વના છે. હેનોદીવ® રિલીઝ એજન્ટ્સસખતપણે પાણી આધારિત, સોલ્વન્ટમુક્ત* અનેવોલેટાઇલ ઓર્ગેનિક કંપાઉન્ડ્ઝ (VOCs)થી મુક્ત છે અનેતેથી



પર્યાવરણલક્ષી પણ છે.

લેન્ક્સેસ હેઇનકેમી બિઝનેસ એકમ ઉકેલો, બજારસમજણ, ઉત્પાદન જાણકારી અને વ્યાપક સેવા ધરાવે છે જેતેના ગ્રાહકોને પ્રોસેસ શ્રૃંખલાના પ્રત્યેક તબક્કે ટેકો આપેછે.

આ પ્રગતિ પર ટિપ્પણી કરતા લેન્ક્સેસ એજીનાવ્યવસ્થાપન બોર્ડના સીઇઓ અને ચેરમેન મેથ્થીયાસઝેચર્ટએ જણાવ્યું હતુ કે ‘ભારત અમારા માટે અગત્યનોપ્રદેશ છે અને આ વ્યૂહાત્મક સીમાચિહ્ન આ પ્રદેશમાંનાઅમારા મૂલ્યવાન ગ્રાહકોની વધી રહેલી માંગને પહોંચીવળવા તરફેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ પાડે છે. નવીસવલત ફક્ત અમારી ઉત્પાદન ક્ષમતાને જ વિસ્તૃત બનાવેછે એટલુ જ નહી પરંતુ ભારતીય માર્કેટની પુષ્કળ તકોમાંઅમારો વિશ્વાસ પણ છતો કરે છે.‘ હેઇન કેમી બિઝનેસ એકમના વૈશ્વિક વડા ડૉ. જેન્સ હેન્ડ્રીકફિશરએ જણાવ્યું હતુ કે ‘અમારા ઝગડીયા સાઇટ ખાતેહેનોદીવ® ઉત્પાદન લાઇનનું વિસ્તરણ લેન્ક્સેસ ઇન્ડિયામાટે નોંધપાત્ર સીમાચિહ્નની નિશાની છે. તે રબર ઉદ્યોગમાટેના વિશ્વસનીય ભાગીદાર તરીકેની અમારી સ્થિતિનેવેગ આપે છે અને નવીનતા અને ટકાઉતા તરફે અમારીપ્રતિબદ્ધતાનું નિદર્શન કરે.

# લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસે ઇન્ટરસોલર ઇન્ડિયા 2024 ખાતે નવીનતમ, ટકાઉ એનર્જી-સ્ટોરેજ સોલ્યુશન્સ પ્રદર્શિત કર્યા

ગાંધીનગર | ભારતની અગ્રણી એનર્જી સોલ્યુશન્સ કંપની લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસે ઈન્ટરસોલર ઈન્ડિયા એક્ઝિબિશન એન્ડ કોન્ફરન્સ ખાતે નવીનતમ એનર્જી-સ્ટોરેજ સોલ્યુશન્સ દર્શાવ્યા હતા. ભારતની બદલતી ઊર્જા જરૂરિયાતોને સંતોષવા માટે ગાંધીનગર ખાતે ત્રણ દિવસીય ઈન્ટરસોલર ઈન્ડિયા એક્ઝિબિશન ભારતના ઝડપથી વિકસતા સૌર ઊર્જા ઉદ્યોગ સાથે જોડાવા માટે એક નિર્ણાયક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ ઈવેન્ટ ફોટોવોલ્ટેકનિક, પીવી પ્રોડક્શન અને સોલર થર્મલ ટેક્નોલોજીસ જેવા ક્ષેત્રો પર ધ્યાન આપશે. લ્યુમિનસે વિવિધ શ્રેણીની સોલર પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ તથા એન્ડ-ટુ-એન્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ ક્ષમતાઓનું અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. તે અસરકારક સોલ્યુશન્સ પૂરા પાડવાનું લક્ષ્ય ધરાવે છે જે રેસિડેન્શિયલ, કોમર્શિયલ અને ઇન્ડસ્ટ્રીયલ સેગમેન્ટ્સની અદ્વિતીય જરૂરિયાતોને સંતોષશે. ઈન્ટરસોલર ઈન્ડિયા ખાતે ભાગ લેવા અંગે લ્યુમિનસ પાવર ટેક્નોલોજીસના એનર્જી સોલ્યુશન્સના બિઝનેસ હેડ અને સિનિયર વીપી અમિત શુક્લાએ જણાવ્યું હતું કે “ઈન્ટરસોલર એક્ઝિબિશન એ સૌર ઊર્જાનો લાભ લઈને તેની પ્રગતિ દર્શાવવા માટે દેશ માટે એક ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ છે.

# ભારતની સૌર ઊર્જાની સફરમાં એસએમએ ઇન્ડિયા મોખરે છે

26મી ફેબ્રુઆરી 2024, ગુજરાત: એસએમએ ઈન્ડિયાએ તાજેતરમાં સમાપ્ત થયેલા ઈન્ટરસોલાર ગુજરાત 2024 માં ભાગ લીધો હતો જે 21 થી 23 ફેબ્રુઆરી 2024 ની વચ્ચે ગાંધીનગર, ગુજરાતમાં યોજાયો હતો. ત્રણ દિવસીય ઈવેન્ટ દરમિયાન, એસએમએ એ તેના બે ઉત્પાદનો અને સેવા ક્ષમતાઓ, એસએમએ સન્ની ટ્રાઈપાવર કોર2 અને સન્ની હાઈપાવર પીક3 નું પ્રદર્શન કર્યું, જેમાં એસએમએ ની તેના ગ્રાહકોને વધુ સારી રીતે સેવા આપવા અને ભારતની સૌર યાત્રામાં મુખ્ય ભૂમિકા ભજવવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

# Vi પોસ્ટપેઇડ ગ્રાહકો હવે ઇન્ટરનેશનલ રોમિંગ પેક પહેલેથી બુક કરાવીને રૂ. 19,800 પ્રતિ બેગનું કોમ્પ્લીમેન્ટ્રી ડિલેઇડ અને લોસ્ટ બેગેજ કવર મેળવી શકશે

મુંબઇ | તા.26

કોવિડ પછીના સમયગાળામાં ભારતીયો દુનિયાભરમાં ફરતા વિશાળ પ્રવાસી સમુદાય તરીકે ઊભરી આવ્યા છે. પ્રવાસમાં આવેલા આ હકારાત્મક ઉછાળા સાથે ખોવાઈ જતા કે નુકસાન પામતા સામાનની ચિંતાઓ પણ વધી છે. એરપોર્ટ ટ્રાન્સપોર્ટ કમ્યૂનિકેશન અને આઈટીમાં વિશ્વની અગ્રણી સ્પેશિયાલિસ્ટ એસઆઈટીએના એક રિપોર્ટ મુજબ 2022માં 26 મિલિયન પીસ જેટલો સામાન મોડો પહોંચ્યો હતો, ખોવાયો હતો અથવા નુકસાન પામ્યો હતો. આજે એકંદરે પ્રવાસ અનુભવ વધારવા માટે અસરકારક બેગેજ મેનેજમેન્ટ ખૂબ જ મહત્વની બાબત બની ગઈ છે. અનેક લોકો મુસાફરોના સામાનની સુરક્ષાને પ્રાથમિકતા આપવા માટે સોલ્યુશન્સ શોધી રહ્યા છે ત્યારે અગ્રણી ટેલિકોમ કંપની Vi તેના પોસ્ટપેઈડ આંતરરાષ્ટ્રીય મુસાફરોને ચિંતામુક્ત પ્રવાસ અનુભવ પૂરો પાડવા માટે અમેરિકા સ્થિત લોસ્ટ બેગેજ કન્સીર્જ સર્વિસ કંપની બ્લ્યૂ રિબન બેગ્સ સાથે ભાગીદારી કરીને ઉદ્યોગમાં પ્રથમ કંપની બની છે. Vi પોસ્ટપેઈડ યુઝર્સ 7 એપ્રિલ, 2024 પહેલા આયોજન કરેલા પ્રવાસ માટે ઈન્ટરનેશનલ રોમિંગ (આઈઆર) પહેલેથી બુક કરી શકે છે અને મોડા પડતા કે નુકસાન પામતા સામાન માટે કોમ્પ્લીમેન્ટ્રી કવર મેળવી શકે છે. આ સર્વિસ ફરિયાદ દાખલ કર્યાના 96 કલાકમાં જો સામાન મોડો પડે કે ખોવાઈ જાય તો બેગ દીઠ રૂ. 19,800નું વળતર ઓફર કરે છે. આ એક્સક્લુઝિવ ઓફર 26 ફેબ્રુઆરી, 2024થી શરૂ થતા અને 21 માર્ચ, 2024 સુધીના 10 days @3999, 14 days @4999, and 30-days @5999 જેવા પસંદગીના અનલિમિટેડ ઈન્ટરનેશનલ રોમિંગ પ્લાન્સ પર ઉપલબ્ધ છે. આ ભાગીદારી આધુનિક મુસાફરોની જરૂરિયાતો સંતોષવા માટે વધુ એક મહત્વનું પગલું છે અને તેમને આંતરરાષ્ટ્રીય મુસાફરી દરમિયાન માનસિક શાંતિ અને ખાતરી પૂરી પાડે છે. Vi ગ્રાહક-કેન્દ્રિત નવીનતા પર આ સુવિધા કેવી રીતે મેળવશો? 7 એપ્રિલ, 2024 પહેલાની પ્રવાસની તારીખ માટે 21 માર્ચ, 2024 પહેલા એડવાન્સમાં Vi ઈન્ટરનેશનલ રોમિંગ પેક બુક કરાવો અને તમારી ટ્રિપ માટે મફત બ્લ્યુ રિબન બેગ સર્વિસ મેળવો 10 Days @ Rs.3999, 14 Days @ Rs.4999 and 30 Days @ Rs.5999 જેવા રોમિંગ પેક પર માન્ય તમારી ફ્લાઈટ પકડતા પહેલા બ્લ્યૂ રિબન બેગ્સ સાથે રજિસ્ટર કરાવો એરપોર્ટ પર તમારી બેગ્સ ચેક-ઈન કરો.

### આ નવી ટ્રીટમેન્ટ રજૂ કરવા માટે અમદાવાદમાં હેર શો હાથ ધર્યો હેર શોમાં 100થી વધુ સલૂનિસ્ટે ભાગ લીધો

# ગોદરેજ પ્રોફેશનલ્સે સમગ્ર અમદાવાદ અને ગુજરાતના અગ્રણી સલૂનમાં બોટોસ્મૂથ હેર બોટોક્સ લોન્ચ કરી

અમદાવાદ | તા.26

ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (જીસીપીએલ)ની હેર કેર, કલર, સ્ટાઈલિંગ અને કેરાટિનમાં પ્રોડક્ટ્સ ધરાવતી પ્રોફેશનલ હેર બ્રાન્ડ ગોદરેજ પ્રોફેશનલ્સે તેની નવી હેર બોટોક્સ ટ્રીટમેન્ટ - બોટોસ્મૂધ રજૂ કરી છે જે ગુજરાતમાં અગ્રણી લોકપ્રિય સલૂન્સમાં ગ્રાહકો એક્સેસ કરી શકશે. પ્રોફેશનલ સલૂન બ્રાન્ડે આ હેર બોટોક્સ ટ્રીટમેન્ટ દર્શાવવા માટે હેર શૉ પણ હાથ ધર્યો હતો જેમાં ગુજરાતભરના 100થી વધુ સલૂનિસ્ટ અને સ્ટાઈલિસ્ટ્સ ઉપસ્થિત રહ્યા હતા.

સલૂન પ્રોફેશનલ્સને આ ટ્રીટમેન્ટ વિશે બારીકાઈથી સમજ પૂરી પાડવામાં આવી હતી જેઓ ગ્રાહકો માટે હેર કેર અનુભવોમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે. આ પહેલ નવીનતમ




ટ્રીટમેન્ટ્સ રજૂ કરવાની બ્રાન્ડની પ્રતિબદ્ધતા દર્શાવે છે, ઉપરાંત ઉદ્યોગમાં પ્રોફેશનલ્સને લેટેસ્ટ ટ્રેન્ડ સાથે અપગ્રેડ કરવા માટેનું તેમનું સમર્પણ પણ રજૂ કરે છે. ગોદરેજ પ્રોફેશનલ દ્વારા બોટોસ્મૂધ એક ક્રાંતિકારી ટ્રીટમેન્ટ છે જે તમામ પ્રકારના વાળને પુનઃસ્થાપિત અને પુનર્જિવિત કરે છે.

આ ટ્રીટમેન્ટની સૌથી ધ્યાનાકર્ષક બાબત એ છે કે તેમાં ફોર્માલ્ડિહાઇડનો કોઈ ઉપયોગ કરવામાં આવ્યો નથી જે તેને અન્યની સરખામણીએ વધુ સુરક્ષિત વિકલ્પ બનાવે છે. ફોર્માલ્ડિહાઇડ વિના પણ તે વાળને મુલાયમ, ગૂંચ-વિનાના બનાવે છે અને તેને કુદરતી રીતે સીધા દેખાતા વાળમાં ફેરવે છે જે 30-60 વૉશ સુધી ચાલે છે. અર્ગન ઓઈલ, ગ્રેપ સીડ ઓઈલ, કોકોનટ ઓઈલ, સનફ્લાવર ઓઈલ અને શીયા બટર સહિતના પોષણકર્તા પોષક ઓઈલ્સના મિશ્રણ સાથેની બોટોસ્મૂધ હેર કેર રૂટિનમાં ક્રાંતિ લાવવાનું વચન આપે છે તથા ઉત્કૃષ્ટતાના નવા માપદંડો સ્થાપિત કરીને લોકોને દરરોજ તેમના શ્રેષ્ઠ વાળ અપનાવવા માટે સશક્ત બનાવવાનું વચન આપે છે. ગુજરાતમાં બોટોસ્મૂધના લોન્ચ અંગે ટિપ્પણી કરતા ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (જીસીપીએલ)ના જનરલ મેનેજર અભિનવ ગ્રાંધીએ જણાવ્યું હતું કે “અમે પ્રોફેશનલ હેર કેર કેટેગરીમાં સ્થાપિત હાજરી અને હેરકેર તથા કલરમાં નિપુણતા ધરાવીએ છીએ જેથી અમે હેર બોટોક્સ ટ્રીટમેન્ટ જેવી નવી કેટેગરીમાં પ્રવેશી રહ્યા છીએ.

બોટોસ્મૂધ એ સર્વોત્તમ ફોર્મ્યુલેશન છે જેમાં ફોર્માલ્ડિહાઇડ નથી જેથી મુલાયમ, લાંબો સમય સુધી ટકી રહેતા અને ગૂંચ વિનાના વાળ મળે છે. બોટોસ્મૂધ જેવી ક્રાંતિકારી પ્રોડક્ટ્સ ક્લાયન્ટ્સ માટે સલૂનનો અનુભવ વધારે છે અને સલૂન માલિકો માટે બિઝનેસ વધારવાની તકોને પ્રોત્સાહન આપે છે.”

# ઘરે આ વસ્તુઓનો ઉપયોગ કરી મેળવો હેર સ્પા કરાવ્યું હોય તેવું જ રિઝલ્ટ



અનિયમિત અને દોડધામવાળી જીવનશૈલીના કારણે વાળ ઝડપથી ખરાબ થાય છે. પોષણનો અભાવ, પ્રદૂષણ તેમજ હેર સ્ટાઈલિંગ પ્રોડક્ટનો ઉપયોગ વાળને ડ્રાય અને ડેમેજ કરે છે. વાળની આ સમસ્યાથી મુક્તિ મેળવવાનો સરળ રસ્તો છે હેર સ્પા. જોકે હેર સ્પા ટ્રીટમેન્ટ કરાવવા માટે પાર્લર જોવું મોંઘું પડી શકે છે. તેની સામે તમે ઘરે જ કેટલીક વસ્તુઓનો ઉપયોગ કરીને વાળને સ્પા જેવું પોષણ આપી શકો છો. હેર સ્પા વાળને પોષણ આપવાની ટ્રીટમેન્ટ છે. હેર સ્પામાં સ્કેલ્પની સારી રીતે સફાઈ કરવામાં આવે છે, તેલ માલિશ કરવામાં આવે છે, વાળનું કન્ડિશનિંગ કરવામાં આવે છે અને પછી વાળને સ્ટીમ આપવામાં આવે છે. વાળ પર થતી આ પ્રક્રિયા વાળને સુંદર અને મજબૂત બનાવે છે સાથે જ ડેન્ડ્રફ અને ખરતા વાળની સમસ્યા દૂર કરે છે. હેર સ્પા કરાવવાથી વાળ સોફ્ટ અને ચમકદાર બને છે. હેર સ્પા કરવાથી બ્લડ સર્ક્યુલેશન પણ સુધરે છે જેના કારણે હેર ગ્રોથ વધે છે. હેર સ્પાથી થતા આ બધા જ ફાયદા તમે ઘરે પણ મેળવી શકો છો. પાર્લરમાં વારંવાર સ્પા કરાવવા જવું ખર્ચાળ સાબિત થાય છે આવી સ્થિતિમાં તમે ઘરેલુ વસ્તુઓની મદદથી પણ આ બધા ફાયદા મેળવી શકો છો. તો ચાલો તમને જણાવીએ એવી કઈ કઈ વસ્તુઓ છે જેનો ઉપયોગ કરીને તમે ઘરે જ સ્પા જેવું રીઝલ્ટ મેળવી શકો છો.

## રાઈસ વોટર સ્પા

મોટાભાગના લોકો ચોખા સાફ કરેલું પાણી ફેંકી દેતા હોય છે પરંતુ વાસ્તવમાં આ પાણી પોષક તત્વ થી ભરપૂર હોય છે. આ પાણીનો ઉપયોગ વાળ પર કરશો તો વાળમાં સ્પા કરાવ્યા જેવી ચમક અને મજબૂતી આવશે. તેના માટે સૌથી પહેલા વાળમાં સારી રીતે ઓઈલિંગ કરો. ત્યાર પછી વાળને શેમ્પુથી ધોઈ લો. હવે કન્ડિશનિંગના સ્ટેપ માટે વાળને રાઈસ વોટરથી ધોઈ લો. આ પ્રક્રિયા અઠવાડિયામાં એક વખત કરી લેવાથી ડેન્ડ્રફની સમસ્યા દૂર થઈ જશે.

**વાળ પર થતી આ પ્રક્રિયા વાળને સુંદર અને મજબૂત બનાવે છે સાથે જ ડેન્ડ્રફ અને ખરતા વાળની સમસ્યા દૂર કરે છે.**

**હેર સ્પા વાળને પોષણ આપવાની ટ્રીટમેન્ટ છે. હેર સ્પામાં સ્કેલ્પની સારી રીતે સફાઈ કરવામાં આવે છે, તેલ માલિશ કરવામાં આવે છે**

## એલોવેરા અને ઓલિવ ઓઈલનું માસ્ક

જો તમારા વાળ ડ્રાય હોય તો તેને ચમકદાર બનાવવા માટે તમે ઘરે એલોવેરા અને ઓલિવ ઓઈલનું હેર માસ્ક લગાવવાનું શરૂ કરો. તેના માટે એક કેળાની પેસ્ટ કરી તેમાં એક ચમચી એલોવેરા જેલ અને એક ચમચી ઓલિવ ઓઈલ ઉમેરો. હવે આ મિશ્રણની પેસ્ટ બનાવી અને વાળમાં લગાડો. 20 મિનિટ પછી હુંફાળા પાણીથી વાળ સાફ કરી લો.





## ગ્રીન ટી માસ્ક

જો તમારા વાળ ખૂબ જ ખરે છે તો સ્કેલ્પને સાફ કરવા માટે ગ્રીન ટી માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. તેના માટે ગ્રીન ટી બેગને ગરમ પાણીમાં ઉકાળો. આ પાણીને ઠંડુ કરી લો. ઠંડા કરેલા પાણીને સ્કેલ્પમાં સ્પ્રે બોટલની મદદથી કે કોટનની મદદથી લગાડો અને પછી હળવા હાથે મસાજ કરો. ત્યાર પછી વાળને શેમ્પુ અને કન્ડિશનર કરો.

# દુનિયામાં અન્ય દેશો કરતાં અમેરિકા પાસે સૌથી વધારે હેલિપોર્ટ છે

હેલિકોપ્ટર એક એવું સાધન છે જેનો ઉપયોગ સેના અને નાગરિકો બંને માટે કરવામાં આવે છે. તમે તમારી આસપાસ આકાશમાં હેલિકોપ્ટરને ઊડતું ક્યારેક તો જોયું જ હશે. જ્યારે હેલિકોપ્ટરની શોધ કરવામાં આવી ત્યારે એમાં એક જ વ્યક્તિ બેસી શકતી હતી. સમયની સાથે એમાં પરિવર્તન આવતું ગયું અને હેલિકોપ્ટરમાં વધારે લોકો બેસી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી. આ ઉપરાંત ભારે વજન ઊંચકવા હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો. જંગલમાં લાગેલી આગને ઓલવવા માટે પણ હેલિકોપ્ટરનો ઉપયોગ થાય છે. આવી સ્થિતિમાં હેલિકોપ્ટરની અંદર પાણીથી ભરેલી ટેન્કો મૂકવામાં આવે છે.

એવું કહેવાય છે કે સૌથી પહેલું હેલિકોપ્ટર 1936માં બનાવવામાં આવ્યું હતું. તેને ફોર્કે વુલ્ફ એન્ફડબ્લૂ 61ના નામે ઓળખવામાં આવે છે. જ્યારે 1939માં ઈગોર સિકોરસિ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલું પહેલું પ્રોટોટાઈપ હેલિકોપ્ટર vs-300 નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આજે હેલિકોપ્ટરનો ઉપયોગ પરિવહન, બચાવ અભિયાન, મનોરંજન અને રક્ષા વગેરે માટે કરવામાં આવે છે. જ્યારે હેલિકોપ્ટરનું એન્જિન કોઈ કારણસર બંધ થઇ જાય છે ત્યારે રોટર તેને જમીનમાં ધીરેધીરે લાવવાની પરમિશન લે છે, કારણ કે તે મૂવમેન્ટ કરી શકે છે. આવી સ્થિતિમાં હેલિકોપ્ટર



વિમાનની સરખામણીમાં વધારે સુરક્ષિત હોય છે. હેલિકોપ્ટર વિમાન જેટલી ઝડપથી ઊડી શકતું નથી પરંતુ તેની ગતિ કલાકના 400 કિલોમીટર રેકોર્ડ કરવામાં આવી છે.

એક હેલિકોપ્ટર લેન્ડિંગ વગર સૌથી વધારે અંતર એટલે કે 3562 કિલોમીટર જેટલું અંતર કાપી શકે છે. કહેવાનો અર્થ એ કે એક હેલિકોપ્ટર નીચે ઊતર્યા વગર ભારતમાં કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી સફર કરી શકે છે. પહેલાં કહ્યું એમ હેલ કોપ્ટરનો ઉપયોગ ભારે વસ્તુઓ ઊંચકવા માટે કરવામાં આવે છે. એક રશિયન હેલિકોપ્ટર એમઆઈએલ એમઆઈ 12 હોમર 2255 મીટરની ઊંચાઈ પર 40,


**જંગલમાં લાગેલી આગને ઓલવવા માટે પણ હેલિકોપ્ટરનો ઉપયોગ થાય છે. આવી સ્થિતિમાં હેલિકોપ્ટરની અંદર પાણીથી ભરેલી ટેન્કો મૂકવામાં આવે છે**

204 કિલો વજન ઊંચકી શકે છે. હેલિકોપ્ટરમાં દુર્ઘટના થવાનો ચાન્સ બહુ ઓછો હોય છે, પરંતુ 2002માં ચેચન્યામાં એક હેલિકોપ્ટર દુર્ઘટનાને કારણે 114 યાત્રિકોનાં મૃત્યુ થયાં હતાં. હેલિકોપ્ટરમાં 147 લોકો સવાર હતા, જે હેલિકોપ્ટરની ક્ષમતા કરતાં વધારે હતા. દુનિયામાં અન્ય દેશો કરતાં અમેરિકા પાસે સૌથી વધારે હેલિપોર્ટ છે. હેલિકોપ્ટરમાં મુખ્ય બે રોટર હોય છે. એક રોટર તેને ઉડાવે છે જ્યારે બીજું રોટર તેની પાછળ સાઈડ પૂંછમાં લાગેલું હોય છે. જે હેલિકોપ્ટરનું બેલેન્સ જાળવવામાં મદદ કરે છે. એચ. રોસ પેરોટ જુનિયર અને જેડબ્લ્યૂ કોબર્ને 29 દિવસ 3 કલાક 8 મિનિટ અને 13 સેકન્ડ હોલિકોપ્ટરમાં આખી પૃથ્વી ફરવામાં લાગ્યાં હતાં. આ રીતે તેમણે વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. હેલિકોપ્ટરનો ઉપયોગ મંગળ ગ્રહ પર કરી શકાય કે કેમ? એ અંગે નાસા અભ્યાસ કરી રહ્યું છે.

# ઉનાળામાં વધે છે વપરાશ, આ રીતે ઘરે મેળવો ડેરી જેવું મસ્ત દહીં

ઉનાળાની સીઝન આવતાની સાથે જ દરેક ગુજરાતી ઘરોમાં દહીંનો વપરાશ વધી જાય છે. આ સમયે બહારથી તૈયાર દહીં લાવવાનું દરેક સમયે શક્ય બનતું નથી. આ માટે તમે ઘરે જ માટીના વાસણમાં દહીં મેળવો છો તો તે તમારા સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક બને છે. ગરમીથી બચવા ઉનાળામાં દહીં કે છાશને ભારતીય ભોજનમાં સામેલ કરી લેવામાં આવ્યા છે. ભોજનનો સ્વાદ વધારવા ઉપરાંત તેનો ઉપયોગ ત્વચાની સંભાળ અને વાળની સંભાળમાં પણ થાય છે. કેટલાક લોકો માટે દહીં મેળવવાનું કામ મુશ્કેલીથી ઓછું નથી, તેઓ ગમે તેટલી કોશિશ કરે તો પણ તેઓ દહીંને યોગ્ય રીતે સેટ કરી શકતા નથી. આ માટે જરૂરી છે કે સૌથી પહેલા તમે તમારી ભૂલ પર ધ્યાન આપો કે દહીં કેમ બરાબર સેટ નથી થઈ રહ્યું. આ સાથે કેટલાક લોકોને દહીં સેટ કરવાની સાચી રીત નથી ખબર, જેના કારણે ઘણી વખત દહીં સેટ થઈ શકતું નથી.

ઘણી વખત આપણે દૂધ ઉકાળીએ છીએ અને તરત જ તેમાં મેળવણ ઉમેરી દઈએ છીએ, જેના કારણે દૂધ ફાટી જવાની સ્થિતિમાં આવી જાય છે અને તેમાંથી પાણી અલગ થઈ જાય છે. તેથી ગરમ દૂધમાં દહીં નાખવાની ભૂલ



ક્યારેય ન કરવી. દહીં બનાવતા પહેલા દૂધને ઠંડુ થવા દો અને પછી જ તેમાં દહીં ઉમેરો. જ્યારે તમે દૂધમાં મેળવણ ઉમેરો ત્યારે તેને સારી રીતે એકવાર હલાવી લો તે જરૂરી છે.

કેટલાક લોકો એ જાણવા માટે ઉત્સુક હોય છે કે દહીં સેટ થયું છે કે નહીં. આ ચેક કરવા માટે વાસણનું ઢાંકણું વારંવાર હટાવતા રહે છે, જેનાથી દહીં સેટ કરવાની પ્રક્રિયામાં અવરોધ આવી શકે છે. મહત્વનું છે કે જ્યારે પણ તમે દહીંને સેટ થવા માટે રાખો છો, ત્યારે તેને ઓછામાં ઓછા 8 કલાક સુધી એવી જગ્યાએ રાખો જ્યાં તમારા હાથ તેને સ્પર્શી ન શકે.

દહીં મેળવવુ હોય ત્યારે ખાસ ધ્યાન રાખો કે દૂધ ન તો સંપૂર્ણપણે ગરમ હોવું જોઈએ અને ન તો સંપૂર્ણપણે ઠંડુ હોવું જોઈએ. દૂધનું તાપમાન જાણવા માટે તેમાં એક આંગળી બોળો અને જો આંગળીમાં સહેજ હૂંફ લાગે તો દહીંને સેટ થવા માટે રાખો.

જ્યારે તમે દહીં મેળવો છો ત્યારે દૂધમાં મેળવણ ઉમેર્યા બાદ તેમાં ડીટાં સાથે એક લીલું મરચું ઉમેરી લો. લીલું મરચું તેમાં મૂકવાથી દહીં જલ્દી મળી જાય છે અને સાથે તેમાંથી પાણી અલગ થતું નથી. તમે ડેરી જેવું ઘટ્ટ દહીં ઘરે મેળવી શકો છો. તો આ ટ્રિક પણ કરો ટ્રાય.

# અમદાવાદ પર લક્ષ્મીજીની કૃપા છે : અહીંયા કોઇ માણસ ભૂખ્યું સૂતો નથી...

૨૬ ફેબ્રુઆરી એટલે આપણા સૌ ના અમદાવાદ નો જન્મ દિવસ છે.આ દિવસે યુગો પહેલા અહમદ શાહે અમદાવાદ વસાવ્યું હતું. અહમદ શાહ ના નામ પરથી અમદાવાદ નામ પડ્યું છે.અમદાવાદ નો અર્થ એટલે અમદાવાદ..કહેવાય છે કે અહમદ શાહ એકવાર શિકાર પર નીકળ્યા ત્યારે એણે અદભૂત ઘટના નિહાળી ને અચંબિત થઈ ગયા. શિકારી કૂતરા સસલા પાછળ દોડ્યા ત્યારે સસલા એ ઊભા રહીને આંખ દેખાડી શિકારી કૂતરા ને ભગાડ્યા હતા. આ ઘટના થી અહમદ શાહ ને થયું કે આ જમીન ખાસ છે ને તાત્કાલિક નગર વસાવવા નું નક્કી કર્યું હતું. એ સમયે અમદાવાદ નો વસવાટ એ સાબરમતી નદી ને પેલે પાર એટલે પૂર્વ વિસ્તાર પૂરતું સીમિત હતું. જૂના જમાના માં યુદ્ધ ની સમસ્યા ના લીધે મોટાભાગ ના નગરો એ કિલ્લે બંધ કોટ ની અંદર વસતા હતા. વારંવાર થતા આક્રમણ માં અમદાવાદ અને પ્રજા ને સુરક્ષિત રાખવા માટે અમદાવાદ કિલ્લે બંધ કોટની અંદર વસ્તુ હતું. આ શહેર વસ્યુ એ પહેલાથી ભદ્રકાળી માં એ નગર કુળદેવી હતા ને આજે પણ અમદાવાદ ના કુળદેવી ભદ્ર કાળી જ છે..

...સાબરમતી ના કિનારે સોની સમાજના કુળદેવી લક્ષ્મીજી ના મંદિર વિશે માહિતી અનુસાર લોક વાયકા છે કે મુસ્લિમ શાસકના નગર માં પગ પેસારો કરતાજ નગર ની શ્રી એટલે લક્ષ્મીજી એ અડધી રાત્રે નગર ત્યાગ કરવાનું નકકી કર્યું હતું. અડધી રાત્રે દરવાન ને દરવાજો ખોલવા નું સૂચન આપ્યું. દરવાન માતાજી ના દૈદીપ્ય માન સ્વરૂપ ના દર્શન થતાં જ સમજી ગયો કે આ સામન્ય સ્ત્રી



અમદાવાદ

- રુપાલી દવે

નથી.અમદાવાદ નગરની શ્રી એટલે લક્ષ્મીજી છે નગર મા લક્ષ્મી નહિ રહે તો નગર સમૃદ્ધ બનશે નહિ. પરંતુ જો એને દરવાજો ખોલવાની ના પાડીશ તો નારાજ થઈ ને શ્રાપ આપશે.ધર્મ સંકટ મા પડેલા મુસ્લિમ દરવાન એ માતાજી ને સ્થાન આપતા કહ્યું કે આપ બિરાજો ત્યાં સુધી માં હું રાજા ની આજ્ઞા લઈને આવું છું..દરવાન એ અડધી રાત્રે રાજા ની નિંદ્રા મા ખેલેલ પોહચડવા નું ઉચિત ના સમજતા મહેલની અંદર જઈને તલવાર થી ખુદ નું માથું વાઢી નાખ્યું હતું. રાત્રિ ભર દરવાનની રાહ જોઈ ને બેઠા રહ્યા હતા. એ દિવસ થી આજ સાબરમતી ના કિનારે એક બાજુ ગણપતિ અને બીજી બાજુ લક્ષ્મી જી બિરાજે છે.આ જ કારણોસર અમદાવાદ માં ક્યારેય ધન ધાન્ય ની તંગી પડતી



**1866માં લેવાયેલી ત્રણ દરવાજાની તસવીર...**

જ નથી. અમદાવાદ માં રહેતો માણસ ભૂખ્યો સૂતો નથી ને જાગતો નથી. અમદાવાદ પર લક્ષ્મીજી ની કૃપા અવિરત રહે છે, સોની,શ્રીમાળી સમાજ નિત્ય સેવા પૂજા ધાર્મિક વિધિ માતાજી ની કરે છે.

૫૦૦૦ વર્ષ પહેલાં દેવા સુર સંગ્રામ વખતે ઈન્દ્ર નું ઈન્દ્રાસન દાનવો ના રાજા વૃત્રા સુર જીતી લીધું હતું. દાનવો ના ત્રાસ માં બધેય હાહાકાર મચ્યો હતો ને ઈન્દ્ર ના માતા અદિતિ એ ભગવાન નું શરણ માંગી ને વૃત્રા સુર ભગવાન વિષ્ણુ નો ભક્ત હતો એટલે ભગવાન માટે એને પરાજિત કરવો અશક્ય છે.આ માટે ભગવાન એ દેવો ને દધીચિ ઋષિ ના હાડકા માંથી શસ્ત્ર બનાવી ને નારાયણ કવચ થી અભિમંત્રિત કરવાનું સૂચવ્યું. ત્યારે સાબરમતી નદી ના કિનારા પર સ્થિત દધીચિ ઋષિ ના આશ્રમ માં દેવો આવ્યા હતા.. બાકીનો ઈતિહાસ અનુસાર ૧૧ મી સદીના પૂર્વાર્ધ માં આશાપલ્લી ભીલે ઊંચા ટેકરા પર નગર વસાવ્યું હતુ એ પરથી આશાવલ નામે પ્રસિદ્ધ થયું હતું. રાજા કર્ણદેવ સોલંકી એ આશાપલ્લી ભીલ ને હરાવી ને એ જગ્યા પર લશ્કરી છાવણી સ્થાપી ને એ જગ્યા નું નામ કર્ણાવતી પાડ્યું..

અમદાવાદ નો ઈતિહાસ તો ૫૦૦૦ વર્ષ થી પણ વધારે જૂનો છે. એ સમય માં વારંવાર પડોશી રાજાઓના આક્રમણ ના લીધે પ્રજા પોતાના ને સુરક્ષિત રાખવા પોળ માં રહેતી હતી. પોળ એટલે એક ખાસ પ્રકાર ના સમુદાય.અમદાવાદ માં ૩૦ થી વધારે પોળ એ ૫૦૦વર્ષ જૂનો ઈતિહાસ ધરાવે છે.માંડવી ની પોળ એ સૌથી જૂની પોળ છે ત્યાં અત્યારે માણેક ચોક ની બજાર ભરાઈ છે.એ સમય માં જ્ઞાતિ અનુસાર પોળ ની રચના થતી હતી જેમ કે ધના સુથારની પોળ,બંગલાની પોળ,સોનીની પોળ, માધવ પોળ,હજા પટેલ ની પોળ,ઝવેરીની પોળ વગેરે હતી ને છે.શરૂઆત માં પોળ માં મકાનો વચ્ચે ખાસ્સું અંતર હતું પરંતુ મરાઠા શાસક પેશ્વા ના વારંવાર આક્રમણના લીધે પોળ માં બે મકાન ની દીવાલો નું વચ્ચે અંતર ઘટ્યું. આજ પોળ ને પ્રાચીન બનાવટ ને અને અંદર ના સ્થાપત્યને લીધે વર્લ્ડ હેરિટેજ નો દરરજો પ્રાપ્ત થયો છે.

૨૬મી ફેબ્રુઆરી ના ૧૪૧૧ ના અમદાવાદ ના સ્થાપના બાદ અહમદશાહ ના ગુરુ સૈયદ અહમદ ખટ્ટુ ની સૂચના અનુસાર ધામધૂમ થી અમદાવાદ નું ખાત મુહૂર્ત થયું હતું. અહમદ શાહ બાદ ગાદી પર એના પુત્ર કુતુબુદીન આવતા એણે કાંકરિયા તળાવ નું નિર્માણ કરાવ્યું હતું. મુઘલ સમ્રાટ અકબરે યુદ્ધ માં અમદાવાદ જીત્યા બાદ જહાંગીર અમદાવાદ ની ગાદી પર બેઠો હતો પરંતુ અમદાવાદ એને ધૂળિયું લાગતા એણે અમદાવાદ ને ગરદબાદ નામ આપ્યું હતું.. અહમદ શાહે વસ્તી ને વસાવવા સૌથી પહેલી પોળ નું ખાત મુર્હૂત કર્યું એ માંડવી ની પોળ છે.

સાચું તો એ છે કે અમદાવાદની ભુમી પર વસતા મૂળ અમદાવાદી ની સાથે અન્ય સ્ટેટ અને શહેરો ના લોકો આવી ને વસ્યા છે.અમદાવાદમાં આવીને વસ્યા બાદ આ એને એનું મૂળ વતન માને છે. અમદાવાદ એ યૂગો થી સમૃદ્ધ તો હતું જ એનું મૂળ કારણ એ સુતરાઉ કાપડ ની મિલો ની ધમધમાટ હતી એટલે અધોગિક ની દ્રષ્ટિ એ સમૃદ્ધ હતું જ..પરંતુ પાયા ની જરૂરિયાત પાણી,વીજળી, રોડ રસ્તા,વાહન વ્યવહાર નો અભાવ હતો. ૨૦૦૧ માં સમગ્ર ગુજરાત માં ભયાનક ધરતી કંપ આવ્યો એમાં અમદાવાદ એ કચ્છ પછી અમદાવાદ માં સૌથી મૃત્યુ આંક અને નુકશાન થયું હતું પરંતુ આ ભૂમિ માં એ તાકાત છે કે ફરી ઉભુ થઈ ને મૂળ ધારા માં દોડવા લાગ્યું હતું..એ સમયે તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી ના શપથ વિધિ બાદ અમદાવાદ નો વિકાસ એ હરણ ફાળ ગતિ એ થયો છે..સાબરમતી ના રિવર ફ્રન્ટ ની સવાર,સાંજ ને રાત ની રોનક થી શરુ થઇ ને કાંકરિયા તળાવ ના બટર ફ્લાય જેવા અસંખ્ય પાર્ક નું નિર્માણ સાથે લોકોની પાયા ની જરૂરિયાત રોડ રસ્તા,વીજળી પાણી, વાહન વ્યવહાર ની ઉતમ સગવડતા બોલે તો મેટ્રો સિટી..એકવાર અમદાવાદ નું પાણી ચાખ્યું તો સમજો નક્કી પ્રેમ તો થઈ જ જશે..ભલે ધૂળિયું હોય પણ મારું મનગમતું મારું અમદાવાદ..કવિ આદિલ મન્સૂરી ને અમુક કારણોસર અમદાવાદ છોડવાનું થયું ત્યારે એણે લખેલ કાવ્ય:

**" આ હસતા ચહેરા આ મીઠી નજર**
**મળે ના મળે,**
**ભરી લ્યો આંખો માં રેતી,દીવાલ, ભીંતો,પછી**
**આ શહેર, આ ગલીઓ,આ ઘર મળે ના મળે..**
**નદી માં રમતું આ નગર ફરી મળે ના મળે..."**

કવિ આદિલ મન્સૂરી એ કહ્યું હતું કે વતન અમદાવાદ છોડવા ના દર્દ ની ચીસ માં એણે સાબરમતી નદીના પટ પર ઊભા રહીને મન માં શ્વાસ ભરતા ભરતા આ કાવ્ય રડતા રડતા લખ્યું હતું..અમદાવાદ એ વિરાસત નથી એ એક જીવતું ધબકતું સત્ય "એક નદીમાં વસ્તુ સુંદર નગર"...



# સંજય લીલા ભણશાળીની પાર્ટીમાં રણબીરને કારણે કેટરિના ગેરહાજર



મુંબઈ | સંજય લીલા ભણશાળીને ૬૦ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે યોજાયેલી પાર્ટીમાં રણબીર કપૂર અને વિકી કૌશલ વચ્ચે જોવા મળેલી અસામાન્ય દોસ્તી બોલીવૂડ વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બની હતી. આ પાર્ટીમાં જોકે, રણબીર અને આલિયા બંને સાથે હાજર રહ્યાં હતાં પરંતુ કેટરિનાએ હાજરી આપવાનું ટાળ્યું હતું. સંજય લીલા ભણશાળીની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'માં રણબીર અને વિકી બંને સહકલાકારો છે. આ અગાઉ તેઓ 'સંજુ' ફિલ્મમાં પણ સાથે કામ કરી ચૂક્યા છે આથી તેમના વચ્ચે બહુ આત્મિયતા છે. જોકે, કેટરિના એક્સ બોયફ્રેન્ડ રણબીરનો આમનોસામનો થાય અને તે પણ પતિ વિકી કૌશલની હાજરીમાં તેને મળવાનો પ્રસંગ બને એવું ટાળે છે. આમ છતાં પણ સંયોગોવસાત ગયા મહિને અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે વ્યવસ્થા એવી રીતે ગોઠવાઈ હતી કે રણબીર-આલિયા અને વિકી તથા કેટરિના એમ બંને યુગલે સાથે સાથે રહેવું પડયું હતું. એટલું જ નહીં રણબીર અને કેટરિનાએ વેન્યુ ખાતે એક જ કાર્ટમાં પ્રવાસ કરવો પડયો હતો. જોકે, સંજય લીલા ભણશાળીની બર્થ ડે પાર્ટીમાં કેટરિનાએ હાજરી આપવાનું ટાળ્યું હતું. આ પાર્ટીમાં રણબીર અને આલિયા સાથે સાથે આવ્યા હતા પરંતુ આલિયા એકલી જ રવાના થઈ હતી અને રણબીર તથા વિકી સાથે સાથે રવાના થયા હતા. 'લવ એન્ડ વોર'માં રણબીર અને વિકી સાથે હોવાથી આ ફિલ્મને લગતી એકાધિક ઈવેન્ટમાં રણબીર અને વિકી બંને હાજર રહેશે જ્યારે આલિયા પણ ફિલ્મની સહકલાકાર હોવાથી તેની પણ હાજરી અનિવાર્ય હશે. તે વખતે કેટરિના પતિની આટલી મોટી અને મહત્વની ફિલ્મને લગતી ઈવેન્ટસમાં હાજરી ટાળશે કે કેમ તેની ચર્ચા અત્યારથી શરુ થઈ ગઈ છે.

**વિકી અને રણબીર વચ્ચેની દોસ્તી ચર્ચામાં,- પતિ અને એક્સ બોયફ્રેન્ડ એક જ ઈવેન્ટમાં સાથે હોય તેવા પ્રસંગે હાજરી ટાળી**

# રણવીરની 'ડોન થ્રી' માટે 275 કરોડ કરતાં પણ વધુ બજેટ



મુંબઈ | રણવીર સિંહ અને કિયારા અડવાણીની 'ડોન થ્રી' માટે ૨૭૫ કરોડ કરતાં પણ વધુનું બજેટ નક્કી કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે. જોકે, રણવીર અને કિયારાનો બોક્સ ઓફિસ રેકોર્ડ જોતાં ફિલ્મ આટલું બજેટ રિકવર કરીને હિટ પુરવાર થશે કે કેમ તે અંગે શંકાઓ સેવાઈ રહી છે.

શાહરુખ અને પ્રિયંકાની '૩૮' કરોડમાં બની હતી. ત્યાર બાદ 'ડોન ટૂ' ૭૬ કરોડમાં બની હતી. આમ આ બંને ફિલ્મોનાં ટોટલ કરતાં પણ ડોન થ્રીનું બજેટ બમણાં કરતાં પણ વધારે છે. ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર હાલના માહોલમાં રણવીર સિંહ ખુદ બોક્સ ઓફિસ પર સફળતાની ગેરંટી નથી ર હ્યો. બીજી તરફ કિયારા પણ એવું કોઈ ખાસ ફેન ફોલોઈંગ ધરાવતી નથી. આ સંજોગોમાં નિર્માતા નિર્દેશક ફરહાન અખ્તરે બહુ મોટું જોખમ લીધું છે. જોકે, ફિલ્મની ટીમ સાથે સંકળાયેલા વર્તુળોના દાવા અનુસાર 'ડોન થ્રી'ને બહુ હેવી એક્શનનો ડોઝ ધરાવતી ફિલ્મ બનાવવામાં આવશે. શાહરુખની 'પઠાણ' અને 'જવાન' જેવી ફિલ્મોની બરાબરીમાં ટકી શકે તેવી ફિલ્મ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની ફાઈટ સિકવન્સ દેખાડવામાં આવશે. તેના લીધે આ ફિલ્મનું બજેટ આટલું વધી ગયું છે.

# વર્ષોથી 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા'થી દૂર દયાબેન પરિવાર સાથે યજ્ઞ કરતા જોવા મળ્યા



મુંબઈ | છેલ્લા કેટલાક વર્ષોથી ટીવીની દુનિયામાંથી ગાયબ દિશા વાકાણી હાલમાં ક્યા છે અને શું કરે છે? આ પ્રશ્નનો જવાબ જાણવા તેના ચાહકો બેચેન છે. પરંતુ હવે સોશિયલ મીડિયા પર તારક મેહતા કા ઉલ્ટા ચશ્માની દયા બેન એટલે કે દિશા વાકાણીનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમા તે ફેમિલી સાથે યજ્ઞ કરતી જોવા મળે છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા મુંબઈમાં અશ્વમેઘ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દિશા વાકાણીએ આ યજ્ઞમાં ભાગ લીધો છે. દિશા વાકાણીનો એક વીડિયો હાલમાં ચર્ચામાં છે. ટીવી એક્ટ્રેસ દિશા વાકાણી આ અશ્વમેઘ મહાયજ્ઞમાં સામેલ થઈ હતી. દિશાના બે બાળકો અને તેના પતિ પણ તેની સાથે હતા. વાયરલ વીડિયોમાં દિશા તેમજ તેના બાળકો અને પતિ યજ્ઞ કરતાં જોવા મળી રહ્યા છે. જેમા તેનો આખો પરિવાર પીળા કલરના કપડાંમાં જોવા મળી રહ્યો છે. દિશાએ પીળી સાડી સાથે હેવી જ્વેલરી પહેરી છે.

દિશાએ કહ્યું કે, 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા'ના સેટ પર પણ અમે ગાયત્રી મંત્ર પૂજન કરતાં હતા. આવા યજ્ઞ થવા જોઈએ અને પર્યાવરણ શુદ્ધ કરવા માટે આ જરુરી છે. તેથી સારા વિચારો આવે છે અને બાળકો ઘણુ બધુ શીખે છે. દિશા વાકાણી દયાબેનના રોલ માટે જાણીતાં છે. તે 2008થી તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા શો માં મુખ્ય ભૂમિકામાં જોવા મળી છે, જોકે, 2017 માં તે મેટરનિટી લીવ પર ગઈ હતી તે પછી તે શોમાં પરત ન આવી. એક વાર એક એપિસોડ વચ્ચે દિશા જોવા મળી હતી. પરંતુ તે પછી દિશા શોમાં જોવા મળી નથી. ફેન્સ તેને શો માં જોવા માટે બેચેન છે. તમને જણાવી દઈએ કે જોધા અકબર અને દેવદાસ જેવી ફિલ્મોમાં દિશા સપોર્ટિંગ રોલ પણ કરી ચૂકી છે.

## શનાયા કપૂરે એથનિક અંદાજમાં લગાવી આગ, ગોલ્ડન લહેંગાની સ્ટાઈલિશથી ફેન્સ થયા દીવાના



મુંબઈ | શનાયા કપૂરે ભલે અભિનયની દુનિયામાં તેની સફર હજુ શરૂ કરી ન હોય પરંતુ તેણે ઈન્ડસ્ટ્રીમાં એક ખાસ ઓળખ ચોક્કસ હાંસલ કરી છે. શનાયાની ફેન ફોલોઈંગ ઘણા સમયથી વધી ગઈ છે જેઓ તેની એક ઝલક જોવા માટે આતુર છે. તે જ સમયે, અભિનેત્રી તેના ફેન્સને સાથે જોડાયેલા રહેવા માટે સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે. આવી સ્થિતિમાં લગભગ દર બીજા દિવસે શનાયાની નવી અને ખૂબસૂરત સ્ટાઈલ જોવા મળે છે. હવે ફરી શનાયાનો નવો લૂક વાયરલ થઈ રહ્યો છે. શનાયાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના કેટલાક ફોટો શેર કર્યા છે જેમાં તે એથનિક પોશાકમાં જોવા મળી રહી છે. આ ફોટોશૂટ માટે શનાયાએ ગોલ્ડન શેડનો હેવી સિક્વન્સ લેહેંગા અને ડીપનેક બ્લાઉઝ પહેર્યું છે. આ લુક સાથે અભિનેત્રીએ દુપટ્ટાને માત્ર ખભા પર શ્રગની જેમ કેરી કર્યો છે. શનાયાએ ફક્ત મેચિંગ ગોલ્ડ ઈયરિંગ્સની જોડી બનાવી છે. આ આઉટફિટમાં તેના કર્વી ફિગરને ફ્લોન્ટ કરતી વખતે શનાયાએ કેમેરાની સામે એક અદભૂત પોઝ આપ્યો છે. હવે શનાયાના ફેન્સ તેની સ્ટાઈલના દીવાના થઈ રહ્યા છે.

## રકૂલ પ્રિતે સાસરિયામાં પહેલા દિવસે સૌને હલવો બનાવીને ખવડાવ્યો

મુંબઈ | રકૂલ પ્રિત સિંઘે લગ્ન બાદ સાસરિયાંમાં પહેલી રસોઈની 'ચાકા ચારધાના' રસમ નિભાવી હતી અને તે નિમિત્તે જાતે હલવો બનાવીને સાસરિયાંને ખવડાવ્યો હતો. રકૂલે પોતે હોંશભેર બનાવેલા હલવાની ડિશનો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો અને આ રસમ નિભાવી હોવાની જાણ ચાહકોને કરી હતી. ચાહકોએ તેને આ માટે અભિનંદન પણ પાઠવ્યાં હતાં. લગભગ દરેક સમુદાયમાં લગ્ન પછી વહુ પહેલીવાર કોઈ મિઠાઈ બનાવે તેવો રિવાજ છે. રકુલ પોતે પંજાબી હોવાથી તેણે આ રસમ નિભાવી હતી. રકુલ અને જેકી ભગનાનીનાં લગ્ન પણ પંજાબ ી અને સિંધી એમ બંને રસમ પ્રમાણે થયાં હતાં. એક ચર્ચા અનુસાર રકુલ અને જેકી હાલ તત્કાળ હનીમૂન પર જવાનાં નથી.



## નુસરત ભરૂચા બાર્બી ડોલ લાગી, અભિનેત્રીએ ગોર્જિયસ લુકથી ફેન્સના દિલ જીત્યા




મુંબઈ | બોલિવૂડની સુંદર અને હોશિયાર અભિનેત્રીમાં એક નામ નુસરત ભરૂચાનું છે. અભિનેત્રી ખૂબ જ ક્યૂટ છે. અભિનેત્રી આ દિવસોમાં ભલે ફિલ્મોમાંથી ગાયબ હોય પરંતુ તે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ છે. તેના ફોટા અને વિડિયો સિવાય તે તેના જીવનના અપડેટ્સ પણ શેર કરતી રહે છે. અભિનેત્રીએ હાલમાં તેના હોટ ફોટોઝ શેર કર્યા છે. નુસરત ભરૂચા આ લુકમાં બોલ્ડ અવતાર બતાવ્યો છે. નુસરત ભરૂચાના લુકની વાત કરીએ તો તે, પિંક કલરના ચેક્સ ડિઝાઈનનાં આઉટફિટમાં દેખાઈ છે જેમાં ડાયમંડની પટ્ટી સુંદરતા વધારી રહી છે. નુસરતે પોતાના લુકને પૂર્ણ કરવા માટે ન્યૂડ મેકએપ, નેલપેઈન્ટ અને ઈયરિંગ્સ પહેર્યા છે. અભિનેત્રીની આ તસવીરો જોઈને ફેન્સ દિવાના બન્યા છે અને તેની તસવીરો પર જોરદાર રીતે કમેન્ટનો વરસાદ કરી રહ્યા છે.

## કૅપ્ટન માર્વલ ફેમ અભિનેતા કેનેથ મિશેલનું 49 વર્ષની ઉંમર નિધન

મુંબઈ | કેનેડિયન અભિનેતા કેનેથ મિશેલનું 24 ફેબ્રુઆરી, શનિવારે નિધન થયું છે. કેનેડિયન અભિનેતા કેપ્ટન માર્વેલ અને સ્ટાર ટ્રેક ડિસ્કવરીમાં પોતાની ભૂમિકાઓ માટે જાણીતા હતા. કેનેથના નિધનના સમાચાર તેના પરિવાર દ્વારા અભિનેતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરવામાં આવ્યા હતા. અભિનેતાના પરિવારે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે, 'ભારે હૃદય સાથે અમે અમારા પ્રિય પિતા, પતિ, ભાઈ, કાકા, પુત્ર અને પ્રિય મિત્ર કેનેથ એલેક્ઝાન્ડર મિશેલના નિધનની જાહેરાત કરીએ છીએ. 2018 માં ALS હોવાની જાણકારી મળી હતી. એક્ટરને એમિઓટ્રોફિક લેટરલ સ્ક્લેરોસિસ નામની બીમારી હતી. એમિઓટ્રોફિક લેટરલ સ્ક્લેરોસિસએ એક જીવલેણ બીમારી છે. આ બીમારીને કારણે ધીમે ધીમે માણસના મગજ અને કરોડરજ્જુના ચેતા કોષોને ગંભીર અસર પહોંચતી હોય છે.

# વિવેક ઓબેરોય સુશાંતની જેમ આત્મહત્યા કરવા ઈચ્છતો, માતાના ખોળામાં પોક મૂકીને રડ્યો



મુંબઈ | સુશાંત સિંહ રાજપૂતના અંતિમ સંસ્કારમાં સામેલ 20 લોકોમાં બોલિવૂડ એક્ટર વિવેક ઓબેરોય પણ સામેલ હતો. હાલમાં વિવેકે સુશાંત અને માનસિક સ્વાસ્થ્ય વિશે વાત કરી હતી. વિવેક પોતે પણ ખરાબ સમયમાંથી પસાર થયો છે જ્યારે તેણે સુશાંતની જેમ મરવાનું વિચાર્યું હતું.વિવેક ઓબેરોયે ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, હું સુશાંતને મળ્યો તે એક સારો, પ્રતિભાશાળી છોકરો હતો. તેમની વિદાય ફિલ્મ ઉદ્યોગ માટે મોટી ખોટ હતી. સાચું કહું તો, મારા જીવનમાં એક ખૂબ જ અંધકારમય તબક્કો રહ્યો છે. ખાસ કરીને જ્યારે વ્યાવસાયિકથી વ્યક્તિગત બધું જ ખરાબ થઈ રહ્યું હતું. એવું નથી કે સુશાંતે જે કર્યું તે કરવાનું મેં વિચાર્યું ન હતું.

સુશાંતના અંતિમ સંસ્કાર વિશે વધુ વાત કરતા તેણે કહ્યું હતું કે, સુશાંતના અંતિમ સંસ્કારમાં માત્ર 20 લોકોને આવવાની મંજૂરી આપવામાં આવી હતી અને તેમાંથી હું પણ એક હતો. મેં તેના પિતાની તૂટેલી આંખો જોઈ. સુશાંતને જોઈને હું માત્ર એટલું જ વિચારી રહ્યો હતો કે દોસ્ત, જો તું જોઈ શક્યો હોત કે તારા જવાથી શું થયું છે જો તું જોઈ શક્યો હોત કે જે લોકો તને પ્રેમ કરે છે તેમની શું હાલત છે, તો તેં ક્યારેય આ પગલું ન ભર્યું હોત.વિવેક આગળ કહે છે કે, તમારા મગજમાં બધું જ ઝડપથી ચલાવો, વિચારો કે જે લોકો તમને પ્રેમ કરે છે તેમની સાથે તમે શું કરશો તમારા જીવનનો અંત આવ્યા પછી. તમે તમારા પ્રિયજનોને દુઃખ પહોંચાડવા માંગતા નથી. પ્રેમ અને પ્રકાશ તરફ જાઓ. હું નસીબદાર હતો કે મારી પાસે એક ઘર અને એક કુટુંબ હતું જેણે મને તે સમયે ટેકો આપ્યો હતો. હું જમીન પર બેસીને માના ખોળામાં માથું રાખીને બાળકની જેમ રડતો. હું કહેતો હતો કે આવુ મને જ કેમ થયું છે? એક દિવસ હું 40 મિનિટ સુધી રડ્યો પછી માતાએ પૂછ્યું હતું જ્યારે તમે એવોર્ડ જીતી રહ્યા હતા. ખ્યાતિ અને પ્રેમ મેળવી રહ્યા હતા ત્યારે તમે મને કેમ પૂછ્યું?

તમને જણાવી દઈએ કે વિવેક ઓબેરોયે 2 વર્ષના બ્રેક બાદ રોહિત શેટ્ટીની સીરિઝ ધ પોલીસ ફોર્સથી કમબેક કર્યું છે. આ સિરીઝ એમેઝોન પ્રાઇમ પર 17 જાન્યુઆરીએ રિલીઝ કરવામાં આવી હતી. સિરીઝમાં વિવેકની સાથે શિલ્પા શેટ્ટી અને સિદ્ધાર્થ મલ્હોત્રા મહત્વની ભૂમિકામાં છે.

# ગોલ્ડન સાડીમાં શિલ્પા શેટ્ટીએ મચાવી ધૂમ, તસવીરોમાં જોવા મળી કિલર સ્ટાઈલ



મુંબઈ | શિલ્પા શેટ્ટીએ ફરી એકવાર તેના ટ્રેડિશનલ લુકથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. આ તસવીરોમાં શિલ્પા શેટ્ટી ટ્રેડિશનલ લુકમાં બ્યુટી ક્વીનની જેમ પોઝ આપતી જોવા મળી રહી છે, જેને જોઈને ફેન્સ દિવાના થઈ ગયા છે.આ તસવીરોમાં શિલ્પા શેટ્ટી ગોલ્ડન સાડી અને બ્લાઉઝમાં ખૂબ જ સુંદર લાગી રહી છે.શિલ્પા શેટ્ટીએ સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ, ચોકર, રિંગ્સ, હાઈ હીલ્સ, પોટલી બેગ અને બંગડીઓ સાથે તેના લુકને કમ્પ્લીટ કર્યો છે. આ તસવીરો શેર કરતી વખતે શિલ્પા શેટ્ટીએ કેપ્શન લખ્યું છે કે હાર્ટ ઓફ ગોલ્ડ અને સ્ટારડસ્ટ સોલ અને કેટલાક ઈમોજી પણ શેર કર્યા છે. શિલ્પા શેટ્ટીની આ તસવીરો પર તેના લાખો ફેન્સ બ્યુટી, ક્વીન, બ્યુટીફુલ, સુપર, ગોર્જિયસ અને લુકિંગ સો પ્રિટી જેવી કોમેન્ટ કરતા જોવા મળે છે. શિલ્પા શેટ્ટી ક્યારેક તેના ટ્રેડિશનલ લુકમાં, ક્યારેક તેની ગ્લેમરસ સ્ટાઈલમાં તો ક્યારેક તેના બોલ્ડ અવતારમાં સોશિયલ મીડિયા પર ધૂમ મચાવતી જોવા મળે છે.




# WFIએ 10 અને 11 માર્ચે નેશનલ ટ્રાયલ બોલાવી:પસંદગી નવી દિલ્હીમાં થશે

## UWWએ 11 દિવસ પહેલા પ્રતિબંધ ઉઠાવી લીધો હતો

નવી દિલ્હી | તા.26

વિવાદાસ્પદ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)એ ભારતીય ટીમ માટે રાષ્ટ્રીય ટ્રાયલ બોલાવી છે. 10 અને 11 માર્ચે યોજાનારી ટ્રાયલ્સમાં એશિયન ચેમ્પિયનશિપ અને ઓલિમ્પિક ક્વોલિફાયર માટે ભારતીય ટીમની પસંદગી માટે બોલાવવામાં આવ્યા છે, જોકે ફેડરેશને તેના લેટર હેડમાંથી 'સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી દ્વારા માન્ય' લાઇનને વટાવી દીધી છે. બીજી તરફ ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન દ્વારા ગઠિત એડહોક કમિટીએ પટિયાલામાં યોજાનારી અંડર-23 નેશનલ ચેમ્પિયનશિપને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.



તમને જણાવી દઈએ કે ચૂંટણી બાદ રમત મંત્રાલયે WFIને સસ્પેન્ડ કરી દીધું છે અને મંત્રાલયના નિર્દેશ પર ભારતીય ઓલિમ્પિક એસોસિયેશને એડહોક કમિટીની રચના કરી છે. હવે બંને સમાંતર કામ કરી રહ્યા છે. UWW એ WFIનું સસ્પેન્શન હટાવી લીધું હતું 11 દિવસ પહેલા, યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW)એ ભારતીય રેસલિંગ ફેડરેશનને શરતી રીતે પુનઃસ્થાપિત કર્યું હતું. વિશ્વ સંસ્થાએ કહ્યું હતું કે WFIએ 1 જુલાઈ, 2024 સુધીમાં ફેડરેશન માટે ફરીથી ચૂંટણી યોજવી પડશે. એટલું જ નહીં, ખેલાડીઓની ભાગીદારીમાં ભેદભાવ નહીં કરવાની લેખિત બાંયધરી પણ આપવી પડશે. WFIના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજ ભૂષણ સિંહના પુત્ર પ્રતીક ભૂષણ સિંહ, હાથમાં પોસ્ટર પકડ્યું છે. તેમણે સંજય સિંહની જીત બાદ પોસ્ટર લહેરાવ્યું હતું. તેમાં લખ્યું છે- 'દબદબો છે, દબદબો રહેશે.' આ તસવીરને લઈને વિવાદ થયો હતો. WFIના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજ ભૂષણ સિંહના પુત્ર પ્રતીક ભૂષણ સિંહ, હાથમાં પોસ્ટર પકડ્યું છે. તેમણે સંજય સિંહની જીત બાદ પોસ્ટર લહેરાવ્યું હતું. તેમાં લખ્યું છે- 'દબદબો છે, દબદબો રહેશે.'

**UWWનું સસ્પેન્શન હટાવવામાં આવ્યું, પરંતુ હજુ પણ રમત મંત્રાલયમાંથી સસ્પેન્ડ**

યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા પાસેથી સસ્પેન્શન હટાવી લીધું હોવા છતાં, ભારતીય રમત મંત્રાલય WFIને સસ્પેન્ડ કરવાનું ચાલુ રાખે છે અને ભારતીય ઓલિમ્પિક સમિતિ (IOA)ની એડ-હોક સંસ્થા WFIની સમાંતર કામ કરી રહી છે. કેન્દ્રીય રમત મંત્રાલયે ચૂંટણી બાદ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની નવી સંસ્થાને સસ્પેન્ડ કરી દીધી છે. 24 ડિસેમ્બરે મંત્રાલયે ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન (IOA)ને રેસલિંગ ફેડરેશનની બાબતોનું સંચાલન કરવા માટે એડ-હોક કમિટી બનાવવા માટે પણ કહ્યું હતું અને IOA એ એડ-હોક કમિટી પણ બનાવી છે.

**ચૂંટણી પછીનો વિવાદ; સાક્ષીની નિવૃત્તિ, બજરંગ-વિનેશે અવોર્ડ પરત કર્યા :** સંજય સિંહના પ્રમુખ બનવાના વિરોધમાં દિગ્ગજ કુસ્તીબાજ મેદાનમાં ઉતર્યા હતા. ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિકે નિવૃત્તિની જાહેરાત કરી હતી, જ્યારે બજરંગ અને વિનેશે તેમના પુરસ્કારો પરત કર્યા હતા. સંજય પ્રેસિડેન્ટ બન્યા પછી, સાક્ષી મલિકે આંસુથી કુસ્તી છોડવાનો નિર્ણય જાહેર કર્યો અને ટેબલ પર પગરખાં મૂકી દીધા. સંજય પ્રેસિડેન્ટ બન્યા પછી, સાક્ષી મલિકે આંસુથી કુસ્તી છોડવાનો નિર્ણય જાહેર કર્યો અને ટેબલ પર પગરખાં મૂકી દીધા. 21 ડિસેમ્બરના રોજ, ભારતીય કુસ્તી સંઘની ચૂંટણીમાં, સંજય સિંહે પ્રમુખ પદ માટે કોમનવેલ્થ ચેમ્પિયન કુસ્તીબાજ અનિતા શિયોરાનને 33 મતોથી હરાવ્યા હતા. સંજયને 40 વોટ મળ્યા, જ્યારે અનિતાને માત્ર 7 વોટ મળ્યા.

# પેરા વર્લ્ડ બેડમિન્ટનમાં ભારતને ત્રણ ગોલ્ડ મળ્યા યતિરાજ, પ્રમોદ અને કૃષ્ણાએ જીત્યો ખિતાબ

નવી દિલ્હી | તા.26

રવિવારે થાઈલેન્ડમાં રમાઈ રહેલી પેરા વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ભારતે ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા. આ સિવાય ભારતીય ખેલાડીઓએ ત્રણ સિલ્વર મેડલ પણ જીત્યા હતા. સુહાસ યથિરાજ, પ્રમોદ ભગત અને કૃષ્ણ નાગરે પુરૂષ સિંગલ્સની પોતપોતાની કેટેગરીમાં ગોલ્ડ જીત્યો હતો. આ સાથે જ મનીષા રામદાસે વુમન્સ સિંગલ્સની પોતાની કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ડબલ્સ મેચમાં બે સિલ્વર મેળવ્યા. સુહાસે પ્રથમ વખત અને પ્રમોદે ત્રીજી વખત વિશ્વ ખિતાબ જીત્યો ટોક્યો પેરાલિમ્પિક્સના સિલ્વર મેડલ વિજેતા અને વિશ્વના ત્રીજા નંબરના ખેલાડી સુહાસ યથિરાજે પુરુષોની SL-4 કેટેગરીની ફાઈનલમાં ઈન્ડોનેશિયાના ફ્રેડી સેટિયાવાનને 21-18, 21-18થી હરાવીને પોતાનું પ્રથમ વિશ્વ ખિતાબ જીત્યો હતો. ટોક્યો પેરાલિમ્પિક્સના સુવર્ણ ચંદ્રક વિજેતા પ્રમોદ ભગતે પુરુષોની Ace-3 વર્ગની ફાઈનલમાં ઈંગ્લેન્ડના ડેનિયલ બેથેલને 14-21, 21-15, 21-14થી હરાવીને ત્રીજું ટાઈટલ જીત્યું હતું. આ પહેલા પ્રમોદે 2015 અને 2019માં વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતી હતી. ભારત માટે ત્રીજો ગોલ્ડ મેડલ કૃષ્ણા નાગરે મેળવ્યો હતો. તેણે SH-6 કેટેગરીની ફાઈનલમાં ચીનની લિન નીલીને 22-20, 22-20થી હરાવ્યું.



**મનીષા રામદાસને સિલ્વર મળ્યો :** મનીષા રામદાસને વિમેન્સ સિંગલ્સની SU-5 કેટેગરીની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તેણીને ચીનની યાંગ જિયા જિયાએ 21-16, 21-16થી હાર આપી હતી. મનીષાને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

**ડબલ્સમાં બે સિલ્વર મેળવ્યા :** ચિરાગ બરેથા અને રાજ કુમારની મેન્સ ડબલ્સ જોડીએ SU-5 કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જ્યારે વુમન્સ ડબલ્સમાં રચના શૈલેષ કુમાર અને નિત્યા સુમતિ સિવનને પણ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

# મુંબઈ ઈન્ડિયન્સની સતત બીજી જીત, ગુજરાતને 5 વિકેટે હરાવ્યું

**મુંબઈ ઈન્ડિયન્સને ગુજરાતે 127 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સે 18.1 ઓવરમાં 5 વિકેટે ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. આ જીત બાદ મુંબઈ ઈન્ડિયન્સના 2 મેચમાં 4 પોઈન્ટ થઈ ગયા છે. સાથે જ હરમનપ્રીત કૌરની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે.**

નવી દિલ્હી | તા.26

વિમેન્સ પ્રીમિયર લીગમાં મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સને હરાવ્યું. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સને 5 વિકેટે હરાવ્યું. આ સાથે મુંબઈ ઈન્ડિયન્સને સિઝનમાં સતત બીજી જીત મળી છે. આ પહેલા મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને છેલ્લા બોલે હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સને જીતવા માટે 127 રનનો ટાર્ગેટ હતો. જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સે 18.1 ઓવરમાં 5 વિકેટે ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. આ જીત બાદ મુંબઈ ઈન્ડિયન્સના 2 મેચમાં 4 પોઈન્ટ થઈ ગયા છે. સાથે જ હરમનપ્રીત કૌરની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. ગુજરાત જાયન્ટ્સની તનુજા કંવર સૌથી સફળ



બોલર રહી હતી. તનુજા કંવરે મુંબઈ ઈન્ડિયન્સના 2 બેટ્સમેનોને પોતાનો શિકાર બનાવ્યા. આ સિવાય કેથરીન બ્રુસ અને લી તાહુહુને 1-1 સફળતા મળી હતી. જ્યારે નેટ સીવર બ્રન્ટ રન આઉટ થઈને પેવેલિયન પરત ફરી હતી. મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ગુજરાત જાયન્ટ્સે 20 ઓવરમાં 9 વિકેટે 126 રન બનાવ્યા હતા. ગુજરાત જાયન્ટ્સ તરફથી તનુજા કંવરે 21 બોલમાં સૌથી વધુ 28 રન બનાવ્યા હતા. કેથરિન બ્રુસે 24 બોલમાં 25 રનનું યોગદાન આપ્યું હતું. જ્યારે બેથ મૂનીએ 22 બોલમાં 24 રન બનાવ્યા હતા.મુંબઈ ઈન્ડિયન્સ માટે એમેલિયા કેર સૌથી સફળ બોલર રહી હતી. એમેલિયાએ 4 ઓવરમાં 17 રન આપીને 4 બેટ્સમેનોને પોતાનો શિકાર બનાવ્યા હતા. જ્યારે શબનિમ ઈસ્માઈલે 4 ઓવરમાં 17 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. આ સિવાય નેટ સીવર બ્રન્ટ અને હેલી મેથ્યુઝને 1-1 સફળતા મળી હતી.

# રોહિત શર્માએ સરફરાઝ ખાનને આપ્યો ઠપકો

રાંચી | તા.26

ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને ખેલાડીઓ વચ્ચે ખૂબ જ સારો તાલમેલ જોવા મળે છે. ચોથી મેચ દરમિયાન સરફરાઝ હેલ્મેટ પહેર્યા વિના સિલી પોઈન્ટ પર ઉભો રહ્યો, જેના પર રોહિતે તેને અટકાવ્યો અને તેને હેલ્મેટ પહેરવાની સલાહ આપી. 'હે ભાઈ, હીરો નહીં બનને કા', હેલ્મેટ વગર ફિલ્ડિંગ કરવા પર રોહિત શર્માએ સરફરાઝ ખાનને આપ્યો ઠપકો ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે રાંચીમાં રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચ જીતવાની ઘણી નજીક છે. ભારતે ચોથી ટેસ્ટના ત્રીજા દિવસે બીજા દાવમાં ઈંગ્લેન્ડને 145 રનમાં આઉટ કરી દીધું હતું. પહેલા દાવમાં 46 રનની લીડ ધરાવતા ઈંગ્લેન્ડે ભારતને 192 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ભારતે ત્રીજા દિવસની રમત પૂરી થવા સુધી એકપણ વિકેટ ગુમાવ્યા વિના 40 રન બનાવી લીધા છે. ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ દરમિયાન રોહિત શર્મા ફિલ્ડિંગ કરી રહેલા સરફરાઝ ખાનને ઠપકો આપતા જોવા મળ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.



## સરફરાઝે બીજી ઈનિંગમાં શાનદાર ફિલ્ડિંગ કરી હતી

તેને શોર્ટ લેગ પર બેન ડકેટનો કેચ લઈને ભારતને મોટી સફળતા અપાવી. તેને મિડ-ઓન પર ડાઈવ કરીને ટોમ હાર્ટલીનો શાનદાર કેચ લીધો હતો. ભારતીય ટીમે છેલ્લી બે વિકેટ મેળવવા માટે ઘણી મહેનત કરવી પડી હતી. પરંતુ અશ્વિને એક જ ઓવરમાં બે વિકેટ લઈને ઈંગ્લેન્ડની ઈનિંગનો અંત લાવ્યો હતો. તેને બેન ફોક્સ અને જેમ્સ એન્ડરસનને પેવેલિયનનો રસ્તો બતાવ્યો.

**અશ્વિને બીજા દાવમાં પાંચ વિકેટ ઝડપી: .** તેની ટેસ્ટ કરિયરમાં આ તેની 35મી પાંચ વિકેટ છે. આ સાથે તેને અનિલ કુંબલેના રેકોર્ડની પણ બરાબરી કરી લીધી. કુંબલેએ 35 વખત પાંચ વિકેટ પણ લીધી હતી.

# ધ્રૂવ જુરેલ અંગે વિરેન્દ્ર સેહવાગની ટ્વિટ પર બબાલ, પૂર્વ ક્રિકેટર થયો ટ્રોલ

**ભારતની પ્રથમ ઈનિંગમાં ધ્રુવ જુરેલે 90 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી**

નવી દિલ્હી | તા.26

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી 5 મેચની ટેસ્ટ સીરિઝની ચોથી મેચ રાંચીમાં રમાઈ રહી છે. રાંચી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે યુવા વિકેટકીપર બેટર ધ્રુવ જુરેલે ભારતીય ટીમને મુશ્કેલીમાંથી બહાર નીકાળી હતી. ધ્રુવ જુરેલે ત્રીજા દિવસે પોતાની શાનદાર ઈનિંગ વડે ભારતીય ટીમના સ્કોરને 300ની પાર પહોંચાડી દીધો હતો. જે બાદ સોશિયલ મીડિયા પર લોકો ધ્રુવ જુરેલની ઈનિંગના વખાણ કરતા થાકતા ન હતા. ધ્રુવ જુરેલની શાનદાર ઈનિંગથી પ્રભાવિત થઈને ભારતીય ટીમના પૂર્વ વિસ્ફોટક બેટર વિરેન્દ્ર સેહવાગે પણ એક પોસ્ટ કરી હતી. જેના પર ચાહકો વચ્ચે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા ચાલી રહી છે.રાંચીમાં રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ધ્રુવ જુરેલે 90 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી.



**પૂર્વ ભારતીય ક્રિકેટર વિરેન્દ્ર સહેવાગ થયો ટ્રોલ**

સેહવાગની પોસ્ટ બાદ પ્રશંસકોની પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી હતી. કેટલાક યુઝર્સે સેહવાગ પર આરોપ લગાવ્યો કે છેલ્લી મેચ દરમિયાન જે રીતે બધાએ સરફરાઝ ખાનના વખાણ કર્યા તેનાથી સેહવાગ ખુશ નથી. સરફરાઝ ખાને જે રીતે ત્રીજી ટેસ્ટ મેચમાં ફિફ્ટી ફટકારી હતી. તે પછી બધાએ સોશિયલ મીડિયા પર તેની ઈનિંગના વખાણ કરતી પોસ્ટ શેર કરી અને સરફરાઝ ખાનની ઈનિંગના વખાણ કર્યા હતા. સેહવાગની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા એક યુઝરે લખ્યું, "તમે વધુ સારું કરી શકો છો. ઓછામાં ઓછું તમે એક એક્સ-પ્રોફેશનલ ક્રિકેટર જેવું વર્તન કરી શકો છો, ટ્રોલ નહીં, સર."

# 'આ બીજો ધોની છે...', ગાવસ્કરે આ યુવા ક્રિકેટરની તુલના કેપ્ટન કૂલ સાથે કરી

નવી દિલ્હી | તા.26

ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારતની પ્રથમ ઈનિંગ 307 રનમાં સમેટાઈ ગઈ હતી. ભારત માટે ધ્રુવ જુરેલે તેની પ્રથમ ફિફ્ટી ફટકારી હતી અને 90 રન બનાવીને આઉટ થયો હતો. જુરેલ ભલે સદી ચૂકી ગયો, પરંતુ તેણે મુશ્કેલ સમયમાં 90 રનની ઈનિંગ રમીને ચાહકોના દિલ જીતી લીધા. એટલું જ નહીં સુનીલ ગાવસ્કરે જુરેલની સરખામણી ધોની સાથે કરી છે. કોમેન્ટ્રી દરમિયાન જુરેલની બેટિંગ જોઈને ગાવસ્કરે જે કહ્યું તે સોશિયલ મીડિયા પર ચાહકોમાં ચર્ચાનો વિષય બની ગયો છે.ગાવસ્કરે જુરેલની બેટિંગ પર પ્રતિક્રિયા આપતા કોમેન્ટ્રી દરમિયાન કહ્યું હતું કે, 'ધ્રુવ જુરેલની માનસિકતા મને એવું વિચારવા માટે મજબૂર કરે છે કે તે બીજો ધોની છે.' જુરેલ ભારતીય ઈનિંગ દરમિયાન સાવધાની સાથે બેટિંગ કરતો જોવા મળ્યો હતો, તેની બેટિંગ જોઈને એવું લાગતું હતું કે તે



અંત સુધી બેટિંગ કરવા માંગતો હતો. જે ધોની હંમેશા પોતાની બેટિંગમાં કરતો હતો. જુરેલ વિશે ગાવસ્કરને આ વાત ગમી હતી અને તેણે આવું નિવેદન આપીને ચાહકોમાં હલચલ મચાવી દીધી છે. ગાવસ્કરે જુરેલ વિશે આગળ કહ્યું, "આજે તે સદી ચૂકી ગયો, પરંતુ તેની સમજને કારણે, આ યુવાન ભવિષ્યમાં ઘણી સદી ફટકારશે." જણાવી દઈએ કે જુરેલે તેની 90 રનની ઈનિંગમાં 149 બોલનો સામનો કર્યો જેમાં 6 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. જુરેલ અને કુલદીપે આઠમી વિકેટ માટે 76 રનની ભાગીદારી કરી હતી.

# આ શું થયું? કુલદીપ યાદવને બેન સ્ટોક્સે એવી રીતે બોલ્ડ કર્યો કે...

નવી દિલ્હી | તા.26

ભારતીય ટીમે રાંચીમાં રમાઈ રહેલી 5 મેચની શ્રેણીની ચોથી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે પોતાની પકડ મજબૂત કરી લીધી છે. ટીમ ઈન્ડિયાના આ પ્રદર્શનમાં કુલદીપ યાદવની મોટી ભૂમિકા છે. ભારતીય ટીમે રાંચીમાં રમાઈ રહેલી 5 મેચની શ્રેણીની ચોથી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે પોતાની પકડ મજબૂત કરી લીધી છે. ટીમ ઈન્ડિયાના આ પ્રદર્શનમાં કુલદીપ યાદવની મોટી ભૂમિકા છે. બીજી ઈનિંગમાં તેણે એવી રીતે બોલિંગ કરી કે તેણે ઈંગ્લેન્ડની ટીમની મોટી વિકેટો ઉખાડી નાખી. આ વિકેટોમાં ટીમના કેપ્ટન બેન સ્ટોક્સનું નામ પણ સામેલ હતું. કુલદીપે આ પ્લેયરને એવી રીતે બોલ્ડ કર્યો કે તે સમજી પણ ન શક્યો કે વિકેટ કેવી રીતે આઉટ થઈ ગયો. રાંચીમાં રમાઈ રહેલી શ્રેણીની ચોથી મેચના ત્રીજા દિવસે ભારતે ઈંગ્લેન્ડ સામે જોરદાર વાપસી કરી હતી. બીજા દિવસની રમતમાં ઈંગ્લેન્ડ 353 રનમાં ઓલઆઉટ થયા બાદ ભારતની બેટિંગ ખૂબ જ નબળી રહી હતી. ટીમ ઈન્ડિયાએ 171 રનના સ્કોર પર પોતાની 7 વિકેટ ગુમાવી દીધી હતી. ધ્રુવ જુરેલે નીચલા ક્રમના બેટ્સમેનો સાથે મળીને ટીમને 307 રન સુધી પહોંચાડી હતી. 90 રનની ઈનિંગ્સના કારણે ઈંગ્લેન્ડ ભારત પર માત્ર 46 રનની લીડ જાળવી શક્યું હતું. કુલદીપ યાદવે રાંચી ટેસ્ટની બીજી ઈનિંગમાં શાનદાર બોલિંગ કરી અને એક પછી એક ચાર વિકેટ લીધી. 60 રન પર રમી રહેલા ઓપનર જેસ ક્લીન બોલ પણ આ યાદીમાં સામેલ હતો. સૌથી અસરકારક વિકેટ કેપ્ટન બેન સ્ટોક્સની હતી, જેને તે સમજી શક્યો ન હતો. કુલદીપની સ્પિનથી તે ખરાબ રીતે ફટકો પડ્યો હતો.



# ટેસ્ટ ક્રિકેટમાં રોહિત શર્માના નામે વધુ એક સિદ્ધિ હાંસલ

રાંચી | તા.26

ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ મેચમાં બેટિંગ કરતા કેપ્ટન રોહિત શર્માએ નવી સિદ્ધિ મેળવી છે. તેણે આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં 4 હજાર રન પૂરા કર્યા. રોહિતે તેની ટેસ્ટ મેચની 100મી ઈનિંગમાં આ સિદ્ધિ મેળવી છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચનો રવિવારે ત્રીજો દિવસ હતો. આ મેચમાં ભારતને જીતવા માટે 192 રનનો ટાર્ગેટ મળ્યો છે. જેનો પીછો કરતાં ભારતીય ટીમે ત્રીજા દિવસની રમત પૂરી થતાં સુધીમાં 40 રન બનાવી લીધા છે. કેપ્ટન રોહિત શર્માએ વધુ એક કમાલ કરી છે. ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ મેચમાં બેટિંગ કરતા કેપ્ટન રોહિત શર્માએ નવી સિદ્ધિ મેળવી છે. બીજા દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધી રોહિત 24 રન બનાવીને ક્રિઝ પર રહ્યો હતો. આ દરમિયાન તેણે 21 રન પૂરા કરતાની સાથે જ એક નવી સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં 4 હજાર રન પૂરા કર્યા. રોહિતે તેની ટેસ્ટ મેચની 100મી ઈનિંગમાં આ સિદ્ધિ મેળવી છે. રોહિત શર્મા ટેસ્ટ ક્રિકેટમાં 4 હજાર રન બનાવનાર 17મો ભારતીય બેટ્સમેન બની ગયો છે. જ્યારે ટેસ્ટ ક્રિકેટમાં ભારત માટે સૌથી ઝડપી 4 હજાર રન બનાવવાનો રેકોર્ડ વીરેન્દ્ર સેહવાગના નામે છે.



# ડેબ્યૂમાં ઈંગ્લેન્ડ હંફાવનાર આકાશ દીપનો સંઘર્ષ જાણી ભાવુક થઈ જશો

રાંચી | તા.26

રાષ્ટ્રીય ટીમમાં રમવાની સફર આકાશ માટે આસાન રહી નથી. મૂળ બિહારના આ ખેલાડીએ પોતાના જીવનમાં સંઘર્ષનો અનેક સમય જોયો છે. ક્યારેક તે તેના પિતા અને ભાઈના મૃત્યુથી બરબાદ થઈ ગયો હતો તો ક્યારેક તેને આર્થિક તંગીના કારણે ક્રિકેટ છોડવી પડી હતી. બંગાળના ફાસ્ટ બોલર આકાશ દીપે ઈંગ્લેન્ડ સામે રાંચીમાં ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. આ 27 વર્ષીય ખેલાડીએ પાંચ ટેસ્ટ મેચની સીરિઝની ચોથી મેચમાં પ્રવેશતાની સાથે જ અજાયબી કરી નાખી. તેણે ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગમાં પ્રથમ ત્રણ વિકેટ લઈને હલચલ મચાવી દીધી હતી. આકાશને અનુભવી ઝડપી બોલર જસપ્રીત બુમરાહની જગ્યાએ રમવાની તક મળી. બુમરાહને આરામ



આપવામાં આવ્યો છે. આકાશે કેપ્ટન રોહિત શર્માના વિશ્વાસને સાચો સાબિત કર્યો અને યાદગાર પ્રદર્શન આપ્યું. રાષ્ટ્રીય ટીમમાં રમવાની સફર આકાશ માટે આસાન રહી નથી. મૂળ બિહારના આ ખેલાડીએ પોતાના જીવનમાં સંઘર્ષનો અનેક સમય જોયો છે. ક્યારેક તે તેના પિતા અને ભાઈના નિધનથી બરબાદ થઈ ગયો હતો તો ક્યારેક તેને આર્થિક તંગીના કારણે ક્રિકેટ છોડવી પડી હતી. આકાશના પિતા તેને સરકારી નોકરી કરતા જોવા માંગતા હતા. તેણે ઘણી પરીક્ષાઓ પણ આપી, પરંતુ ક્રિકેટ હંમેશા તેના મગજમાં રહેતું. મને અભ્યાસમાં એટલો રસ ન હતો. તે ક્રિકેટ માટે વધુ સમય ફાળવતો હતો. આકાશે ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે બાળપણમાં લોકો તેને ટોણા મારતા હતા. તેના મિત્રોના પરિવારના સભ્યો પણ તેના વિશે ખરાબ બોલતા હતા. તેમના બાળકોને તેમનાથી દૂર રહેવાની સલાહ આપતા હતા. ભારતીય ફાસ્ટ બોલરે કહ્યું કે લોકો કહેતા હતા કે આકાશથી દૂર રહો. તેની સંગતમાં રહીને તમે બગડી જશો. જોકે, આકાશ હવે કોઈની ટીકા કરતો નથી.તે જ સમયે, બે મહિના પછી તેના ભાઈએ પણ આ દુનિયા છોડી દીધી. આકાશના ઘરમાં પૈસા નહોતા. તેણે તેની માતાનું ધ્યાન રાખવું પડ્યું.

# ગ્લોબલ સમિટના બીજા દિવસે ઓસ્ટ્રેલિયાના પૂર્વ પીએમ ટોની એબોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા

લંડન | ગ્લોબલ સમિટના બીજા દિવસે ઓસ્ટ્રેલિયાના પૂર્વ પીએમ ટોની એબોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા. ટોની એબોર્ટે પોતાના સંબોધનમાં એક શાનદાર વાત કરી હતી. તેમણે પહેલાતો ફ્રીડમ હાઉસ અને બીજુ પશ્ચિમના સંસ્થાઓ દ્વારા ભારતને ઓછું લોકતાંત્રિક કહેવા પર નારાજગી વ્યક્ત કરી હતી અને પછી તેમણે કહ્યું કે શક્ય છે કે તેઓ આ કહે છે કારણ કે તેઓ વડા પ્રધાન મોદીને હિન્દુ રાષ્ટ્રવાદી તરીકે જુએ છે, પરંતુ હું માનું છું કે વડાપ્રધાન મોદી ભારતીય દેશભક્ત છે અને તેઓ હિન્દુત્વને ગંભીરતાથી લે છે. ટોની એબોર્ટે પશ્ચિમના થિંકટેક પર નિશાન સાધતા કહ્યું કે, ભારતના લોકતંત્રને સમજવું સરળ નથી. એબોર્ટે કહ્યું ભારત આવનારા સમયમાં સુપરપાવર બનશે. તેમાં કોઈ શંકા નથી. ભારત હંમેશા આ ગ્લોબલ સાઉથના નેતા રહ્યા છે અને ક્યારે પણ આક્રમક રહ્યા નથી.



## ન્યૂઝ ટ્રેક

### પેલેસ્ટિનિયન પ્રધાનમંત્રી મોહમ્મદ શતાયેહનું રાજીનામું

જેરુસલેમ | પેલેસ્ટાઈનના પ્રધાનમંત્રી મોહમ્મદ શતાયેહે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. સોમવારે 26 ફેબ્રુઆરીના રોજ શતાયેહે રાજીનામું જાહેર કરીને કહ્યું કે, 'હું મારું રાજીનામું રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસને સુપરત કરું છું.' શતાયેહે રાજીનામા પાછળનું કારણ પણ જણાવ્યું છે. તેમનું કહેવું છે કે ગાઝા પટ્ટીમાં ફેલાયેલી આક્રમકતા અને જેરુસલેમમાં તણાવને કારણે આ નિર્ણય લીધો છે. વેસ્ટ બેન્કના કેટલાંક ભાગો પર પેલેસ્ટાઈન સરકાર શાસન ચલાવે છે. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી અહી ઘણી હિંસા વધી ગઈ છે. ઉપરાંત ગાઝામાં યુદ્ધથી શતાયેહ ઘણા ચિંતિત છે. રાજીનામું આપતા શતાયેહે જણાવ્યું કે ગાઝામાં પેલેસ્ટિનિયન નાગરિકો ભૂખથી તડપી રહ્યા છે.

### દુનિયાની એકમાત્ર એવી હોટલ જ્યાં લોકો આવે છે પોતાનું અપમાન કરાવવા

લંડન | જો કોઈ રિસેપ્શનિસ્ટને કહે કે તેને પાણીની જરૂર છે. તો જવાબ મળ્યો 'જાઓ અને નળમાંથી પી લો. જ્યારે ગ્રાહક પૂછે છે કે નળના પાણીમાંથી ચા કેવી રીતે બનાવવી, તો જવાબ છે, તમારી કલ્પનાનો ઉપયોગ કરો. અહીં મામુલી સુવિધાઓ ઉપલબ્ધ નથી. તેમ છતાં લોકો પ્રતિ રાત્રિનું 20 હજાર રૂપિયા સુધીનું ભાડું ચૂકવે છે.લોકો ઘણીવાર શાંતિની શોધમાં હોટલોમાં જાય છે. પરંતુ શું તમે જાણો છો કે દુનિયામાં એક એવી હોટલ છે જ્યાં જઈને લોકો પોતાનું અપમાન કરાવે છે. તેમના પર બૂમો પાડવામાં આવે છે. અપશબ્દો કહેવામાં આવે છે અને આનાથી તેમને સારું પણ લાગે છે. આવી જ એક હોટલ બ્રિટનમાં છે. તેને વિશ્વની સૌથી વિચિત્ર હોટલ કહેવામાં આવે છે.

### અમેરિકાએ મોસ્કો પર લગાવ્યા 500થી વધારે નવા પ્રતિબંધ

વોશિંગ્ટન | આજે અમેરિકાએ પુતિનના સૌથી કટ્ટર વિપક્ષી નેતા અલેક્સી નવલનીની મોત માટે રશિયા વિરૂદ્ધ 500થી વધારે નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જે બાઈડેને કહ્યું કે યુક્રેનના બહાદુર લોકો પોતાની સ્વતંત્રતા અને ભવિષ્યની રક્ષા માટે દ્રઢ સંકલ્પની સાથે લડતા રહ્યા છે. રશિયા યુક્રેન યુદ્ધના આજે 2 વર્ષ પૂર્ણ થયા છે. 24 ફેબ્રુઆરી 2022એ આજના દિવસે બંને દેશની વચ્ચે જંગની શરૂઆત થઈ હતી, જે અત્યાર સુધી ચાલુ છે. રશિયા યુક્રેન યુદ્ધની બીજી વરસી પર અમેરિકાએ મોસ્કો સામે પ્રતિબંધોની જાહેરાત કરી. વ્હાઈટ હાઉસે નિવેદન જાહેર કરીને તેની જાહેરાત કરી છે. જણાવી દઈએ કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સાથે સૌથી મોટા આલોચક એલેક્સી નવેલનીના મોતના સમાચાર બાદ અમેરિકાએ નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે.

## ભાઈ બિલાવલની સીટ પરથી ચૂંટણી લડશે; બ્રિટનમાં ભણેલી આસિફા તેની અમ્મી જેવી જ દેખાય છે

# બેનઝીરની નાની પુત્રી આસિફા રાજકારણમાં ઝંપલાવશે



ઇસ્લામાબાદ | તા.26

ભાઈ બિલાવલ અને મોટી બહેન બખ્તાવરની જેમ આસિફા (તસવીરમાં)એ પણ બ્રિટનમાં શિક્ષણ મેળવ્યું હતું. તેમનો મોટા ભાગનો સમય પાકિસ્તાનની બહાર પસાર થાય છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની નાની પુત્રી આસિફા ભુટ્ટો હવે રાજકારણમાં પૂર્ણ રીતે મેદાનમાં ઉતરવા જઈ રહી છે. 'જિયો લાઈવ'ના રિપોર્ટ પ્રમાણે - નેશનલ એસેમ્બલીની પેટાચૂંટણીમાં આસિફા ભાઈ બિલાવલની શહદકોટ સીટથી ચૂંટણી લડવાની તૈયારીમાં છે.

બિલાવલે શહદકોટ સિવાય લરકાનાથી પણ ચૂંટણી લડી હતી. તેમણે બંને બેઠકો જીતી હતી. તેઓએ સીટ ખાલી કરવી પડશે. એવું માનવામાં આવે છે કે તેઓ લરકાના બેઠક જાળવી રાખશે અને શહદકોટથી બહેન આસિફાને ચૂંટણી લડાવીને રાજકારણમાં પ્રવેશ કરશે. આની જાહેરાત કોઈપણ સમયે થઈ શકે છે. આસિફાએ થોડા દિવસો પહેલાં આ તસવીર પોસ્ટ કરી હતી. આમાં તે માતા બેનઝીર ભુટ્ટોની તસવીર સામે સેલ્ફી લેતા દેખાય છે.

### આસિફા પાસે બે વિકલ્પ છે

રિપોર્ટ અનુસાર આસિફા પાસે સાંસદ બનવા માટે બે વિકલ્પ છે. ખરેખરમાં આસિફ અલી ઝરદારી રાષ્ટ્રપતિ બનશે તે નિશ્ચિત છે. જો આમ થાય તો શહદકોટ સિવાય આસિફા પાસે વિકલ્પ તરીકે નવાબશાહની બેઠક પણ છે. અત્યાર સુધી ઝરદારીએ અહીંથી ચૂંટણી જીતી છે. જ્યારે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી 8 ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણી પહેલા પ્રચાર કરી રહી હતી ત્યારે પાર્ટીએ નિર્ણય લીધો હતો કે જો કોઈ પાર્ટીને પૂર્ણ બહુમતી એટલે કે 134 સીટો નહીં મળે તો આવી સ્થિતિમાં પાર્ટી બિલાવલના પરિવારની મદદ લેશે.શું કોઈ ચહેરો લાવશે? ? ઝરદારીની મોટી દીકરી એટલે કે આસિફાની મોટી બહેન બખ્તાવર લગ્ન પછી દુબઈમાં સ્થાયી થઈ ગઈ છે. તેને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી. તેથી એવું માનવામાં આવે છે કે આસિફ અલીની વધતી ઉંમરને કારણે અને રાજકારણમાં તેની છેલ્લી ઈનિંગ પહેલા આસિફાને પણ રાજકીય પ્લેટફોર્મ આપવામાં આવે.

### ભવિષ્યમાં મરિયમ વિ. આસિફા

પાકિસ્તાની રાજનીતિમાં નવા ચહેરાઓ માટે આવનારા કેટલાક વર્ષો ખાસ હોઈ શકે છે. જો ઝરદારી પરિવાર તરફથી બિલાવલ બાદ આસિફાને મેદાનમાં ઉતારવાની તૈયારી છે તો બીજી તરફ નવાઝ શરીફના પરિવાર તરફથી મરિયમ પંજાબની મુખ્યમંત્રી બનવા જઈ રહી છે. આ સિવાય નવાઝના પુત્ર હમઝાએ પણ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. આ બે રાજકીય જૂથો સિવાય, ત્રીજો પક્ષ છે ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ એટલે કે પીટીઆઈ. ઈમરાન સિવાય તેમાં સ્પષ્ટપણે સેકન્ડ લાઈન લીડરશિપનો અભાવ છે. તેનું કારણ એ છે કે ઈમરાન જ પીટીઆઈ છે અને ઈમરાન પીટીઆઈની કરોડરજ્જુ છે. જો તેઓ ત્યાં નહીં હોય તો પક્ષનું અસ્તિત્વ જોખમમાં હોવાનું જણાય છે. પાકિસ્તાનની હાલની સામાન્ય ચૂંટણીમાં આસિફાએ અનેક રોડ શો કર્યા હતા. આ તસવીર લરકાનામાં રોડ શો દરમિયાનની છે. બિલાવલ આ બેઠક પરથી ઉમેદવાર હતા.

**ઈમરાન સામે કડક વલણ :** ત્રણ વર્ષ પહેલા એટલે કે 2021માં આસિફાએ ભાઈ બિલાવલ સાથે ઘણી રેલીઓ કરી હતી. ત્યારે ઈમરાન ખાન વડાપ્રધાન હતા. આસિફાએ એક રેલીમાં કહ્યું હતું - હવે સમય આવી ગયો છે જ્યારે દેશમાં સત્તામાં રહેલી પસંદ કરેલી સરકારને ઘરે મોકલી દેવી જોઈએ. અમે બધા ઈમરાનને ઈલેક્ટેડ નહીં, પણ સિલેક્ટેડ વડાપ્રધાન માનીએ છીએ. આસિફાએ વધુમાં કહ્યું- ઈસ્લામાબાદમાં બેઠેલી સરકાર ખોટા વહેમમાં છે કે તે વિપક્ષને દબાવી દેશે. અમે દરેક જુલમ સામે અવાજ ઉઠાવીશું. ઈમરાનને એક જ સંદેશ છે - તમારો સમય પૂરો થઈ ગયો છે. હવે તમારા બિસ્ત્રા-પોટલા બાંધી લો અને રવાના થઈ જાઓ. મારી માતાએ દેશ માટે બલિદાન આપ્યું છે.

# બ્રાઝિલના રસ્તા પર 7 લાખ લોકો ઊતર્યા

બ્રાઝિલિયા | તા.26

બ્રાઝિલના પૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોના 7 લાખથી વધુ સમર્થકો ફરી એકવાર રસ્તા પર ઊતરી આવ્યા છે. તેમણે બોલ્સોનારો સામે લાગેલા બળવાના પ્રયાસના આરોપોનો વિરોધ કર્યો. ચૂંટણી પ્રતિબંધનો પણ વિરોધ કર્યો. ભારતીય સમય અનુસાર, રવિવારે મોડીરાત્રે બોલ્સોનારોની જાન્યુઆરી 2023માં થયેલી હિંસા અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન તેમના પર ઓક્ટોબર 2022માં થયેલી ચૂંટણીમાં હાર બાદ તખતાપલટ કરવાનો પ્રયાસ કરવાનો



આરોપ લાગ્યો હતો. બોલ્સોનારોએ આ આરોપોને ફગાવી દીધા અને તેમને પાયાવિહોણા ગણાવ્યા. તેમણે કહ્યું- બળવો કેવી રીતે થાય? જ્યારે સૈન્ય ટેન્કો શેરીઓમાં મૂકવામાં આવે છે,એ લોકો પાસે શસ્ત્રો હોય છે. પરંતુ જાન્યુઆરી 2023માં આવું કંઈ બન્યું ન હતું. મેં બળવાનો પ્રયાસ કર્યો નથી. સૌપ્રથમ વિગતવાર સમજો કે તખતાપલટના શું આક્ષેપો કરવામાં આવ્યા છે... ઓક્ટોબર 2022માં બ્રાઝિલમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીઓમાં બોલ્સોનારો લગભગ 21 લાખ 39 હજાર મતોથી હારી ગયા અને લુઇઝ ઈનાસિયો લુલા દા સિલ્વા જીતી ગયા. લુલા દા સિલ્વાએ 1 જાન્યુઆરી 2023ના રોજ શપથ લીધા હતા. એક અઠવાડિયા પછી 8 જાન્યુઆરી, 2023 ના રોજ હજારો બોલ્સોનારો સમર્થકોએ પોલીસ બેરિકેડ તોડીને સંસદ, સુપ્રીમ કોર્ટ અને રાષ્ટ્રપતિ ભવનમાં પ્રવેશ કર્યો અને તોડફોડ કરી. આ પછી પોલીસે હંગામો મચાવનારા 400 લોકોની ધરપકડ કરી હતી. હકીકતમાં બે વર્ષ પહેલાં 6 જાન્યુઆરી 2021ના રોજ અમેરિકામાં પણ આવી જ હિંસા થઈ હતી. ચૂંટણી હારી ગયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકો કેપિટલ હિલ એટલે કે યુએસ સંસદમાં ઘૂસી ગયા હતા અને તોડફોડ કરી 2023ની છે. બોલ્સોનારોના હજારો સમર્થકોએ બ્રાઝિલમાં સરકારી ઈમારતો પર હુમલો કર્યો.

# માલદીવના પૂર્વ રક્ષા મંત્રીએ કહ્યું- ભારત હંમેશા અમારું મદદગાર રહ્યું છે

માલદીવ | તા.26

માલદીવના પૂર્વ રક્ષા મંત્રી મારિયા દીદીએ કહ્યું છે કે માલદીવ ભારતમાં અને ખાસ કરીને ત્યાંના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખોટા કારણોસર ચર્ચામાં છે. મીડિયા હાઉસ ફર્સ્ટપોસ્ટની ડિફેન્સ સમિટમાં મારિયાએ કહ્યું- અમે લોકો એવા નથી. અમને વિદેશીઓનું માલદીવ આવવાનું ગમે છે. અમે દરેકને માલદીવની મુલાકાત લેવા આમંત્રણ આપીએ છીએ. મારિયા 2018 થી 2023 સુધી મોહમ્મદ સોલિહની સરકાર દરમિયાન માલદીવના રક્ષા મંત્રી હતા. તેમણે કહ્યું- જળવાયુ પરિવર્તન માલદીવના અસ્તિત્વ માટે જોખમ છે. જ્યારે એશિયામાં સુનામી આવી ત્યારે અમારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે ભારત પહેલો દેશ હતો જે અમારી મદદ માટે આગળ આવ્યો હતો. આ સિવાય ભારતીય સેનાએ પણ હંમેશા અમારી મદદ કરી છે. આજે માલદીવમાં ચીનના જહાજો હાજર છે. અમે એવી પરિસ્થિતિમાં ફસવા માંગતા નથી કે જે અમને યુદ્ધમાં ધકેલી દે. લક્ષદ્વીપ પ્રવાસની આ તસવીર શેર કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે- પ્રાકૃતિક સુંદરતા ઉપરાંત લક્ષદ્વીપની શાંતિ પણ મનમોહક છે. લક્ષદ્વીપ પ્રવાસની આ તસવીર શેર કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે- પ્રાકૃતિક સુંદરતા ઉપરાંત લક્ષદ્વીપની શાંતિ પણ મનમોહક છે. મારિયાએ કહ્યું- અમારી પાર્ટી સતત સંબંધો સુધારી રહી છે પૂર્વ માટે પડોશી દેશો સાથે સ્થિરતા અને મિત્રતા જાળવી રાખવી મહત્વપૂર્ણ છે.

# નદીમાં 35 મીટર નીચે મેટ્રોમાં મળશે હાઈસ્પીડ ઈન્ટરનેટ

નવી દિલ્હી | તા.26

ભારતી એરટેલ, ભારતની અગ્રણી ટેલિકોમ સેવા પ્રદાતાઓમાંની એક, આજે મેટ્રો મુસાફરોને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે તેની અગ્રણી પહેલની જાહેરાત કરી છે.

કોલકાતા, 26 ફેબ્રુઆરી, 2024: ભારતી એરટેલ, ભારતની અગ્રણી ટેલિકોમ સેવા પ્રદાતાઓમાંની એક, આજે મેટ્રો મુસાફરોને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે તેની અગ્રણી પહેલની જાહેરાત કરી છે. હુગલી નદીમાં 35 મીટર નીચે ઉચ્ચ ક્ષમતાવાળા નોડ્સ ગોઠવી રહ્યાં છે. એરટેલે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કર્યું છે. સેવાના વાસ્તવિક વ્યવસાયિક પ્રારંભ પહેલાં, જે



ટૂંક સમયમાં અપેક્ષિત છે. આ કારણે એરટેલ પ્રથમ સ્થાને છે. ઓપરેટર સમગ્ર કોલકાતામાં પૂર્વ-પશ્ચિમમાં 4.8 કિમીના અંતર દ્વારા સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન અંતર ઉમેર્યું છે. ફાઈબર દ્વારા મેદાન, હાવડા સ્ટેશન, મહાકરણ અને એસ્પ્લેનેડ સ્ટેશન. દરેક પર ઉચ્ચ ક્ષમતા નોડ્સ આ સ્ટેશનો સીમલેસ કનેક્ટિવિટી માટે સ્થિત છે, જે મુસાફરોને આનંદપ્રદ રાઈડ પ્રદાન કરે છે.

# વિચારીએ છીએ તેના કરતાં પણ જીવન શ્રેષ્ઠ છે... વર્તમાન બાબતો-સંબંધોને નવા દૃષ્ટિકોણથી જુઓ

વૉશિંગ્ટન | તા.26

ઘણા લોકોએ વિચાર્યું હતું, તેના કરતાં ઘણું સારું જીવન જીવી રહ્યા છે. આપણી પાસે પ્રેમાળ પરિવાર, રહેવા માટે ઘર અને એક સારી નોકરી છે... એ ઉપરાંત, મોટા ભાગના લોકો સંતુષ્ટ નથી. આપણે આભારી નથી એવું નથી પરંતુ આપણા મસ્તિષ્કની આદત આપણને ઉપલબ્ધ બાબતોનો આનંદ લેવા દેતી નથી. આને હેબિચ્યુએશન કહેવાય છે. એમઆઈટીમાં કોગ્નિટિવ ન્યૂરોસાયન્સનાં પ્રોફેસર ટેલી શેરોટ કહે છે, જીવનને શ્રેષ્ઠ બનાવવાને બદલે અમે તેને શ્રેષ્ઠ રીતે જોવાનું પણ શીખવું પડશે. રણનીતિ... લાંબીને બદલે ટૂંકી મુસાફરી પસંદ કરો, પરિવર્તનની કલ્પના કરશો તો વર્તમાન બાબતોની કિંમત સમજાશે

ટૂંકા બ્રેક મદદરૂપ : હૉલિવૂડ અભિનેત્રી જુડી ફોસ્ટરે 6 મહિના સુધી વિવિધ લોકેશન પર શૂટ કર્યા પછી ઘરે પરત ફરવાનો અનુભવ કહ્યો હતો. તેના કહેવા પ્રમાણે ભલે હું સુંદર સ્થળોએથી પરત આવી છું પરંતુ અત્યારે લાગે છે કે આપણને જેની આદત પડી ગઈ હોય છે, એવી બાબતો માટે પણ વલખાં મારતાં હોઈએ છીએ. જેમ કે, ફરીથી જિમ જવું. 6 મહિના પહેલાં હું આ બધાથી ભાગતી હતી. ટેલી કહે છે, 'આસપાસની સ્થિર વસ્તુઓ જોઈને આપણે માની લઈએ છીએ કે એ ત્યાં જ રહેશે અને આગામી ટાસ્ક પર ફોકસ કરીએ છીએ. તેનાથી વર્તમાન વસ્તુઓનું મહત્ત્વ નથી આંકી શકતા. જો લાંબી મુસાફરીને બદલે એકથી વધુ નાના-નાના પ્રવાસ કરીએ તો એકરૂપતા તોડવા અને જીવનને નવા દૃષ્ટિકોણથી જોવામાં મદદ મળે છે.

મહત્ત્વ સમજો : હાર્વર્ડ પ્રોફેસર કૈસ સંસ્ટીન કહે છે કે રુટીનથી છૂટી ન શકીએ તો કલ્પનાથી વાતાવરણ બદલી શકાય છે. તમારી આંખ બંધ કરીને ઘર, પરિવાર અને નોકરી વિના જીવનની કલ્પના કરો. તેને વિઝ્યુઅલાઈઝ કરો તો એ નાનકડું કામ આસપાસની વસ્તુઓનું મહત્ત્વ સમજવામાં મદદ મળશે. સામાન્ય ફેરફાર પણ કારગત : નાનાં-નાનાં પરિવર્તનો મોટી અસર પાડી શકે છે. જેમ કે, સપનામાં કોઈ પ્રતિ વ્યક્તિ સાથે અપ્રિય ઘટના બનતી જોઈ તમે ડરી જાઓ છો પરંતુ જાગો ત્યારે તેને સુરક્ષિત જોઈને રાહત મળે છે. સપના પહેલાં આપણને ખબર હતી કે આપણી પાસે અમૂલ્ય વસ્તુ છે પરંતુ હવે એની અનુભૂતિ પણ છે. સમતુલા જાળવો : હેબિચ્યુએશન ખરાબ જ છે, એવું નથી.

# જયશંકર: અમારા પર કોઈ પોતાની મરજી થોપી ના શકે

વૉશિંગ્ટન | તા.26

આ ફૂટેજ રાયસીના ડાયલોગના બેનર હેઠળ ક્વાડ થિંક ટેન્ક ફોરમનું છે, જેમાં વિદેશ મંત્રી જયશંકર તેમના મંતવ્યો રજૂ કરતા જોવા મળે છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું- QUAD વિશ્વને 5 સંદેશ આપે છે. આમાંથી સૌથી મહત્વનો સંદેશ એ છે કે આજના યુગમાં કોઈ પણ વ્યક્તિ અમારી મરજી અને ઈચ્છાઓ પર વીટો ન લગાવી શકે. QUAD લાંબા સમય સુધી રહેવા માટે અહીં છે. આ સંસ્થા આગળ વધવાનું ચાલુ રાખશે અને વૈશ્વિક વિકાસમાં યોગદાન આપશે. દિલ્હીમાં રાયસિના ડાયલોગના બેનર હેઠળ QUADના થિંક ટેન્ક ફોરમમાં, વિદેશ મંત્રીએ કહ્યું - આસિયાન ઈન્ડો પેસિફિક સંબંધિત દરેક પહેલના કેન્દ્રમાં છે. QUAD શીત યુદ્ધ પછીની વિચારસરણીને પ્રોત્સાહન આપે છે. આ કેટલાક દેશોના એકપક્ષીય વર્ચસ્વની



વિરુદ્ધ છે. જયશંકર કહ્યુ- QUAD મુક્ત, ખુલ્લા અને સમાવેશી ઈન્ડો-પેસિફિકને પ્રોત્સાહન આપે છે. ચાર દેશોનું આ જૂથ બહુ-ધ્રુવીય પ્રણાલીના વિકાસનો પુરાવો છે. તે લોકશાહી અને સહકારી કાર્યની ભાવનાને પ્રોત્સાહન આપે છે. ઓસ્ટ્રેલિયન વિદેશ મંત્રી પેની વોંગ, જેઓ વિડિયો કોન્ફરન્સ દ્વારા કાર્યક્રમમાં જોડાયા હતા, તેમણે કહ્યું હતું કે QUAD એ એવા વિસ્તાર માટે વપરાય છે જ્યાં કોઈને ડરાવવામાં આવતો નથી. અહીં દરેક વિવાદનું સમાધાન આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ થાય છે. જાપાનના વિદેશ મંત્રી યોકો કામિકાવાએ એક વિડિયો સંદેશમાં કહ્યું - વિશ્વ હાલમાં મોટા પરિવર્તન અને વિભાજનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં મુક્ત અને ખુલ્લા આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાની જરૂર છે. QUAD આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તમને જણાવી દઈએ કે QUAD 2024 મીટિંગ નવી દિલ્હીમાં યોજાવા જઈ રહી છે. જો કે હજુ તારીખ જાહેર કરવામાં આવી નથી. ભારત માટે QUAD શા માટે મહત્વપૂર્ણ છે? એવું માનવામાં આવે છે કે QUAD વ્યૂહાત્મક રીતે ચીનના આર્થિક અને લશ્કરી ઉદયનો સામનો કરશે. તેથી આ જોડાણ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. નિષ્ણાતોનું માનવું છે કે ચીનનો ભારત સાથે લાંબા સમયથી સરહદી વિવાદ ચાલી રહ્યો છે. ચીન QUADને એશિયાનું નાટો કહે છે QUAD એટલે ચતુર્ભુજ સુરક્ષા સંવાદ. તેની રચના 2007માં થઈ હતી.

જો કે, તે પછી તે વધુ આગળ વધ્યું ન હતું. તેનું મુખ્ય કારણ ચીનનો QUADનો સખત વિરોધ હતો. ચીન QUAD ને એશિયાનું નાટો ગણાવે છે. આ કારણોસર ભારતે શરૂઆતમાં આ અંગે ખચકાટ દર્શાવ્યો હતો. ચીનના વિરોધને કારણે ઓસ્ટ્રેલિયા પણ 2010માં QUADમાંથી ખસી ગયું. જો કે, તે પછીથી ફરી તેમાં જોડાયું. 2017માં ભારત-યુએસ, ઓસ્ટ્રેલિયા અને જાપાને ચીનનો સામનો કરવા માટે આ ગઠબંધનને પુનર્જીવિત કર્યું.

# બ્રિટન-અમેરિકા સહિત 7 દેશોની યમનને ચેતાવણી

વોશિંગ્ટન | તા.26

અમેરિકા અને બ્રિટને ફરી એકવાર યમનમાં હુતી વિદ્રોહીઓના સ્થાનો પર હુમલો કર્યો છે. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, શનિવારે થયેલા હુમલામાં હુતીઓની 18 જગ્યાઓને નિશાન બનાવવામાં આવી છે. તેમાં અંડરગ્રાઉન્ડ વેપન, મિસાઈલ ફેસેલિટી, એર ડિફેન્સ સિસ્ટમ, હેલિકોપ્ટર અને રડાર સિસ્ટમ સામેલ હતા. અમેરિકા અને બ્રિટન દ્વારા હુતી પર આ ચોથો હુમલો હતો. આ હુમલામાં બંને દેશોને ઓસ્ટ્રેલિયા, બહેરીન, કેનેડા, ડેનમાર્ક, નેધરલેન્ડ અને ન્યુઝીલેન્ડનું સમર્થન પણ મળ્યું છે. યમનમાં 8 સ્થળોએ હુમલા કરવામાં આવ્યા હતા. યુએસ ડિફેન્સ મિનિસ્ટર લોયડ ઓસ્ટિને કહ્યું- હુમલાનો હેતુ ઈરાન સમર્થિત હુતી વિદ્રોહીઓની ક્ષમતાઓને નબળી કરવાનો હતો. હુતીઓના હુમલાને કારણે મધ્ય પૂર્વના દેશોની આર્થિક સ્થિતિ, પર્યાવરણ અને યમન જેવા દેશોમાં માનવતાવાદી સહાય પહોંચાડવામાં સૌથી મોટી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. અમે હુતીઓને કહેવા માંગીએ છીએ કે જો તેઓ હુમલા બંધ નહીં કરે તો તેમને પરિણામ ભોગવવા પડશે. હુતીએ કહ્યું - પેલેસ્ટિનિયનોના સમર્થનમાં હુમલો કરવાનું ચાલુ રાખશે તે જ સમયે, હુતીઓના મુખ્ય મીડિયા હાઉસ, અલ મસિરાહે કહ્યું કે અમેરિકા અને બ્રિટને યમનની રાજધાની સનામાં ઘણાં હુમલા કર્યા છે. તેઓ ગાઝામાં રહેતા પેલેસ્ટિનિયનોના સમર્થનમાં અમારા ચાલુ ઓપરેશનને રોકવા માગે છે. પરંતુ તેમનો ઉદ્દેશ્ય પૂર્ણ થશે નહીં.ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, યમનમાં થયેલા હુમલામાં યુએસ અને યુકેની સેનાની સાથે ઓસ્ટ્રેલિયા, બહેરીન, કેનેડા અને નેધરલેન્ડના દળો પણ સામેલ હતા. યમનમાં હુમલા યમનની ધમર શહેરો તેમજ હોદેદાહ પ્રાંતમાં વિમાનો, જહાજો અને સબમરીન દ્વારા કરવામાં આવ્યા હતા.

# અમેરિકનો લગ્ન અને કુટુંબનું મૂલ્ય સમજી રહ્યા છે, પરિણીત યુગલો પાસે 10%થી વધુ મિલકત



ન્યૂયોર્ક | તા.26

અમેરિકનો પણ હવે સમજી રહ્યા છે કે લગ્ન અને કુટુંબ જીવનનો અભિન્ન અંગ છે. તાજેતરના ગેલપ અને પ્યુ રિચર્સના સરવે દર્શાવે છે કે પરિણીત લોકો અપરિણીત કરતાં 545% વધારે ખુશ છે. અપરિણીત અને પૈસા કમાવવાને મહત્વ આપતી અમેરિકન સંસ્કૃતિ માટે આ સંદેશ ચોંકાવનારો છે. સામાજિક વિજ્ઞાની બ્રાડ વિલકોક્સે તેમના નવા પુસ્તકમાં આ પાઠ શીખવવાનો પ્રયાસ કર્યો છે કે લગ્ન એ અમેરિકન સુખ અને સમૃદ્ધિનું સૂત્ર છે, વાંચો... પુસ્તકનો બોધપાઠ.... લગ્નની પ્રથાને ટકાવી રાખવા માટે અમીરો, હોલીવુડ ફિલ્મોની વિચારધારાનો ત્યાગ કરો લગ્ન જરૂરી: સરવેના પરિણામો દર્શાવે છે કે યુગલો અવિવાહિત લોકો કરતાં 15% વધુ સુખી છે. પરિણીત યુગલો વધુ કમાય છે અને વધુ બચત કરે છે. તેથી 50 વર્ષની ઉંમરે તેમની પાસે અપરિણીત લોકો કરતાં 10 ગણી વધુ સંપત્તિ છે. પૈસા સાથે વધુ લગાવ : અમેરિકામાં છેલ્લા પાંચ દાયકામાં લગ્ન દરમાં 60%નો ઘટાડો થયો છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે ત્યાંની સંસ્કૃતિ પૈસાને મહત્વ આપતી રહી છે અને ઘર વસાવવાને નહીં. અમરો એકલા રહેવાને સફળ જીવનનું સૂત્ર માને છે. હોલીવુડની ફિલ્મો અને કોર્પોરેટ અમેરિકા પણ એવો સંદેશો આપી રહ્યા છે કે જે મહિલાઓને પરિવાર અને બાળકો નથી તેઓ અમીર બની રહી છે. આ કુટુંબ વિરોધી વિચારધારાએ લગ્નની પ્રથાને નબળી પાડી રહ્યા છે.પરિવારનું મહત્વ: એવું રૂઢિચુસ્તો) લગ્ન જાળવવામાં સફળ રહ્યા હતા. તેઓ ઉચ્ચ વર્ગની ખોટી વિચારધારાને સમર્થન આપતાં નથી. 'હું' કરતાં 'આપણે' ને વધુ મહત્વ આપી રહ્યા છે. સંયુક્ત ખાતામાં પૈસા રાખે છે.

### કોંગ્રેસે તાજેતરમાં આવકવેરા વિભાગ પર કેટલાક આક્ષેપો કર્યા

# શું રાજકીય પક્ષોએ આવકવેરો ભરવો પડે છે? કોંગ્રેસે IT વિભાગ પર શું આરોપ લગાવ્યા?




આવકવેરા વિભાગે રાજકીય પક્ષોને તેમના સંબંધિત બેંક ખાતામાંથી 65 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાનો નિર્દેશ

નવી દિલ્હી | કોંગ્રેસે તાજેતરમાં આરોપ લગાવ્યો હતો કે આવકવેરા વિભાગે બેંકોને કોંગ્રેસ, યુથ કોંગ્રેસ (IYC) અને નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના ખાતામાંથી રૂ. 65 કરોડથી વધુ ટ્રાન્સફર કરવાની સૂચના આપી હતી. કોંગ્રેસના કોષાધ્યક્ષ અજય માકનએ તેને "આર્થિક આતંકવાદ" ગણાવ્યો હતો અને કહ્યું હતું કે આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે પાર્ટી આર્થિક સંકટનો સામનો કરી રહી છે અને આવકવેરા એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ રૂ. 210 કરોડની કરની માંગ પેન્ડિંગ છે. આવકવેરા અધિનિયમ 1961 મુજબ, ચૂંટણી પંચમાં નોંધાયેલા રાજકીય પક્ષોને અમુક શરતો સાથે આવકવેરામાં છૂટ આપવામાં આવે છે. કાયદાની કલમ 13A કહે છે કે રાજકીય પક્ષોએ ઘરની મિલકત, અન્ય સ્ત્રોતોમાંથી આવક અથવા દાનમાં આપેલી આવક પર ટેક્સ ચૂકવવો પડશે નહીં. આ નાણાકીય વર્ષની કુલ આવકમાં ઉમેરવામાં આવશે નહીં. જો કે, શરત એ છે કે રાજકીય પક્ષે આ આવકની વિગતો જાળવી રાખવાની રહેશે અને તેને ઓડિટ માટે રજૂ કરવાની રહેશે. 20 હજાર રૂપિયાથી વધુના દાનનો રેકોર્ડ રાખવો જરૂરી છે. આ સિવાય રાજકીય પક્ષોએ રૂ. 2 હજારથી વધુનું કોઈપણ દાન રોકડમાં સ્વીકારવાનું નથી. આવકવેરામાંથી આ મુક્તિ ત્યારે જ લાગુ થશે જ્યારે પક્ષની અધિકૃત વ્યક્તિ અથવા ખજાનચી ચૂંટણી પંચ સમક્ષ દાનની વિગતો જાહેર કરશે. રાજકીય પક્ષે ફાઈલ કરવાની છેલ્લી તારીખ પહેલાં આ ઘોષણા કરવાની રહેશે.જો રાજકીય પક્ષની આવક કલમ 13A હેઠળ અપાયેલી મુક્તિ મર્યાદા કરતાં વધી જાય, તો રાજકીય પક્ષો માટે પણ આવકવેરા રિટર્ન ફાઈલ કરવું ફરજિયાત બની જાય છે. કલમ 139 (4B) જણાવે છે કે જો કોઈપણ પક્ષની કુલ આવક આવકવેરા મુક્તિ મર્યાદા કરતાં વધી જાય, તો પક્ષના CEO અથવા ટોચના અધિકારીએ નિયત ફોર્મ પર રિટર્ન ફાઈલ કરવું પડશે.

## સગર્ભાઓ 29 ફેબ્રુઆરીના દિવસે બાળકને જન્મ આપવા માગતી નથી

અયોધ્યા ખાતે 22 જાન્યુઆરીના ભગવાન રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા વખતે અનેક ગર્ભવતી મહિલાઓ બાળકને જન્મ આપીને તે ઐતિહાસિક ઘડીને યાદગાર બનાવી દેવા માગતી હતી. જેના કારણે અનેક ગર્ભવતી મહિલાઓએ તેમની સિઝેરિયનની તારીખમાં પણ ફેરફાર કરાવ્યો હતો. હવે એક જ મહિનામાં સ્થિતિ બદલાઈ છે. ગુજરાતમાંથી અનેક ગર્ભવતી મહિલાઓ હવે 29 ફેબ્રુઆરીના દર ચાર વર્ષે આવતો 'લીપ ડે' છે ત્યારે બાળકને જન્મ આપવા માગતી નથી. ગ્રેગોરીયન કેલેન્ડર પ્રમાણે વર્ષના 12 મહિનાઓ નક્કી કરવામાં આવ્યા છે. આ 12 મહિનામાં બીજા ક્રમે ફેબ્રુઆરી મહિનો આવે છે. ફેબ્રુઆરી મહિનાના 28 દિવસ હોય છે,પરંતુ દર ચાર વર્ષે આવતા લીપ વર્ષ દરમ્યાન 29 દિવસ હોય છે. જે વર્ષનો ચાર વડે નિઃશેષ ભાગાકાર કરી શકાય તે વર્ષને લીપ વર્ષ કહેવાય છે. 1 વર્ષના 365 દિવસ હોય છે, પરંતુ લીપ વર્ષમાં 1 વર્ષના 366 દિવસ હોય છે. આ વધારાનો દિવસ ફેબ્રુઆરી મહિનામાં આવે છે. આમ, 29 ફેબ્રુઆરીના જે બાળક જન્મે તેને એ જ તારીખે તેની વર્ષગાંઠ ઉજવવા માટે ચાર વર્ષની રાહ જોવી પડે છે. જેના કારણે અનેક જેમની ડ્યુ ડેટ નજીક છે તેવા અનેક માતા-પિતા તેમનું બાળક 29 ફેબ્રુઆરીના જન્મે નહીં તેમ ઈચ્છી રહ્યા છે. આ અંગે ગાયનેક્લોજીસ્ટ ડોક્ટરોએ જણાવ્યું કે, 'જેમની ડ્યુ ડેટ નજીક છે તે પૈકીની મોટાભાગની ગર્ભવતી મહિલાઓ 28 ફેબ્રુઆરી અથવા 1 માર્ચના જ બાળકને જન્મ આપવા પર પસંદગી ઉતારે છે.' એક ગાયનેકલોજીસ્ટે જણાવ્યું કે, 'મારી પાસે 10 દર્દીઓ એવા છે જેઓ આ સમયમાં બાળકને જન્મ આપવાના છે. આ પૈકી માત્ર 1 જ એવા દંપતિ છે જેમણે 29 જાન્યુઆરીના માતા-પિતા બનવા પર પસંદગી ઉતારી છે. બીજી તરફ આ અંગે ડો. ધવલ શાહે જણાવ્યું કે, 'અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા વખતે અનેક ગર્ભવતી મહિલાઓ 22 જાન્યુઆરીના માતાને જન્મ આપવા માગતી હતી.

### ન્યૂઝ કોર્નર

#### 'નટવરલાલ પ્રો મેક્સ', 1000 ગાડીઓ ચોરી કરનારા નકલી જજે 2000 ગુનેગારોને છોડી મૂક્યા

નવી દિલ્હી | ગુનાખોરીની દુનિયાના અનેક માસ્ટરમાઈન્ડ છે પરંતુ, ધનીરામ મિત્તલ જેવા નહીં. સુપર નટવરલાલના નામે ઓળખાતા ધનીરામ પાસે કાનૂની સ્નાતકની ડિગ્રી અને હસ્તલેખન વિશ્લેષણ અને ગ્રાફોલોજીમાં કૌશલ્ય હોવા છતાં તેણે ગુનાખોરીનો રસ્તો પસંદ કર્યો હતો. બનાવટી દસ્તાવેજોના આધારે 1968 થી 1974 વચ્ચે સ્ટેશન માસ્ટર તરીકે કામ કરનાર ધનીરામે હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીની આસપાસના શહેરોમાં સેડાનથી લઈને એસયુવી સુધીની 1,000થી વધુ ગાડીઓની ચોરી કરી હતી. ધનીરામ મિત્તલના સૌથી મોટા કારનામામાં ઝજ્જર કોર્ટમાં જજ બનવાનું ગતકડું સામેલ છે. આ માટે તેણે એડિશનલ સેશન્સ જજની ગેરહાજરીનો ફાયદો ઉઠાવ્યો હતો. આ જજને તેણે જ બનાવટી દસ્તાવેજોના આધારે રજા પર મોકલી દીધા હતાં. તેમની ગેરહાજરીમાં જજ બનેલા ધનીરામે બે મહિનાના ગાળા દરમિયાન 2,000થી વધુ ગુનેગારોને મુક્ત કર્યા હતાં.

#### કાશ્મીરી પંડિત મહિલા પ્રોફેસરને ભારતમાં પગ મૂકવા ન દેવાયો, એરપોર્ટથી બ્રિટન પાછા મોકલાયા

બેંગ્લુરુ : બ્રિટનની વેસ્ટમિન્સ્ટર યુનિવર્સિટીમાં ભારતીય મૂળના પ્રોફેસરની બેંગ્લુરુ એરપોર્ટ પર પહોંચતા જ અટકાયત કરવામાં આવી હતી અને ત્યારબાદ એરપોર્ટથી બ્રિટન પાછા મોકલી દેવામાં આવ્યા. પ્રોફેસરને કર્ણાટકની કોંગ્રેસ સરકારે એક કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. લંડનમાં રહેતા પ્રોફેસર નિતાશા કૌલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી દાવો કર્યો કે, બેંગલુરુ એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા તેમને કોઈ કારણ આપ્યા વિના અને ભારત સરકાર દ્વારા અગાઉથી કોઈ નોટિસ કે, સૂચના નથી મળી કે, તેમને દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં નહીં આવશે.કર્ણાટક સરકાર દ્વારા આ મામલે તાત્કાલિક કોઈ નિવેદન નથી આવ્યું. સરકારે 24 અને 25 ફેબ્રુઆરીએ બે દિવસીય 'બંધારણ અને રાષ્ટ્રીય એકતા સમ્મેલન-2024'નું આયોજન કર્યું હતું જેમાં કૌલને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. કૌલે કર્ણાટક સરકાર દ્વારા તેમને આપવામાં આવેલા આમંત્રણ અને અન્ય કોન્ફરન્સ-સંબંધિત પત્રોના ફોટા શેર કર્યા, જેમાં કહ્યું કે તેમને લોકશાહી અને બંધારણીય મૂલ્યો પર બોલવા માટે ભારતમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

## વિકલાંગોને સ્વનિર્ભર બનાવવા માટે સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાના અનોખા પ્રશિક્ષણ કેન્દ્રે 11 વર્ષની સફળ સફર પૂર્ણ કરી

મુંબઈ, 26 ફેબ્રુઆરી. વિકલાંગોને સ્વાભિમાન અને આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાતના અમદાવાદમાં સંસ્કૃતિ માનવ સેવા સંસ્થા દ્વારા વર્ષ 2013માં સ્થપાયેલ તાલીમ કેન્દ્રે તેની 11 વર્ષની સફળ યાત્રા પૂર્ણ કરી છે.

આ માહિતી આપતાં, સમાજના પ્રમાણમાં નબળા વર્ગોના કલ્યાણ માટે હંમેશા સમર્પિત સંસ્થા, સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાના સ્થાપક ડૉ. રિતુ સિંઘે જણાવ્યું હતું કે અમારી સંસ્થાનો ઉદ્દેશ્ય હંમેશાથી કોઈપણ વિકલાંગ વ્યક્તિને સક્ષમ બનાવવાનો રહ્યો છે. ખાસ કરીને અંધજનોને રોજીરોટી કમાવવા માટે જો કોઈ મુશ્કેલી આવી રહી હોય જેના કારણે તેમને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય તો તેમના જીવનને સાદું અને સુખી બનાવવા માટે યોગ્ય ઉપાય કરો. તેમણે કહ્યું કે શિક્ષણના અભાવે ગરીબીને કારણે ભીખ માંગવાની ખરાબ વૃત્તિઓ કેટલાક વિકલાંગોના સ્વભાવમાં આદત બનવા લાગે છે, જેને બદલવી ખૂબ જ જરૂરી છે, કારણ કે આવા લોકો પછી કોઈ પણ રીતે મહેનત કરવાનો પ્રયાસ કરતા નથી. સંસ્થાનો ઉદ્દેશ્ય હંમેશા આ લોકોની જીવનશૈલી અને વ્યક્તિત્વને



અસરકારક બનાવવાનો અને તેમને આત્મનિર્ભરતા અને સ્વાભિમાન સાથે જીવવાનું શીખવવાનો રહ્યો છે. આ ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા માટે, સંસ્થા તેમને રોજગારી તાલીમ આપે છે, ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રે, જેથી આ વિકલાંગ લોકો સારા કલાકારો બની શકે અને દરેક જગ્યાએ સન્માન મેળવી શકે. ડો.સિંઘે જણાવ્યું હતું કે, સંસ્થાના તાલીમ કેન્દ્રમાં અત્યાર સુધીમાં ગુજરાતના ત્રણ હજારથી વધુ અંધ ભાઈ-બહેનોને તાલીમ આપવામાં આવી છે અને આ પ્રક્રિયા સતત ચાલુ છે. આ અંધ લોકોના પ્રશિક્ષિત હાથો દ્વારા બનાવવામાં આવેલ કૃત્રિમ ફૂલોના ગુલદસ્તાના અદ્ભુત કલા પ્રદર્શનને વ્યાપકપણે વખાણવામાં આવે છે અને તેમના ચાહકોમાં વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ સહિત અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સમાવેશ થાય છે. ડૉ. સિંહે કહ્યું કે દેશના વિવિધ ભાગોમાં આયોજિત મોટા સમારોહમાં મહેમાનો અને કલાકારોને આવકારવા માટે આ ખાસ ગુલદસ્તો ખૂબ જ પસંદ કરવામાં આવે છે અને તેમની માંગ સતત વધી રહી છે.

તેમણે જણાવ્યું કે તાજેતરમાં રીવામાં શહીદોના પરિવારો માટે આયોજિત ભવ્ય સન્માન સમારોહમાં આ વિશેષ પુષ્પગુચ્છોની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. સંસ્થાના તમામ વિકલાંગ લોકોનું માનવું હતું કે દેશ માટે બલિદાન આપવા માટે તત્પર એવા આપણા દેશના યુવાન સૈનિકોના પરિવારજનોના સન્માન સમારોહમાં આપણી કલાકૃતિઓની સહભાગીતા આપણા માટે ખૂબ જ ગૌરવની વાત છે અને આપણી કળાને આગળ વધશે. ભવિષ્યમાં પણ ઉપયોગમાં લેવાશે.દેશના બહાદુર સપૂતોને હંમેશા સમર્પિત રહેશે.

## તાપી અને ડાંગના પદાધિકારીઓ ભાજપમાં જોડાશે તે સમાચાર તદ્દન પાયાવિહોણા છે: આપ

### તાપી અને ડાંગ જિલ્લામાંથી એક પણ આમ આદમી પાર્ટીનો સૈનિક ભાજપમાં જવાનો નથી: આપ

અમદાવાદ/તાપી/ડાંગ/ગુજરાત

આમ આદમી પાર્ટીના તાપી જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ ગામિતે એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજ રોજ બપોરે એક ન્યૂઝ એજન્સીની યુટ્યુબ ચેનલ પર એવા ખોટા ન્યૂઝ ચલાવવામાં આવ્યા કે, આમ આદમી પાર્ટીના તાપી જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ ગામીત, ડાંગના ઉમેદવાર સુનિલભાઈ ગામીત અને ડાંગના પ્રભારી સાગરભાઈ વસાવા ભાજપમાં જાય છે. આવા ખોટા ન્યૂઝ રાજકીય કિન્નખોરી રાખી ચલાવવામાં આવેલ છે.

હું તમામ આમ આદમી પાર્ટીના સૈનિકોને જણાવું છું કે, તાપી જિલ્લામાંથી એક પણ આમ આદમી પાર્ટીનો સૈનિક ભાજપમાં જવાનો નથી. આગામી લોકસભા ચૂંટણીને લઈને બીજેપી દ્વારા ખોટા ન્યૂઝ બનાવી જનતાને મૂર્ખ બનાવવાનું ષડયંત્ર રચવામાં આવેલ છે. આ ન્યૂઝ તદ્દન પાયાવિહોણા છે. માટે આવા કોઈ પણ સમાચાર કે મેસેજ જોઈને ભ્રમિત થવું નહીં.

## રાજસ્થાની મહિલા મંડળના મેડિકલ કેમ્પમાં 110 લોકોને જયપુરી પગ આપવામાં આવ્યા હતા



મુંબઈ, 26 ફેબ્રુઆરી. રાજસ્થાની મહિલા મંડળની તબીબી શાખા દ્વારા 20 થી 23 ફેબ્રુઆરી, 2024 દરમિયાન લોહાણા સમાજ, ખોપોલીના હોલમાં જયપુરી પગ રોપવા માટે ચાર દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ 141 જરૂરિયાતમંદ લોકોએ તબીબી પરામર્શનો લાભ લીધો હતો. આ અંગે માહિતી આપતા રાજસ્થાની મહિલા મંડળ અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ ડૉ.મંજુ લોઢાએ જણાવ્યું હતું કે આ શિબિરમાં 110 જરૂરિયાતમંદોને જયપુરી પગ આપવામાં આવ્યા હતા. આ સિવાય બાકીના લોકોને વ્હીલ ચેર અને સ્ટ્રેચર આપવામાં આવ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા ખોપોલી લાફ્ટર ક્લબના સ્થાપક બાબુભાઈ, લોહાણા હોલના શૈલેષભાઈ અને ટીનુભાઈએ શક્ય તેટલો સહયોગ આપ્યો હતો. લાફ્ટર ક્લબના તમામ સભ્યો ખાસ કરીને મહિલાઓએ 4 દિવસ સુધી સતત સાથ આપીને તેમનો સાથ આપ્યો. મહાવીર વિકલાંગ સમિતિના ડો.નારાયણ વ્યાસ તેમની ટીમ સાથે 4 દિવસ સુધી કેમ્પમાં ઉપસ્થિત રહી પોતાની મહત્વની સેવાઓ આપી હતી અને આ રીતે મેડિકલ કમિટીના કન્વીનર શોભા મોહતાનું વિઝન સાકાર થયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓમાં મંડળના પ્રમુખ અર્ચના ગુપ્તા, મંત્રી અનિતા શ્રિયા, ટ્રસ્ટી ઉર્મિલા રૂંગટા, ચંદ્રલેખા રૂંગટા, સરોજ કોઠારી, સીતા જાટીયા, લતા રૂંગટા, વંદના નેવટીયા, મુદિતા જાટીયા, નીતા પિટ્ટી, મૃદુલા પોદ્દાર, શીતલ ગુપ્તા અને યુ. રેવા અગ્રવાલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### મધ્યપ્રદેશમાં ઓરીના કારણે બે બાળકોના મોત, 17 લોકો સંક્રમિત, WHOએ આપ્યું એલર્ટ

નવી દિલ્હી | ઓરી (Measles)એક ચેપી રોગ છે, જે પેરામિક્સોવિરિડે નામના વિષાણુથી ફેલાય છે. રસીકરણ અને અન્ય અસરકારક પગલાંની મદદથી ભારતમાં ઓરીના બનાવોમાં છેલ્લા એક-બે દાયકામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જો કે કેટલાક કેસ સમયાંતરે નોંધાતા રહે છે. ત્યારે મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં ઓરીના કેસમાં વધારો થયો છે. મૈહર જિલ્લામાં ઓરીના કારણે બે બાળકોના મોત થયા છે, જ્યારે અન્ય 17 લોકો સંક્રમિત થયાના અહેવાલ છે. જિલ્લાના આરોગ્ય અધિકારીઓએ આ વધતા ચેપને લઈને દરેકને સતર્ક રહેવાની સલાહ આપી છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO)એ તાજેતરના અહેવાલમાં જણાવ્યું હતું કે વર્ષ 2022 માં, ભારતમાં અંદાજિત 11 લાખ બાળકોને ઓરીની રસીનો પ્રથમ ડોઝ મળ્યો નથી. જેના કારણે ભારત એવા દસ દેશોમાંનું એક બની ગયું. કોરોના દરમિયાન આરોગ્યની અસુવિધાઓમાં વધારો થવાને કારણે રસીકરણમાં મોટો તફાવત સર્જાયો છે,

### બસપાના સાંસદોમાં પક્ષપલટાની હોડ ? માયાવતીને આ નેતાઓ આપી શકે છે ફટકો

નવી દિલ્હી | લોકસભાની ચૂંટણી નજીકમાં છે. તેવામાં દરેક પક્ષ પોતાનું પ્રભૂત્વ વધારવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેવામં બસપાના સાંસદોમાં પક્ષમાંથી બહાર નીકળવાની હોડ જામી હોય તેમ લાગી રહ્યું છે. જો કે બે સાંસદોએ પક્ષપલટો કરી લીધો ત્યારે હવે અન્ય બે સાંસદો રાહુલ ગાંધીની ન્યાયયાત્રામાં જોવા મળતા પક્ષ પલટો કરી શકે તેવા સંકેત મળી રહ્યા છે.તો બીજી તરફ શ્યામ સિંહ યાદવની સપા-કોંગ્રેસ સાથેની નિકટતા ઘણી વધી ગઈ છે. ન્યાય યાત્રામાં સામેલ થઈને તેમણે BSPથી અલગ થવાનો પણ સંકેત આપ્યો છે. એવી ચર્ચા છે કે લાલગંજના સાંસદ સંગીતા આઝાદ પણ ભાજપમાં જોડાઈ શકે છે. બીએસપી સાંસદ મલુક નાગર આરએલડીના સંપર્કમાં હોવાનું કહેવાય છે. સહારનપુરના સાંસદ હાજી ફઝલુર રહેમાન પણ બસપામાં સારું નથી ચાલી રહ્યા. તેથી, બાકીના તમામ BSP સાંસદો પણ અન્ય પક્ષોમાં ભવિષ્ય શોધી રહ્યા છે. 2019ની ચૂંટણીમાં BSPના કુલ 10 સાંસદો જીત્યા હતા. 2024ની લોકસભા ચૂંટણી પહેલા તેમનો પક્ષથી મોહભંગ થવા લાગ્યો .

### કલકત્તા હાઇકોર્ટના ચુકાદાની સુપ્રીમે સુઓમોટોથી નોંધ લીધી

## ગુજરાતના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો 'રામભરોસે' ! 1249 જગ્યા ખાલી છતાં ડૉક્ટરો કેમ નથી મળતાં?

નવી દિલ્હી | એક તરફ, ગુજરાતમાં શાળાઓમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવનારાં શિક્ષકો જ નથી. બીજી તરફ, રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની પણ આ દશા છે કેમકે, અહીં દર્દીઓની સારવાર કરનારાં ડોક્ટરો નથી. સરકારી આંકડા જ કહે છેકે, ગુજરાતમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આજે 1249 ડોક્ટરોની જગ્યાઓ ખાલી પડી છે.

ઉંચા પગાર સહિતની સવલતોને પગલે ડોક્ટરોને સરકારી દવાખાના-હોસ્પિટલો કરતાં ખાનગી-કોર્પોરેટ હોસ્પિટલમાં નોકરી કરવામાં વધુ રસ છે. ખુદ સરકારે બોન્ડ વસૂલીને કડક સૂચના આપી હોવા છતાંય ડોક્ટરો ફરજ પર હાજર જ થતા નથી. લાખો રૂપિયા બોન્ડ આપવા તૈયાર છે પણ ડોક્ટરો ગામડાઓમાં સરકારી હોસ્પિટલમાં નોકરી કરવા ઈચ્છુક નથી. આ સંજોગોમાં એવા ગામડાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની દશા દયનીય થઈ છે.




વર્ષ 2022ની સ્થિતીએ ગુજરાતમાં ગ્રામિણ આરોગ્ય કેન્દ્રમાં 1376 ડોક્ટરોની જગ્યાઓ સામે માત્ર 127 ડોક્ટરોની જગ્યાઓ ભરાઈ છે.

જ્યારે 1249 ડોક્ટરોની જગ્યાઓ ખાલી પડી છે. આરોગ્ય વિભાગ પણ એ વાત કબૂલી રહ્યું છે કે, ગામડાઓમાં ડોક્ટરો નોકરી કરવા તૈયાર નથી. આ કારણોસર આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટરોની જગ્યાઓ ભરાતી નથી. વર્ષ 2005માં પ્રાથમિક-સામૂહિક આરોગ્ય કેન્દ્રનિસંખ્યા કુલ મળીને 7274 હતી તે વર્ષ 2022માં વધીને 9132 સુધી પહોંચી છે. સરકારે કોન્ટ્રાકટરોને બખ્ખાં કરાવીને આરોગ્ય કેન્દ્રો તો બાંધી દીધા પણ આજેય તેમાં પુરતો સ્ટાફ નથી પરિણામે ડોક્ટરો-સ્ટાફના અભાવે ગામડાના દર્દીઓને સારવાર મેળવવા નાછુટકે શહેરોમાં આવવુ પડે છે.

### મને મુક્કા-થપ્પડ મારે છે, મારી પત્નીથી બચાવી લો, સૂજેલા ચહેરા સાથે પતિએ નોંધાવી FIR

નવી દિલ્હી | એક મહિલાએ તેના પતિને ખૂબ ખરાબ રીતે માર્યો છે. મહિલાએ તેના પતિને મુક્કા મારવાના કારણે તેના ચહેરા પર સોજા આવી ગયો હતો. પતિ સૂજેલા ચહેરા સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યો અને તેની જલ્લાદ પત્ની વિરુદ્ધ લેખિતમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે શખસની હાલત જોઈ તેનું મેડિકલ ચેકઅપ કરાવ્યું. રિપોર્ટ પ્રમાણે એક શખસે તેની પત્ની વિરુદ્ધ મારપીટ અંગેનો કેસ નોંધાવ્યો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. જેમા જાણકારી પ્રમાણે પીડિતાને બે બાળકો પણ છે, જેની સામે તેની પત્ની તેની સાથે દુર્વ્યવહાર કરે છે. વિરોધ કરવામાં આવે તો ગાળો બોલે છે, આક્રમકતા બતાવે છે અને તેને મારપીટ પણ કરે છે. તમને જણાવી દઈએ કે આ ઘટના મધ્યપ્રદેશના ઈન્દોર શહેરની છે. પીડિતનું નામ સાવન છે અને તેની સાથે મારપીટ કરનારી પત્નીનું નામ અભિલાષા છે. એરોડ્રામ રોડ પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલ ફરિયાદમાં સાવને તેની પત્ની પર આરોપ લગાવ્યો છે કે અભિલાષાને તેનો લુક પસંદ નથી, એટલા માટે તેની સાથે તલાક લેવા માંગે છે.

### "હજારો ભારતીય સૈન્ય કર્મચારીઓ" વિશે કરવામાં આવેલા દાવા ખોટા

## મુઈજ્જુનું જુઠ્ઠાણું સામે લાવ્યાં માલદીવના નવા વિપક્ષી નેતા, ભારતીય સૈનિકો અંગેનો દાવો જુઠ્ઠો નીકળ્યો

નવી દિલ્હી | માલદીવના પૂર્વ વિદેશમંત્રી અને વિપક્ષના નવા નેતા અબ્દુલ્લા શાહિદે કહ્યું હતું કે પ્રમુખ મોહમ્મદ મુઈજ્જુ દ્વારા "હજારો ભારતીય સૈન્ય કર્મચારીઓ" વિશે કરવામાં આવેલા દાવા ખોટા છે. અમારા દેશમાં કોઈ સશસ્ત્ર વિદેશી સૈનિકો તૈનાત નથી. માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટીના નવા ચૂંટાયેલા પ્રમુખે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરતાં આ માહિતી આપી હતી.



અબ્દુલ્લા શાહિદે ટ્વિટ કરતાં લખ્યું કે "100 દિવસમાં આ વાત સ્પષ્ટ છે: "હજારો ભારતીય સૈન્ય કર્મચારીઓ" અંગે પ્રમુખ મુઈજ્જુનો દાવો તેમના જુઠ્ઠાણાનો જ એક ભાગ છે. વર્તમાન સરકાર તેના દાવાઓ અંગે કોઈ ચોક્કસ માહિતી આપી શકી જ નથી. અમારા દેશમાં કોઈ સશસ્ત્ર વિદેશી સૈનિકો તૈનાત નથી. સરકારના શાસનમાં પારદર્શકતા મહત્વની ભૂમિકા ભજવે છે અને સત્ય બહાર આવવું અત્યંત જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે માલદીવમાંથી ભારતીય સૈનિકોને હટાવવા એ મુઈજ્જુની પાર્ટીનું મુખ્ય અભિયાન હતું. હાલમાં ડોર્નિયર 228 મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને બે HAL ધ્રુવ હેલિકોપ્ટર સાથે લગભગ 70 ભારતીય સૈનિકો માલદીવમાં તૈનાત છે. કાર્યભાર સંભાળ્યાના બીજા દિવસે જ મુઈજ્જુએ સત્તાવાર રીતે ભારત સરકારને માલદીવમાંથી પોતાના સૈન્ય કર્મચારીઓને પાછા બોલાવી લેવા કહી દીધું હતું.

### નાસાએ ઇન્જેન્યુઇટી હેલિકોપ્ટર ઉડાડવાનો પ્રથમ સફળ પ્રયોગ કર્યો છે

# ઈસરો હવે 'માર્સ મિશન-2'માં મંગળના આકાશમાં રોટોકોપ્ટર ઉડાડવાનો પડકારરૂપ પ્રયોગ કરશે

નવી દિલ્હી | ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) હવે તેના ભાવિ માર્સ મિશન-2માં નવા અને આધુનિક ટેકનોલોજીના પ્રયોગો કરવાના તૈયારી કરી રહ્યું છે. ઈસરો માર્સ મિશન-2માં લેન્ડર, રોવર સાથે પહેલી જ વખત રોટોકોપ્ટર (હેલિકોપ્ટર)નો વિશિષ્ટ પ્રયોગ કરશે. ઈસરનાં સૂત્રોએ એવો સંકેત આપ્યો, છે કે અમે અમારા ભાવિ મંગળયાન-2 પ્રોજેક્ટમાં સૌર મંડળના રાતા ગ્રહની ધરતી પર આધુનિક ટેકનોલોજીવાળું રોટોકોપ્ટર (હેલિકોપ્ટર) અથવા તો ડ્રોન ઉડાડવાનો નવતર પ્રયોગ કરવા



આયોજન કરી રહ્યા છીએ. ભારતનું પ્રથમ માર્સ ઓર્બિટર મિશન(મંગળયાન-1) પાંચમી નવેમ્બર 2013માં રવાના થયું હતું. ત્યારબાદ મંગળયાન-2 અવકાશયાન 24મી સપ્ટેમ્બર 2014માં પહેલા જ પ્રયાસે મંગળની ભ્રમણકક્ષામાં સફળતાથી પ્રવેશ કર્યો હતો. આઠ વર્ષની ઉત્તમ કામગીરી બાદ એપ્રિલ 2022માં મંગળયાન-1 અવકાશયાનનો ઈસરો સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. અમેરિકાને અંતરિક્ષ સંશોધન સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશને (નાસા) મંગળ ગ્રહ પરઈન્જેન્યુઈટી હેલિકોપ્ટર ઉડાડવાનો સફળ પ્રયોગ કર્યો છે. નાસાએ 30મી જુલાઈ 2020માં મંગળ પર રવાના કરેલા તેના પર્સિવરન્સ રોવર સાથે ઈન્જેન્યુઈટી હેલિકોપ્ટર પણ ગોઠવ્યું હતું. ત્યારબાદ 19મી ફેબ્રુઆરીએ 2021માં પર્સિવરન્સ રોવર સૌર મંડળના લાલ ગ્રહના જેઝેરો ઉલ્કાકુંડ નજીક ઉતર્યું છે. પર્સિવરન્સ સાથે જોડાયેલા ઈન્જેન્યુઈટી હેલિકોપ્ટરે પૃથ્વી સિવાયના અન્ય કોઈ ગ્રહના વાતાવરણમાં હેલિકોપ્ટર ઉડાવવાનો અત્યંત મહત્ત્વાકાંક્ષી અને સફળ પ્રયોગ કર્યો છે.નાસાના ઈન્જેન્યુઈટી હેલિકોપ્ટરે ત્રણ વર્ષ દરમિયાન મંગળના વાતાવરણમાં 24મીટરી(72 ફૂટ)ની ઊંચાઈએ 72 વખત ઉડીને આ રાતા ગ્રહના વાતાવરણ વિશે ગહન સંશોધન અને અભ્યાસ કર્યો છે. હવે ઈસરો પણ મંગળ ગ્રહના વાતાવરણમાં નાસાના ઈન્જેન્યુઈટી હેલિકોપ્ટરમાં નાસાના ઈન્જેન્યુઈટી હેલિકોપ્ટર જેવું જ રોટોકોપ્ટર અથવા તો ડ્રોન ઉડાડવાનો મહત્તાકાંક્ષી પ્રયોગ કરવા આયોજન કરી રહ્યું છે. ઈસરોના સૂત્રોએ જોકે, એવા સંક્ત પણ આપ્યો છે કે, સૌર મંડળના રાતા ગ્રહના વાતાવરણમાં રોટોકોપ્ટર કે ડ્રોન ઉડાડવાની યજના હજી પ્રાથમિક તબ્બકામાં છે. અમે રોટોકોપ્ટર અથવા તો ડ્રોનની ડિઝાઈન સાથે તેમાં ટેમ્પરેચર સેન્સર, હ્યુમિડીટી સેન્સર, પ્રેશર સેન્ટર,વિન્ડ સ્પિડ સેન્સર, ઈલેક્ટ્રીક ફિલ્ડ સેન્સર, ટ્રેસ સ્પેસીસ એન્ડ ડસ્ટ સેન્સર વગેરે જેવા વૈત્રાનિક ઉપકરણો ગોઠવવા વિશે ટેકનિકલ આયોજન કરી રહ્યા છે.

### ઉત્તરપ્રદેશમાં મજૂરોને લઈ જતાં વધુ એક ટ્રેક્ટરનો બસ સાથે સર્જાયો અકસ્માત

નવી દિલ્હી | ઉત્તર પ્રદેશના જૌનપુરમાં બસ અને ટ્રેક્ટર ટ્રોલી વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં 6 મજૂરોનાં મોતના અહેવાલ મળ્યાં હતા, જ્યારે અન્ય 6 મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત સમયે ટ્રેક્ટર ટ્રોલીમાં 12 મજૂરો મુસાફરી કરી રહ્યા હતા. આ ઘટના રવિવારે મોડી રાત્રે 11.15 કલાકે બની હતી. રોડવેઝની બસ પ્રયાગરાજથી જૌનપુર તરફ આવી રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત સિકરારા પોલીસ સ્ટેશન વિસ્તારના સમાધગંજ પાસે થયો હતો. તમામ મજૂરો ઘરનું કાસ્ટિંગ કરીને પરત ફરી રહ્યા હતા.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

ડ્યુટ્ઝ મેક એન્જિન મોડલનું ઓવરહોલીંગ

**સીડબલ્યુએમની ઓફિસ (સીપીઓએચ અને ઈડબલ્યુએસ) એડીઆઈ ઈ-ટેન્ડર નોટીસ નં. 09 2023-24 તારીખઃ 23.02.2024 કાર્યનું નામઃ** ઓવરહોલિંગ 01 નં. ડ્યુટ્ઝ મેક એન્જિન મોડલ BF12 L 513 Cનું ટ્રેકના પીઓએચ દરમિયાન સીપીઓએચ એડીઆઈ ખાતે બીસીએમ મશીનમાં ફીટ કરવામાં આવશે. **એનઆઈટીની અંદાજિત પડતર :** ₹41,05,980.38/- **અર્નેસ્ટ પડતર ₹ :** ₹82,200.00/- **ટેન્ડર બંધ થવાની તારીખ :** 22/03/2024 ના 11.00 કલાક. નહીં. **ટેન્ડર ખુલવાની તારીખ :** 22/03/2024 ના 11.15 કલાકે. **આઈઆરઈપીએસ પર ટેન્ડર અપલોડ કરવાની તારીખઃ** 22.02.2024 285

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

ઈ-ઓકશન સેલ પ્રોગ્રામ મટીરીયલ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ માટે શુદ્ધિપત્ર

માર્ચ - 2024માં પ્રતાપનગર ડેપો ખાતે 09/03/2024ના રોજ યોજાનાર ઈ-ઓક્શન સેલ પ્રોગ્રામને ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યો છે અને તે 07/03/2024 ના રોજ યોજાનાર છે. અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. કૃપા કરીને પશ્ચિમ રેલવેની વેબસાઈટ મટીરીયલ મેનેજમેન્ટ આ.ઈ.ની મુલાકાત લો. વધુ માહિતી માટે www.wr.indianrailways.gov.in તેમજ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલ પર પણ ઉપલબ્ધ છે. (SIII/ઓક્શન પ્રોગ્રામ-II/ માર્ચ - 2024 તા. 23/02/2024) 1215

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| ESCORTS KUBOTA-FT42 | 2023 | UN REGISTER |
| MAHINDRA –275 DI | 2022 | UN REGISTER |

IN " AS IS WHERE IS CONDITION"
**CONTACT: - SUNDARAM FINANCE LTD.**
**NO. 212 & 214, B WING, WESTBANK**
**AHMEDABAD-380009 GUJARAT**
WITHIN 7 DAYS PH: 26588214/26581762/26580292

## ગેસ્ટહાઉસ બહાર નકલી પોલીસે યુવક પાસેથી 50 હજાર પડાવ્યા

નરોડામાં એક યુવક ગેસ્ટ હાઉસમાંથી બહાર નીકળીને ઓફિસે જતો હતો, ત્યારે મેમ્કો પાસે 4 જણે પોતે પોલીસની ઓળખ આપી તેને રોકી, ખોટા કામ કરવા બદલ તારા ઘેર જાણ કરવી પડશે. તેમ કહી યુવકને ડરાવી-ધમકાવી-લાફો મારી તેની પાસેથી રૂ.1.69 લાખની માગણી કરતાં યુવકે એટીએમમાંથી રૂ.50 હજાર રૂપિયા ઉપાડી તેમને આપ્યા હતા. ચાંદલોડિયામાં રહેતો પ્રદીપ ભાટિયા ગત 18 ફેબ્રુઆરીએ નરોડાના ગગન ગેસ્ટ હાઉસમાંથી નીકળ્યો ત્યારે મેમ્કો ચાર રસ્તા પાસે બે બાઇક પર આવેલા 4 જણાંએ પોલીસ તરીકે ઓળખ આપી કહ્યું કે, ગેસ્ટ હાઉસમાંથી ખોટું કામ કરીને ક્યાં જાવ છો? ગાળો બોલવા લાગ્ય અને માર માર્યો હતો.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 27 FEBRUARY-2024

AHMEDABAD


## રાંધેજા ફાટક પાસે સામાન્ય મુદ્દે બે કારચાલકો વચ્ચે મારામારી

રાંધેજા રેલવે ફાટક પાસે બે કાર ચાલકો સામાન્ય બાબતે બાખડી પડ્યા હતા. આગળ જતી કાર ચાલકે બ્રેક મારતા અકસ્માત ટાળવા માટે પાછળની કાર ચાલકે બ્રેક મારી હતી. જેથી પાછળ આવતી અન્ય કાર ચાલકે આગળની કારના ચાલકે ગાડી જોઈને ચલાવવાનુ કહેતા મામલો બિચક્યો હતો અને મારામારી ઉપર આવી ગયો હતો. જેમાં બંને કાર ચાલકોએ મારમારી કરતા સામ સામે 6 લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ મન ઈશ્વરભાઈ પટેલ (રહે, અંબાપુર) અભ્યાસ કરે છે.



### ગાંધીનગર લોકસભા બેઠક માટે

# ભાજપમાં સર્વસંમતિથી લોકોએ અમિત શાહનું નામ સૂચવ્યું



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

લોકસભાની ચૂંટણી માટેનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. જેના માટે ગુજરાત ભાજપે સેન્સ લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ માટે રાજ્યની મહત્વની અને દેશના ગૃહમંત્રી અમિત શાહ જે બેઠક પરથી ચૂંટણી જીતીને આવ્યા છે તેવી લોકસભાની ગાંધીનગર બેઠક પર સેન્સ લેવાની પ્રક્રિયા શરૂ થઈ છે. જેમાં ગાંધીનગર લોકસભા બેઠક માટેની સેન્સ પ્રક્રિયા શરૂ થશે.

આ માટે કાર્યકરોથી લઈ સૌ કોઈ પણ એક જ નામ સાથે આગળ વધી રહ્યા છે. જેમાં અમિત શાહને જંગી મતે જીતાડવા માટે કાર્યકર્તાઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે. આ માટે સર્વ સંમતિથી ભાજપના તમામ હોદ્દેદારોએ અમિત શાહ ના નામની રજુઆત કરી છે. જ્યાં ભાજપ તરફથી નિરીક્ષક હર્ષ સંઘવી,વર્ષા દોશી અને સનમ પટેલ ની હાજરીમાં સેન્સ લેવામાં આવશે. આ માટે ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતી વિધાનસભાઓ અને વોર્ડના હોદ્દેદારો પહોંચવાની શરૂઆત કરી છે. તેમજ ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતી જિલ્લા પંચાયતના પ્રમુખ અને હોદ્દેદારો પહોંચ્યા છે.

આ તરફ કાર્યકર્તાઓ અમિત શાહના નામને લઈને અત્યારથી જ થનગનાટ જોવા મળી રહ્યો છે. જેમાં મહિલા મોરચાના સભ્યો પણ બેઠકમાં પહોંચ્યા હતા.

જેમાં અમિત શાહ એક પણ દિવસ વિસ્તારમાં નહીં આવે તો પણ જીતાડવા માટે તમામ કાર્યકરોએ સહમતી દર્શાવી છે. જેમાં 10 લાખથી વધુ મત થઈ જીતશે તેનો સંકલ્પ લીધો છે.

### લોકસભા ઉમેદવાર માટે 20થી વધુ લોકોએ આપ્યા બાયોડેટા

# રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મહેસાણા લોકસભા બેઠક માટે માગી ટિકિટ

■ **નીતિનભાઈના પર્સનલ પી.એ બાયોડેટા સાથે હાજર થયા**



અમદાવાદ | તા.26

લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ એક્શનમાં. ગુજરાતની 26 બેઠકો માટે આજે અને આવતીકાલે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં લોકસભા દીઠ સેન્સ પ્રક્રિયામાં નિરીક્ષકો ઈચ્છુકોને સાંભળશે. આ વચ્ચે મહેસાણા લોકસભા માટે ભાજપની સેન્સ પ્રક્રિયા શરૂ થઈ છે. જેમાં સૌથી વધુ ચર્ચા થઈ રહેલા એવા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે લોકસભા મહેસાણા બેઠક માટે ટિકિટ માંગી છે. જેના માટે નીતિનભાઈના પર્સનલ પી.એ બાયોડેટા સાથે સેન્સ પ્રક્રિયામાં હાજર રહ્યા હતા.

વડાપ્રધાન મોદીના ગુજરાત પ્રવાસ બાદ ભાજપમાં સેન્સની પ્રક્રિયા શરૂ થઈ છે. જેના માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં યાદી મોકલવામાં આવશે. બુધવારે ગાંધીનગરમાં પ્રદેશ પાર્લામેન્ટ્રીની બેઠક મળશે. 29મીએ ભાજપની રાષ્ટ્રીય પર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે.

આ તરફ મહેસાણા લોકસભા બેઠક પરથી ઉમેદવાર માટે 20થી વધુ લોકોએ બાયોડેટા આપ્યા છે. આ દરમિયાન રજનીભાઈ પટેલે પણ લોકસભા માટે ટિકિટ માંગી છે. જેમાં હાલમાંજિલ્લા પંચાયતના પ્રમુખ તૃષાબેન પટેલે પણ આપ્યો બાયોડેટા આ દરમિયાન 132 હોદ્દેદારો સાથે નિરીક્ષકો ચર્ચા કરશે. જેમાં 20 કરતા વધુ લોકોએ બાયોડેટા આપ્યા છે. આ માટે ભાજપે નિરીક્ષક કુંવરજી બાવળિયા, જયંતીભાઈ કાવડીયા, જહાનવી વ્યાસને મોકલ્યા છે.

એક લોકસભા દીઠ કાઉન્સિલર, શહેર સંગઠનના મોરચાના પ્રમુખ અને મહામંત્રી અને ધારાસભ્યો સેન્સ પ્રક્રિયામાં ભાગ લઈ રહ્યા છે. શહેરના હોદ્દેદારો પણ સેન્સ પ્રક્રિયામાં જોડાશે. સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં યાદી મોકલવામાં આવશે. બુધવારે ગાંધીનગરમાં પ્રદેશ પાર્લામેન્ટ્રીની બેઠક મળશે. 29મીએ ભાજપની રાષ્ટ્રીય બોર્ડની બેઠક મળશે.

# આજે આપણો આદિવાસી વિસ્તાર ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યો છે: વસાવા



અમદાવાદ/ભરૂચ/ગુજરાત

આમ આદમી પાર્ટીએ જોરશોરથી લોકસભા ચૂંટણીનો પ્રચાર શરૂ કરી દીધો છે. હાલ ભરૂચ લોકસભામાં આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને ભરૂચ લોકસભાના ઉમેદવાર ચૈતરભાઈ વસાવાની સ્વભિમાન યાત્રા ચાલી રહી છે. 22 ફેબ્રુઆરીથી શરૂ થયેલ સ્વાભિમાન યાત્રા 21 દિવસમાં ભરૂચ લોકસભામાં સામેલ તમામ સાત વિધાનસભાઓમાં ભ્રમણ કરશે અને ગામેગામ ફરીને લોકસભા ચૂંટણીનો પ્રચાર કરશે. અત્યાર સુધી સ્વાભિમાની યાત્રા ઝઘડિયા, નેત્રંગ, વાલીયા અને અંકલેશ્વર હાસોટ તાલુકામાંથી પસાર થઈ ચૂકી છે. તમામ સ્થળે સ્વાભિમાન યાત્રાને લોકો તરફથી ખૂબ જ સકારાત્મક આવકાર મળ્યો છે અને લોકોએ ચૈતરભાઈ વસાવાને સમર્થન પણ આપ્યું છે. સ્વાભિમાન યાત્રામાં આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ , તાલુકા અને જિલ્લાના સ્થાનિક પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકો જોડાયા હતા.

ભરૂચ લોકસભાના ઉમેદવાર ચૈતરભાઈ વસાવાએ ઠેર ઠેર લોકો સાથે મુલાકાત કરી હતી અને અલગ અલગ મુદ્દાઓ પર ચર્ચા પણ કરી હતી. આ દરમિયાન ચૈતરભાઈ વસાવાએ લોકો સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના અને આદિવાસી વિસ્તારના વિકાસ માટે સરકાર પોતાના બજેટમાં કરોડો રૂપિયાની ફાળવણી તો કરી દે છે, પરંતુ આ રૂપિયા લોકો સુધી પહોંચતા નથી. આજે આપણો વિસ્તાર ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યો છે, પરંતુ સરકાર આ ભ્રષ્ટાચારને ખતમ કરવા કોઈપણ પગલાં લેતી નથી. આદિવાસી વિસ્તારમાં નકલી સરકારી કચેરીઓ ખોલીને ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે અને વર્ષોથી ચાલતા આ ભ્રષ્ટાચાર સામે સરકારે આંખ આડા કાન કરી નાખ્યા છે. નકલી કચેરી સિવાય બીજા ઘણા મુદ્દે અમે સરકાર સમક્ષ અનેકવાર રજૂઆતો કરી છે, તેમ છતાં પણ સરકાર આપણી કોઈ વાત સાંભળવા માટે તૈયાર નથી.

## શહેરમાં 3 હજાર ભયજનક સરકારી આવાસ તોડી પડાશે

અમદાવાદ | કર્મચારીઓ માટે ફાળવવામાં આવતાં સરકારી આવાસોને લઈને છેલ્લા કેટલાંક વર્ષોથી દરેક વિભાગના કર્મચારીઓમાં આવાસ ફાળવણી અને ભયજનક આવાસોનો મુદ્દો સતત ચર્ચાતો જોવાં મળ્યો છે, કર્મચારીઓ માટે પાટનગર યોજના વિભાગ દ્વારા 5 દશકથી પણ વધારે સમય પહેલાં આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. યોજના વિભાગ દ્વારા બનાવવામાં આવેલાં કુલ 13213 આવાસોમાંથી 6207 આવાસતો ભયજનક કેટેગરીમાં સમાવવામાં આવ્યાં છે. ત્યારે તેને જમીનદોસ્ત કરવા તંત્ર છેલ્લા કેટલાંક વર્ષથી કામગીરી હાથ ધરી છે.

### રાજ્યના ગૃહ વિભાગે ચોંકાવનારા આંકડાઓ જાહેર કર્યાં

# ગુજરાતમાં છેલ્લા 3 વર્ષમાં 25 હજાર લોકોએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું

ગાંધીનગર | તા.26

રાજ્યમાં આપઘાતના બનાવો સતત વધી રહ્યાં છે. મહિલાઓમાં પારિવારિક કારણોને કારણે આપઘાતના બનાવો વધ્યાં તો વિદ્યાર્થીઓ પણ હવે તેમાંથી બાકાત નથી રહ્યાં. ચાલુ વિધાનસભાના સત્રમાં રાજ્યના ગૃહ વિભાગે ચોંકાવનારા આંકડાઓ જાહેર કર્યાં છે. આ આંકડાઓમાં વિદ્યાર્થીઓ કયા કારણોસર આપઘાત કર્યાં છે તેની પણ માહિતી આપવામાં આવી છે. રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં 25,478 વ્યક્તિઓએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હોવાનો ખુલાસો કર્યો છે.

કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ના પ્રશ્ન પર સરકારે ગૃહમાં જવાબ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં 25,478 વ્યક્તિઓએ આપઘાત કર્યો હોવાની વિગતો સામે આવી છે. વર્ષ 2020-21 માં 8,307 લોકોએ આપઘાત કર્યો હતો. જ્યારે વર્ષ 2021-22 માં 8,614 લોકોએ આપઘાત કર્યો હતો. આપઘાતના કિસ્સાઓમાં પોલીસે 1901 લોકોની ધરપકડ કરી, જ્યારે 180 પોલીસ પકડથી દૂર છે. આપઘાતના વિવિધ કારણો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત અશાંતિ તેમજ અસલામતીનું રાજ્ય બનતું જઈ રહ્યું છે. વ્યાજખોરોના ત્રાસથી ઘણા લોકોએ આપઘાત કર્યો હોવાના અનેક કિસ્સાઓ બની રહ્યા છે, તો હત્યા, લૂંટ તેમજ બળાત્કાર જેવી ઘટનાઓ પણ સતત વધી રહી છે. આ સિવાય માનસિક બીમારી, પ્રેમ પ્રકરણ, ગંભીર બીમારી, પારિવારિક સમસ્યાઓ, આર્થિક સંકડામણ અને પરીક્ષામાં નાપાસ થવાના ડર સહિત કારણોને આપઘાત કાર્યો હોવાની વિગતો સામે આવી છે. અતારાંકિત પ્રશ્નોત્તરીમાં વિગતો જાહેર કરાઈ છે.

# રાજકોટનાં 12 રેલવે સ્ટે.નું નવીનીકરણ, વડાપ્રધાન મોદીએ કર્યું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

દેશમાં રેલવે મુસાફરોને વિશ્વ કક્ષાની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા 551 જેટલા રેલવે સ્ટેશન અને 1500 રોડ-ઓવરબ્રિજ સહિત અંડરપાસનું આજે PM મોદીનાં હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં રાજકોટ ડિવિઝનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેને લઈને રાજકોટ રેલવે સ્ટેશન ખાતે PM મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ડિવિઝનનાં 12 રેલવે સ્ટેશનનું રૂ.181 કરોડના ખર્ચે નવીનીકરણ કરવા સાથે 11 રોડ, ઓવરબ્રિજ, અંડરપાસનો શિલાન્યાસ અને 9 રોડ, અંડરપાસના કામોનું લોકાર્પણ કરાયું હતું. આ કામો પૂર્ણ થતાં મુસાફરોને આધુનિક સુવિધા મળશે.



આ તકે સાંસદ મોહન કુંડારીયાએ જણાવ્યું કે, રાજકોટ ડિવિઝનનાં 12 રેલવે સ્ટેશનોનાં નવીનીકરણ માટે કુલ રૂ.181 કરોડ ફાળવવા માટે રેલવેમંત્રી અને કેન્દ્ર સરકારનો આભારી છું. રાજકોટમાં વર્તમાન રેલવે સ્ટેશનની સામેની બાજુએ આશરે રૂ.50 કરોડના ખર્ચે નવું રેલવે સ્ટેશન બનશે. જેનાથી બંને તરફથી લોકો રેલવે સ્ટેશનમાં આવી શકશે. આ સાથે આજે લોકર્પિત, ખાતમુહૂર્ત થનારા રેલવેના વિવિધ પ્રકલ્પોથી રેલવે મુસાફરોને વધુ સગવડ અને સુવિધા પ્રાપ્ત થશે.

રાજ્યસભાના સાંસદ રામ મોકરીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન મોદીના હસ્તે દેશને છેલ્લા દશ દિવસમાં 1 લાખ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ મળી છે.

## અમદાવાદ RTOમાં 334માંથી 127 જગ્યા ખાલી, સૌથી વધુ જુ. ક્લાર્કની

અમદાવાદની આરટીઓમાં કુલ મંજૂર મહેકમ 334 છે, જેમાંથી 127 જગ્યા ખાલી છે. કચેરીમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ 1, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ 2, મોટર વાહન પ્રોસિક્યુટર વર્ગ 2 સહિતના જુદા જુદા 22 વિભાગ છે. સૌથી વધુ 30 જગ્યા જુનિયર ક્લાર્ક વર્ગ 3ની છે. આ સિવાય સિનિયર ક્લાર્ક વર્ગ-3ની 17, સહાયક મોટર વાહન નિરીક્ષક વર્ગ-3ની 14 જગ્યા ખાલી છે. આરટીઓમાં આવતા હજારો લોકોને પૂરતો સ્ટાફ ન હોવાના કારણે પોતાના કામ માટે કલાકો માટે લાઇનમાં ઊભા રહેવું પડે છે.

# પોલીસકર્મીઓની દાદાગીરી હોય તો સીધી કરી શકાશે ફરિયાદ

અમદાવાદ | તા.26

રાજ્યમાં પોલીસ સામે ફરિયાદોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેના મામલે હવે પોલીસકર્મીઓ સામેની હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે. આ માટે રાજ્ય સરકાર તરફથી હાઈકોર્ટમાં જણાવ્યું કે, પોલીસ સામેની ફરિયાદ માટે 14449 હેલ્પ લાઈન નંબર કાર્યરત થયો છે. જેના દ્વારા પોલીસ અધિકારીઓ વિરુદ્ધ સીધી ફરિયાદ થઈ શકશે.

આ અંગે આજે સરકાર તરફથી આજથી પોલીસ હેલ્પ લાઇન નંબર શરૂ થયો છે. અગાઉની સુનાવણીમાં પોલીસ સામે ફરિયાદ કરવા માટે સરકારે 14449 નંબર સરકારે જણાવ્યો હતો. જે હવે એક્ટિવેટ થઈ ચૂક્યો છે. પોલીસ સામે ફરિયાદ કરતા જ ડાયરેક્ટ DG કંટ્રોલરૂમમાં ફોન જશે. જેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જ્યાંથી જે-તે શહેરના પોલીસ કમિશનર અથવા જે-તે જિલ્લાના SPને ઈ-મેઈલ દ્વારા ફરિયાદ મોકલવામાં આવશે.

આ ઉપરાંત કોર્ટમાં સરકારે જણાવ્યું કે, તોડ કરનાર આરોપીઓ સામે પગલાંની વાત છે તો તેમના વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી છે અને શિસ્ત સંબંધી પગલાં લેવાયા છે. જ્યારે રાજ્યમાં ભ્રષ્ટાચાર નિવારણ માટે એન્ટી કરપ્શન બ્યુરોની હેલ્પલાઈન 1064 અને મહિલાઓની મદદ માટે વુમન હેલ્પલાઈન 1091 પણ જાણીતા છે.

# કાર્યવાહી:ભયજનક ડ્રાઈવિંગ બદલ 2 માસમાં 297 લાઈસન્સ રદ કરાયા

અમદાવાદ | તા.26

શહેરમાં છેલ્લા 2 મહિનામાં ભયજનક રીતે વાહન ચલાવવું, અકસ્માત કરી રાહદારીનું મોત નિપજાવવું, હેલમેટ ન પહેરવી કે સીટબેલ્ટ ન બાંધવા જેવા ગુનામાં 297 લોકો સામે કેસ નોંધી તેમના લાઈસન્સ રદ કરાયા છે. આ સિવાય 25 કેસ અન્ય જિલ્લા કે રાજ્યમાં ટ્રાન્સફર કરાયા છે.ટ્રાફિકના નિયમોનું પાલન નહીં કરતાં લોકો સામે આરટીઓ પણ કાર્યવાહી કરતી હોય છે. કસૂરવાર વાહનચાલકો સામે કેસ કરી અમુક ચોક્કસ સમયમર્યાદા માટે લાઈસન્સ રદ કરવામાં આવતું હોય છે. આરટીઓના સૂત્રોના જણાવ્યા અનુસાર જાન્યુઆરીમાં ટ્રાફિકના નિયમોના ભંગ બદલ 311




કેસ નોંધવામાં આવ્યા હતા, તેમાંથી 20 કેસ અન્ય જિલ્લા કે રાજ્યમાં ટ્રાન્સફર કરાયા હતા અને 291 લોકોનું લાઈસન્સ 6 મહિના માટે રદ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરીમાં અત્યાર સુધી 11 લોકો સામે કેસ નોંધવામાં આવ્યા છે અને 6 લોકોના લાઈસન્સ રદ કરાયા છે. જ્યારે 5 કેસ અન્ય જિલ્લા કે રાજ્યમાં ટ્રાન્સફર કરાયા છે.

ટ્રાફિકના નિયમોના ભંગ બદલ થયેલી કાર્યવાહીના આ આંકડામાં ટ્રાફિક પોલીસે કરેલી કાર્યવાહીનો સમાવેશ થતો નથી. નિયમ ભંગ બદલ આરટીઓ વિભાગ પણ કેસ નોંધી પગલાં લેતું હોય છે.

### પૂર્વ પ્રેમી દગાનો બદલો લેવા પ્રેમિકાના બાળકને ઉઠાવી ગયો હતો

# દીકરાને શોધવા માતાની હાઈકોર્ટમાં હેબિઅસ, 8 વર્ષ પછી ભાળ મળી

અમદાવાદ | તા.26

હાઈકોર્ટમાં એક ચોંકાવનારો હેબિઅસ કોર્પસનો કિસ્સો નોંધાયો છે. પ્રેમિકાએ કરેલા દગાનો બદલો લેવા દીકરાને સાધુ બનાવવાના પ્લાન પર પોલીસે ભાંડો ફોડ્યો છે. ખોવાયેલા દીકરાને શોધવા માતાએ હાઈકોર્ટમાં હેબિઅસ કોપર્સ કરી હતી. હાઇકોર્ટના આદેશ બાદ પોલીસે અઢી વર્ષ પછી દીકરાને શોધી કાઢયો હતો.પોલીસે આપેલી માહિતી મુજબ દીકરો સાધુઓ સાથે મળી આવ્યો હતો.તે સમયે દીકરો 8 વર્ષનો હતો. જે સાધુ પાસે દીકરો હતો તેને કોર્ટમાં રજૂ કરતા તેણે સમગ્ર ઘટનાક્રમ વિશે કબૂલાત કરી હતી. કચ્છની 23 વર્ષની યુવતી પ્રેમી સાથે લગ્ન કરવાનું વચન આપ્યા પછી મામાના ઘરે જતી રહી હતી. લાંબા સમય સુધી પરત નહીં આવતાં પ્રેમીએ શોધ કરી અને જાણવા મળ્યું કે, તેના લગ્ન થઈ ગયા છે. પ્રેમિકાએ પુત્રને જન્મ આપ્યા પછી પ્રેમી તેના પુત્રને ઉઠાવી ગયો હતો. બદલો લેવાની ભાવનાથી આ બાળકને સાધુ બનાવવાનું નક્કી કર્યું હતું. પ્રેમી જૂનાગઢમાં સાધુઓ સાથે ફરતો હતો પરંતુ અન્ય સાધુઓએ બાળકને સાથે રાખવાની ના પાડતા તે જુદો રહેતો હતો. માતાએ પુત્રને શોધવા પોલીસ, રેલવે સ્ટેશન, ગૃહ વિભાગ સુધી અરજીઓ કરી પણ જવાબ ન મળતાં હાઈકોર્ટમાં હેબિઅસ કરી હતી.

### સરકારને સ્વીકારાયેલી માગોનો અમલ કરવા અપીલ

# સરકારી કર્મચારીઓની પડતર પ્રશ્નો સંદર્ભે 6ઠ્ઠી માર્ચે પેનડાઉન સ્ટ્રાઇક

અમદાવાદ | તા.26

સરકારના કર્મચારીઓએ જૂની પેન્શન સ્કીમ લાગુ કરવાની તથા ફિક્સ પગારે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ભરતી કરવાની પ્રથા બંધ કરવાની માગણીઓના સંદર્ભમાં ગત શુક્રવારે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે વિશાળ સંખ્યામાં ધરણાં- પ્રદર્શન યોજ્યાં બાદ ચોથી માર્ચ સુધીમાં પડતર પ્રશ્નોનું નિરાકરણ ના આવે તો 6ઠ્ઠી માર્ચે રાજ્યભરમાં પેનડાઉન સ્ટ્રાઈક યોજવાની ગુજરાત રાજ્ય સંયુક્ત મોરચાએ તથા ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે જાહેરાત કરી છે અને આ આંદોલન અંગે સંલગ્ન તમામ મંડળો-મહામંડળો અને મહાસંઘોને જાણ કરી છે. સરકારી કર્મચારીઓની માગણીઓમાં જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવાની તથા ફિક્સ પગારની યોજના તમામ વિભાગોમાંથી મૂળ અસરથી દૂર




કરી પૂરા પગારથી ભરતી કરવાની યોજના લાગુ કરવાની માગ ઉપરાંત તા.1-4-2005 પહેલાં ભરતી થયેલાં કર્મચારીઓને જીપીએફનો લાભ આપવાની, સીપીએફમાં કર્મચારીઓના 10 ટકા સામે સરકારે 14 ટકા ફાળો ઉમેરવાની, કેન્દ્રના ધોરણે સાતમા પગારપંચના ટીએ-ડીએ, એલટીસી, ચાર્જ એલાઉન્સ, વતન પ્રવાસ સહિત બાકી ભથ્થાં ચૂકવવાની તેમજ કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થાંનો દર 25 ટકા થાય ત્યારે ઘરભાડું 9 ટકા-18 ટકા અને 27 ટકા તેમજ મોંઘવારી ભથ્થાંનો દર 50 ટકા થાય ત્યારે ઘરભાડું 10 ટકા-20 ટકા અને 30 ટકાના દરે ચૂકવવાની માગણીઓ સામેલ છે. કર્મચારીઓના યુનિયનોએ અગાઉ વાટાઘાટો થયા મુજબ પડતર માગણીઓનો અમલ સત્વરે કરવાની રાજ્ય સરકારને અપીલ પણ કરી છે.

# દેવડથલમાં બુલડોઝર કામ કરવા લઇ જવા બાબતે મશીનના લાઇટ અને કાચ તોડી નાંખ્યા

### માલિકે ત્રણેય શખસ વિરૂદ્ધ નળસરોવર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

અમદાવાદ | તા.26

બાવળા તાલુકાના દેવડથલ ગામમાં બુલડોઝરનો ચાલક મશીનને લઈને ખેતરે બાવળ કાઢવા જતો હતો. તે વખતે ગામનાં 3 શખસે પાસે આવીને કહ્યું કે અત્યારે જ જેસીબી લઈ ગામના નાળાંનું કામ કરવા આવવાનું છે. આમ કહેતાં ચાલકે ના પાડતાં તેને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. ચાલકે ગાળો બોલવાની ના પાડતા ધોકા લઈને જેસીબી ઉપર ચડીને કેબીનના કાચ અને લાઈટો તોડી નાંખીને મશીનને નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બુલડોઝરના માલિકે નળ સરોવર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. સાણંદ તાલુકાના ઝાંપ ગામમાં આવેલા વાંટાવાસમાં રહેતાં શાંતિભાઈ મનજીભાઈ કોળી પટેલે નળસરોવર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના જેસીબીમાં ડ્રાઈવર તરીકે જશુભાઈ રમેશભાઈ નોકરી કરે છે. જેસીબીના ડ્રાઈવર જશુભાઈ જેસીબી લઈને બાવળા તાલુકાના દેવડથલ ગામની સીમમાં બેટી નામે ઓળખાતાં ખેતરે બાવળ કાઢવા માટે જતો હતો. દરમિયાન દેવડથલ ગામની સીમમાં ધુડા પઢારની માળ પાસે પહોંચતાં દેવડથળ ગામના મેલાભાઈ લખુભાઈ, સદામભાઈ અને પ્રકાશભાઈ દિલુભાઈ ડાભીએ આવીને કહ્યું હતું કે અમારે અમારા ગામના નાળાંનું કામ કરાવવુ છે. તો તું અત્યારે જ જેસીબી લઈ ત્યાં આવ. જેથી ચાલકે જણાવ્યું હતું કે મારે મારા શેઠ શાંતિભાઈને પૂછવુ પડે, જો તે હા પાડે તો જ હું જેસીબી લઈ ત્યાં આવુ. તેમ કહેતાં તે શખસોએ જણાવ્યું હતું કે તારે કોઈને પૂછવાની જરૂર નથી તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. ચાલકે ગાળો બોલવાની ના પાડતાં ત્રણેય શખસે હાથમાં ધોકાઓ લઈ જેસીબી ઉપર ચડી કેબીનના કાચ તોડી, લાઈટો ફોડી નાંખી હતી. અને જેસીબી ઉપર ધોકાના ઘા મારી નુકસાન કરીને ચાલકને મારવા દોડી આવ્યા હતા.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...